
# શ્રીવલ્લભ પ્રતિ પાછા વળીએ !

## Turn Back Towards Shree Vallabh....




- ડૉ. જયેન્દ્ર સોની

# શ્રી વલ્લભ પ્રતિ પાછા વળીએ !




આલેખક

**ડૉ. જયેન્દ્ર સોની**

એમ.એ., એડ.ડીપ્લોમા–વલ્લભ વેદાંત, એમ.એ. (ફીલોસોફી) પીએચ.ડી.



પ્રકાશક

**શ્રીવલ્લભ પ્રકાશન**

વલ્લભાશ્રય, ૧૦ બાલાસિનોર સોસાયટી,

ફાયર સ્ટેશન સામે, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ) મુંબઈ–૪૦૦ ૦૬૭.

ફોન : ૦૨૨–૨૮૦૧૪૫૧૮, મો. ૯૧–૯૮૬૯૨૬૪૬૬૮

Email : jayendra@abcfinechem.com. Website : www.pushtichetna.com

# શ્રી વલ્લભ પ્રતિ પાછા વળીએ !


આલેખક : ડૉ. જયેન્દ્ર સોની
(એમ.એ., એડ. ડીપ્લોમા-વ.વેદાંત, પીએચ.ડી.)
મો. : +૯૧-૯૮૬૯૨૬૪૬૬૮



પ્રકાશક : શ્રીવલ્લભ પ્રકાશન
(શ્રીમતિ કલાવતી ફાઉન્ડેશન ટ્રસ્ટ, મુંબઈ)

પ્રકાશન સહયોગ : ૩૦/-

પ્રાપ્તિસ્થાન : 'વલ્લભાશ્રય'
૧૦, બાલાસિનોર સોસાયટી,
ફાયર સ્ટેશન સામે, એસ. વી. રોડ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭.
ફોન : ૦૨૨-૨૮૦૧૪૫૧૮,
મો. : +૯૧-૯૮૬૯૨૬૪૬૬૮
Email : jayendra@abcfinechem.com

મુદ્રક : ખુશી મલ્ટી પ્રિન્ટ્સ.
એ/૬૦૮, જોયોસ હબટાઉન,
એસ.ટી. બસ ટર્મિનલ પાસે,
ગીતા મંદિર ચાર રસ્તા, અમદાવાદ.
ફોન : ૦૯૨૨૭૫૦૪૫૫૫

# શ્રી વલ્લભ પ્રતિ પાછા વળીએ !

કેટલાક સમય પહેલા પુષ્ટિ સંપ્રદાયના પરમ વિદુષી નિ.લી. પૂ.પા.ગો. શ્રી ઈન્દિરા બેટીજી મહોદયાના વચનામૃતનું મથાળુ સમાચાર પત્રમાં વાંચેલું- **''ઘણી કથાઓ, ઘણા પ્રવચનો કરીને આત્મચિંતન કરતાં લાગે છે કે ધીસ ઈઝ રોંગ વે''**. (જન્મભૂમિ, મુંબઈ તા. ૬-૧૧-૨૦૧૨)

સાચેજ! કેટલું યથાર્થ ચિંતન છે! આજે આવું ચિંતન સર્વે વલ્લભીયજનો (**બિંદુ સૃષ્ટિ** અને **નાદ સૃષ્ટિ** બન્ને) એ કરવું આવશ્યક છે. તેમણે તે લેખમાં જ લખેલું હતું- **''ખરેખર અર્થમાં શું આપણે પુષ્ટિમાર્ગના ફોલોઅર્સ છીએ? આર વી ફોલોઈંગ પુષ્ટિમાર્ગ ઓર સમથીંગ એલ્સ? જવું છે ઉત્તરમાં અને દોડી રહ્યા છીએ દક્ષિણમાં. માર્ગ એજ સાચો હોય જે મંઝીલ સુધી પહોંચાડી શકે...''**

બસ, આજ વાત મારે કહેવી છે.

આપણે કોઈ ગંતવ્ય સ્થાને પહોંચવું છે. મુંબઈમાં 'ચર્ચગેટ' જવા અંધેરી સ્ટેશનેથી કોઈકે બતાવેલ ગાડીમાં આપણે ચઢી બેઠા. ગાડીમાં બેઠેલા અન્ય સહયાત્રીથી ખબર પડી કે આ તો હાર્બર લાઈનની ગાડી છે. તે 'ચેમ્બુર' જશે, ચર્ચગેટ નહીં. સમય રહેતા સાચું જ્ઞાન થયું, એટલે બાંદરા સ્ટેશને ઉતરી જઈ યોગ્ય ગાડી પકડીએ તો સાચી મંઝીલે પહોંચી શકાય. સમયસર જો ન ચેતીએ તો ભટકતાં રહીએ. જેમની મંઝીલ જુદી છે, અન્યત્ર જવું છે, તેમની વાત અલગ છે. તેઓ ભલે તે જ ગાડીમાં

મુસાફરી કરે ! આપણે એમ વિચારીએ કે આટલા બધા લોકો આ ગાડીમાં બેઠા છે, તો ! આવી જ વાત પુષ્ટિમાર્ગની છે. આટલા બધા વૈષ્ણવો તો તેને અનુસરી રહ્યા છે ! પણ શું તેઓ સાચે જ શ્રી મહાપ્રભુજીને અનુસરી રહ્યા છે ? ક્યારેય આપણે વિચારીએ છીએ ?

આપણે જરા શાંતિથી વિચારવું જોઈએ કે આપણું ગંતવ્ય શું છે ? **''ભગવાનેવ ફલમ્''** આપણા ગુરુ શ્રી મહાપ્રભુજીનો ઉપદેશ છે. તદર્થ શું આપણે તેમણે બતાવેલ પુષ્ટિમાર્ગે જઈ રહ્યા છીએ ? આપણે કદાચ 'પુષ્ટિમાર્ગ' સમજીને કોઈ ભળતા માર્ગે તો ચાલી નથી રહ્યા ?

આજના પુષ્ટિમાર્ગના પ્રાકટ્ય દિવસે આપણા અંતરને ટટોળિયે ! સાચો રાહ જાણીએ અને તે રાહ બદલવા મક્કમતાપૂર્વક પ્રયત્ન કરીએ. અન્યથા 'ચર્ચગેટ'ને બદલે 'ચેમ્બુર' પહોંચી જઈશું ભટકતા રહીશું ! આપણે જન્મારો નકામો જશે ! સુજ્ઞજનો, સાચા અર્થમાં **પુષ્ટિજીવો** સૌ વિચારે !

ઉપરોક્ત મુંબઈની ટ્રેનની મુસાફરીના દૃષ્ટાંતમાં આપણે જોયું કે જેઓ 'ચર્ચગેટ' જવા ખોટી ગાડીમાં બેસી ગયેલ હોઈ, પોતાની ભૂલ સમજાતાં સમયસર બાંદરા સ્ટેશને ઉતરીને બીજી સાચી ગાડી પકડી લે, તો પોતાના યોગ્ય ગંતવ્ય સ્થાને પહોંચી શકે છે. જેઓ તે ગાડીમાં બેસી રહેલા હોય છે, તેમનું પણ ચોક્કસ લક્ષ હોય છે, તેથી તેઓ પણ પોતાના જે તે ગંતવ્ય સ્થાને પહોંચી જશે. પરંતુ તેમાં બેઠેલા કેટલાક એવા મુસાફરો પણ હોઈ શકે કે જેમને ખબર જ નથી કે ક્યાં જવું છે ? તેઓ તો માત્ર અનેક લોકોને ટ્રેનમાં બેઠેલા જોયા, એટલે પોતે પણ તેમાં ચઢી બેઠા હોય છે ! તેમને ખબર જ ન હોય કે કયા સ્ટેશને ઉતરવાનું. (આવું મંદ બુદ્ધિવાળા મુસાફરો માટે કલ્પી શકાય !)

આવી જ કાંઈક સ્થિતી આજે પુષ્ટિમાર્ગની છે. પૂ. બેટિજી મહોદયાશ્રીએ ઉક્ત લેખમાં લખેલું- **''લોકો એક ઘેટાની પાછળ બીજું**

**જાય, બીજાની પાછળ ત્રીજું જાય, એમ ઘેટાની માફક બધા ચાલી રહ્યા છે. ક્યાં જવાના છે, શું કરવાના છે, ખરેખર શ્રી મહાપ્રભુજીના માર્ગ પર ચાલી રહ્યા છે કે જુદા જ રસ્તે દોડી રહ્યા છે, કોઈને ખબર નથી.''**

શું વર્તમાનમાં પુષ્ટિમાર્ગની આ વાસ્તવિકતા નથી? **ગંભીરતાપૂર્વક વિચારવાનું જરૂરી છે !**

કેટલાક લોકો એટલા માટે પોતાને પુષ્ટિમાર્ગીય ગણાવે છે, કારણ કે તેમના માતા-પિતા, વડીલ કે મિત્ર પુષ્ટિમાર્ગને અનુસરે છે. કેટલાકને તેમના પરિવારવાળાએ બ્રહ્મસંબંધની દીક્ષા અપાવી દીધી હોય છે, પરંતુ તેઓ કદાચ પોતાના દીક્ષાદાતા ગુરુને ઓળખતા પણ નથી હોતા. વળી કેટલાકને, વિશેષતઃ મંદિરો/પુષ્ટિમાર્ગીય પરિવારોમાં ભીતરીયા, રસોઈયા, ઘાટી ઈત્યાદિ કર્મચારી હોવાના નાતે તેમને બ્રહ્મસંબંધ કરાવવામાં આવેલું હોય છે, પરંતુ વાસ્તવમાં તેમને શ્રીકૃષ્ણ કે શ્રીમહાપ્રભુજી પ્રત્યે કોઈ જ ભાવ/લગાવ હોતો નથી, બલ્કે, તેઓ બિંદાસ્ત હનુમાનજી, મહાદેવજી, સાંઈબાબા ઈત્યાદિને અનન્ય ભાવથી ભજતા હોય છે, એટલું જ નહીં, તેમને પુષ્ટિમાર્ગીયોની ભેદ બુદ્ધિ માટે સૂગ હોય છે. તેઓ માનતા હોય છે કે બધા જ દેવો તો સરખા જ હોય ને !

પુષ્ટિમાર્ગની ગાડીમાં બેઠેલા આવા અનુયાયીઓની મંઝીલ શું હશે તે કળવું મુશ્કેલ છે. પરંતુ આ કેટેગરીનો બહોળો સમુદાય આજે પુષ્ટિમાર્ગમાં અસ્તિત્વ ધરાવે છે. ખેર, તેમને તેમના વિચારો મુબારક! અહીં આપણે તેમની ટીકા કરવાનું પ્રયોજન નથી. તેઓ પણ ભગવાનની સૃષ્ટિ-લીલાનું એક અંગ છે. તેથી **આપણે અહીં, તેવા પુષ્ટિમાર્ગના અનુયાયીઓની ચર્ચા કરી નથી રહ્યા !**

અઢીસો વર્ષ પૂર્વે જ્યારે અમેરિકાનું સ્વાતંત્ર્ય માટેનું જાહેરનામું પ્રકટ કરવામાં આવેલું (જુલાઈ ૪, ૧૭૭૬) ત્યારે '**જીવન**' અને '**મુક્તિ**'ના

મૂળભૂત અધિકારો સાથે **'સુખી થવાની પ્રવૃત્તિ'**ને પણ તેમાં સામેલ કરવામાં આવી હતી! આથી સમજી શકાય છે કે **'સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિ'** પ્રત્યેક મનુષ્યની પ્રવૃત્તિના કેન્દ્ર સ્થાને હોય છે. જોકે **'સુખ'**ની વ્યાખ્યા દરેક વ્યક્તિ માટે ભિન્ન ભિન્ન હોય છે! તેથી લોકો પોતપોતાની સમજ મુજબ તે માટે પ્રયત્ન કરતાં હોય છે.

ભારતીય દર્શનોમાં 'ચાર્વાક દર્શન'માં તો ભૌતિક સુખાનુભૂતિનેજ જીવનનું લક્ષ માનવામાં આવ્યું છે. **'ખાઓ પીઓ અને મૌજ કરો'** તે તેમનું સૂત્ર છે. તેઓ માટે **ભગવાન**, **મોક્ષ**, **પુનર્જન્મ** ઈત્યાદિ બાબતો કપોળ કલ્પના માત્ર છે. જગતમાં મોટાભાગના લોકોની મનોવૃત્તિ આ પ્રકારની હોય છે, તેને જ **'પ્રવાહી સૃષ્ટિ'** કહેવાય છે.

આવા લોકોમાં ક્યાંક ધાર્મિક બાહ્યાચાર પણ જોવા મળતો હોય છે. તેઓ ક્યારેક દેખાદેખી કે લૌકિક સ્વાર્થ વશ ધર્મનું આચરણ કરતાં જોવા મળે છે, પરંતુ તેમાં તેમની નિષ્ઠા હોતી નથી. કહેવાતા કેટલાક પુષ્ટિમાર્ગીય અનુયાયીઓનો એક વર્ગ પણ આ કક્ષામાં આવે છે. તેમની **ભક્તિ** (!) કોઈક કામનાની પૂર્તિ માટે, સમાજમાં પૂજાવા માટે કે પોતાના 'અહં'ને પોષવા માટે હોય છે.

તેઓ પ્રસંગોપાત શ્રીનાથજી દર્શને જતા હોય છે, નિયમપૂર્વક પૂનમ ભરતાં હોય છે, કોઈક 'બાધા' કે 'માનતા' છોડાવવા જાય છે. કેટલાક વળી સાથે સાથે અંબાજીના પણ દર્શન કરતાં આવે છે. ક્યારેક અનુકુળતા મુજબ તેઓ વ્રજમાં પણ જતાં હોય છે, ગિરિરાજજીનું દુગ્ધાભિષેક/પરિક્રમા કરતા હોય છે અથવા કુનવારો/ચુંદડી મનોરથ કરતાં હોય છે. શ્રીનાથજી કે વ્રજમાં જઈને પણ કઈ હોટલમાં કયા પ્રકારનો નાસ્તો/ભોજન સારું મળે છે, તેની જ ચર્ચા કરતા હોય છે! આજે યાત્રા સ્થળો આ પ્રકારના ભક્તો (!) માટે 'week end' ગાળવાના પ્રવાસ સ્થળો બનેલા છે.

આ પ્રકારના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનો ધનિક વર્ગ પણ પોતાના કહેવાતા **દૈવી દ્રવ્ય** ( ! )નો વિનિયોગ કરાવી **'વિત્તજા સેવા'** કરવાનો અહં પણ પોષતા હોય છે ! તેમની ભાવનાઓને પ્રતિસાદ આપનારનો પણ તોટો નથી. **આવી વિત્તજા સેવા કરવા માટે તેઓને પ્રોત્સાહિત કરવામાં આવતા હોય છે**. અરસપરસની સમજુતીથી આ પ્રકારની ભક્તિનો ઉપક્રમ પણ મોટા પ્રમાણમાં વર્તમાનમાં ચાલી રહ્યો છે, જેમાં 'demand and supply' નો સિદ્ધાંત કાર્ય કરે છે.

**'પ્રવાહ-સૃષ્ટિ'**એ પણ ભગવાને પોતાની લીલા માટે રચેલું **'સર્ગ'** છે. તેમની રુચી, સાધન, ફલ જુદા હોય છે તેમ શ્રી મહાપ્રભુજી સમજાવે છે. **આ કક્ષાના વૈષ્ણવો પણ અહીં 'ચર્ચા'નો વિષય નથી !**

પોતાને 'વૈષ્ણવ' તરીકે ઓળખાવનાર એક બહોળો સમુદાય દેશવિદેશમાં વસે છે. સામાન્યતઃ ભગવાન વિષ્ણુના વિવિધ અવતારોને પોતાના 'ઈષ્ટ' માની તેમની પૂજા, અર્ચના, ભજન કરનારને **''વૈષ્ણવ''** કહેવાય છે. રાધા-કૃષ્ણ, લક્ષ્મી-નારાયણ, સીતા-રામ આદી ભગવદ્ વિગ્રહની 'ભક્તિ-ઉપાસના' કરનાર સૌ વૈષ્ણવ તરીકે ઓળખાય છે.

**'વૈષ્ણવ સંપ્રદાય'** હિંદુ ધર્મના વિવિધ સંપ્રદાયોનું એક અંગ છે. તે **'ભક્તિ સંપ્રદાય'** તરીકે ઓળખાય છે કારણ કે **'ભક્તિ'** આ સંપ્રદાયનું એક વિશિષ્ટ પાસું છે. શ્રી રામાનુજાચાર્ય, શ્રી મધ્વાચાર્ય, શ્રી નિમ્બાર્કાચાર્ય, શ્રી વલ્લભાચાર્યજી ઈત્યાદિ આચાર્યોએ પ્રવર્તિત કરેલા વિભિન્ન ભક્તિ સંપ્રદાયોને અનુસરનારાઓને વૈષ્ણવની સંજ્ઞા આપવામાં આવે છે.

શાસ્ત્રમાં ભગવદ્ સાક્ષાત્કાર માટે વિભિન્ન માર્ગોનો નિર્દેશ કરવામાં આવ્યો છે જેવા કે - **કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, ઉપાસનામાર્ગ** અથવા **મર્યાદા-ભક્તિમાર્ગ**. કર્મમાર્ગમાં વેદમાં સૂચવેલા 'યજ્ઞ-યાજ્ઞાદિ'ની ક્રિયાઓનું

પ્રાધાન્ય હોય છે. જ્ઞાનમાર્ગમાં શાસ્ત્રોના જ્ઞાન દ્વારા 'બ્રહ્મ'ના સ્વરૂપને જાણવાથી 'બ્રહ્મમય' થવાય છે તેમ વિધાન કરવામાં આવ્યું છે. 'ભક્તિ'નો અર્થ છે- ભગવાન પ્રત્યેનો પ્રેમ. ઉપાસના કે ભક્તિમાર્ગમાં પૂજન-અર્ચન ઈત્યાદિ દ્વારા ભગવાનને પ્રસન્ન કરી ઈચ્છિત ફલ પ્રાપ્તિનો ઉદ્દેશ્ય રહેલો હોય છે. ભગવાનની ઉપાસનાનો હેતુ કોઈ કામનાની પૂર્તિ માટે હોય છે, તેથી તે **'સકામ ભક્તિ'**નો પ્રકાર છે.

મર્યાદામાર્ગમાં ઉપાસના માટે અનેક દેવ મંદિરોની સ્થાપના થયેલી છે/કરવામાં આવે છે, જ્યાં કોઈક દેવી-દેવતાના વિગ્રહને શાસ્ત્રોક્ત વિધિથી પ્રાણ પ્રતિષ્ઠા કરી સ્થાપિત કરવામાં આવે છે. તેમાં બિરાજેલ દેવને સાર્વજનિક રૂપે ભજવામાં, પૂજન, અર્ચન, ભજન આદિ કરવામાં આવે છે. મોટાભાગે આવા સાર્વજનિક મંદિરોનો નિભાવ લોકોની ભેટ/દાનથી કોઈક ટ્રસ્ટ દ્વારા થતો હોય છે. ભારતમાં અનેક આવા દેવમંદિરો સ્થપાયેલા છે.

વર્તમાનમાં કેટલાક કહેવાતા **'પુષ્ટિમાર્ગીય'** મંદિરોની વ્યવસ્થા પણ સાર્વજનિક ટ્રસ્ટો દ્વારા વૈષ્ણવોની ભેટ-સેવા દ્વારા કરવામાં આવે છે, જ્યાં વૈષ્ણવો મનોરથ કરાવી 'વિગ્રહ'ના દર્શન માત્ર કરી પોતાને કૃતાર્થ માને છે. વર્તમાનમાં જુદા જુદા ટ્રસ્ટો દ્વારા તેમજ કેટલાક આચાર્યશ્રીઓ દ્વારા પણ આ પ્રકારના નવા મંદિરો અસ્તિત્વમાં આવી રહ્યા છે. પોતાની 'ભક્તિ' ( ! ) માટેના સુવિધાજનક સ્થાન ગણી વૈષ્ણવ સમુદાય તેને પોષી પણ રહ્યો છે.

આવી **'ત્વરિત ભક્તિ'** (instant-bhakti)માં કે અન્ય **'સાધનમાર્ગો'**માં રૂચી ધરાવનાર કહેવાતા પુષ્ટિમાર્ગીય અનુયાયીઓની નિંદા કરવાનો પણ અહીં હેતુ નથી, કારણ કે શ્રી મહાપ્રભુજીએ પુરુષોત્તમ જોશીને સ્પષ્ટ ખુલાસો કર્યો હતો કે **''જેના મનમાં જે માર્ગ દૃઢ થાય, જે માર્ગમાં જેનો વિશ્વાસ હોય, તેને ગમતો એવો એજ માર્ગ મોટો...''**

ભગવાને રચેલા વિવિધ પ્રકારના સર્ગમાં આ સ્વાભાવિક છે! મર્યાદા ભક્તિમાર્ગીય અનુયાયીઓ માટે આ વ્યવસ્થા કદાચ યોગ્ય પણ હોઈ શકે! **આપણે અહીં તેની ચર્ચા કરી રહ્યા નથી.**

ભગવાને 'નિજ લીલાર્થે', પોતાના આનંદ માટે સૃષ્ટિનું સર્જન કર્યું છે, જેમાં અનેક પ્રકારની જીવ સૃષ્ટિ ઉત્પન્ન કરી છે. શ્રી મહાપ્રભુજીએ **'પુષ્ટિ પ્રવાહ મર્યાદા ભેદ'** ગ્રંથમાં વિવિધ **'સર્ગ'** બતાવ્યા છે, અર્થાત્ સર્જનની પ્રક્રિયા બતાવી છે. વિવિધ પ્રકારના જીવોની ઉત્પત્તિનું કારણ, રૂચી અને કર્તવ્યને સમજાવ્યા છે. તેઓ કહે છે કે ભગવાને **'પુષ્ટિજીવો'**ની ઉત્પત્તિ પોતાના શ્રીઅંગમાંથી કરી છે અને તેનું પ્રયોજન છે- **'પ્રભુસેવા'**.

આ વાતને વધુ સ્પષ્ટ કરવા શ્રી મહાપ્રભુજી **'ચતુઃશ્લોકી'** ગ્રંથમાં આજ્ઞા કરે છે- **''સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપઃ, સ્વસ્યાયમેવ ધર્મોહી નાન્ય કવાપિ કદાચન''**, પુષ્ટિજીવનો એકમાત્ર ધર્મ છે. 'વ્રજાધિપ શ્રીકૃષ્ણ'ને ભજવા અર્થાત્ તેમની સેવા કરવી. વળી એજ વાતનું પુનરાવર્તન **'સિદ્ધાંત મુક્તાવલી'** ગ્રંથમાં કરતાં કહે છે- **'કૃષ્ણ સેવા સદા કાર્યા'** એ મારો સિદ્ધાંત છે. પુષ્ટિ જીવે હંમેશા કૃષ્ણની સેવા કરવી જોઈએ. આ વિચારનું મૂળ તેમણે પકડ્યું છે- સ્વયં ભગવાન શ્રી જગન્નાથજીની આજ્ઞા- **''કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા''**માંથી ત્યાં તો જીવ માત્રનું કર્તવ્ય **'કૃષ્ણસેવા'** બતાવ્યું છે.

કૃષ્ણની સેવા કેમ નિભાવવી જોઈએ, તે વિશે તેઓ બોધ આપે છે- **'ભક્તિવર્ધિની'** ગ્રંથમાં કહે છે- **''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ''**. પોતાના ઘરમાં રહીને પરિવાર સાથે **'કૃષ્ણસેવા'** રૂપી સ્વધર્મનું પાલન કરવું જોઈએ.

આપણને જીવબુદ્ધિથી સ્વાભાવિક પ્રશ્ન ઉદ્ભવે કે આ ધર્મ/કર્તવ્યના પાલન કરવાનું ફલ શું ? તે માટે શ્રી મહાપ્રભુજીએ સ્પષ્ટ અભિપ્રાય આપ્યો છે- **''ભગવાનેવ ફલમ્''** તેનું પ્રયોજન ન કોઈ લૌકિક કામના છે કે ન તો સ્વર્ગનું સુખ, કે ન કોઈ ઈતર અભિલાષા! લક્ષ માત્ર ને માત્ર **'કૃષ્ણ'**ને

પામવાનું ! ભગવાન સ્વયં જ ફલરૂપ છે. તેમને મેળવવા તે જીવનનો ઉદેશ્ય હોવો જોઈએ.

**હા, આપણે અહીં ચર્ચા કરવા માંગીએ છીએ કેવળ એવા પુષ્ટિજીવો વિશે, જેમણે માત્ર કહેવા ખાતર નહીં, પરંતુ નિષ્ઠાપૂર્વક આચાર્ય શ્રી વલ્લભમાં જ સંપૂર્ણ શ્રદ્ધા ધરાવતા હોય, તેમને જ પોતાના એક માત્ર 'આધ્યાત્મિક ગુરુ' તરીકે સ્વીકારી, તેમના જ વચનોમાં વિશ્વાસના કારણે તેમની જ શરણાગતિ માટે જેઓ તત્પર છે, અને જેમનું ધ્યેય છે- શ્રી મહાપ્રભુજીએ સૂચવેલા માર્ગે ચાલી પોતાના જીવનને ઉર્ધ્વગામી બનાવી ભગવદ્ પ્રાપ્તિ કરવાનું !** આ ચર્ચા એવા પુષ્ટિજીવો માટે છે.

**આવો આપણે જાણીએ, આત્મચિંતન કરીએ કે જે રસ્તે આપણે ચાલી રહ્યા છીએ, તે શું આપણને આપણી મંઝીલે પહોંચાડી શકશે ?** આ ગંભીરતાપૂર્વક વિચારવાનો પ્રશ્ન છે.

જે લોકો સાવ નાસ્તિક હોય, જેમને ભગવાન અથવા કોઈ ધર્મમાં શ્રદ્ધા જ ન હોય, આપણે તેમની વાત કરી રહ્યા નથી. પરંતુ જેઓ આસ્તિક છે, શ્રદ્ધાળુ છે, તેઓ કોઈને કોઈ ધાર્મિક આસ્થા/સંપ્રદાય સાથે જોડાયેલા હોય છે. તેમણે કોઈક 'વ્યક્તિ વિશેષ'ને પોતાના **'આધ્યાત્મિક ગુરુ'** તરીકે સ્વીકારેલા હોય છે. આ વાત પ્રત્યેક ધર્મ/સંપ્રદાયના અનુયાયીઓને લાગુ પડે છે, ચાહે તે હિન્દુ, મુસલમાન, જૈન કે કોઈ પણ ધર્મમાં માનનારો હોય.

વિશેષતઃ ભારતીય સંસ્કૃતિમાં, 'ગુરુ'નો ખૂબ મહિમા વર્ણવામાં આવેલો છે. પોતાની આધ્યાત્મિક ઉન્નતિ માટે ગુરુ હોવા આવશ્યક મનાય છે. પ્રત્યેક ધર્મ/સંપ્રદાયના કોઈક **'આદ્યગુરુ'** હોય છે, જે તે ધર્મ/સંપ્રદાયના પ્રસ્થાપક/પ્રવર્તક હોય છે, જેમની ભૂતલ પરથી વિદાય પછી તેમની શિષ્ય/વંશ પરંપરા દ્વારા જે તે ધર્મ/સંપ્રદાયનું પ્રવર્તન, આદ્યગુરુ દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંતો/નિયમો અનુસાર પેઢી દર પેઢી થતું

હોય છે. એવા અનેક સંપ્રદાયો અસ્તિત્વ ધરાવે છે. પ્રત્યેક ધર્મ/સંપ્રદાયને આ વાત લાગુ પડે છે.

મોટાભાગે પ્રત્યેક ધાર્મિક આસ્થા પાછળ તેના પ્રસ્થાપક દ્વારા પ્રતિપાદિત કોઈક **'દાર્શનિક વિચારધારા'** હોય છે, જેનું મૂળ તેમણે સ્વીકારેલા ધર્મ ગ્રંથો/શાસ્ત્રોમાં હોય છે. તેના આધારે તે સંપ્રદાયની વિશિષ્ટ **'આચાર-પ્રણાલી'** ઘડવામાં આવેલી હોય છે, જેનું પાલન કરવું. સંપ્રદાયનું અનુસરણ કરનાર અનુયાયી માટે આવશ્યક હોય છે. તેથી પ્રત્યેક સંપ્રદાયના અનુયાયી માટે સ્વાભાવિક રીતે તે જાણવું/સમજવું અનિવાર્ય હોય છે.

તદર્થ, જે તે સંપ્રદાયના પ્રવર્તક દ્વારા પોતાના સંપ્રદાયના શિષ્યો/અનુયાયીઓને **'તત્ત્વોપદેશ'**, **'સિદ્ધાંતોપદેશ'**, **'વ્યવહારોપદેશ'** તથા **'ફલોપદેશ'** આપવો જરૂરી હોય છે, જેના આધારે અનુયાયી ગણ તે સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતોને સારી રીતે જાણીને તેનું અનુસરણ કરી પોતાના લક્ષને પામી શકે. જૈન ઈત્યાદિ પ્રત્યેક ધર્મમાં આવી વ્યવસ્થા હોય છે.

આ હકીકત **'પુષ્ટિ-સંપ્રદાય'**ના ધર્મગુરુ તેમજ તેમાં આસ્થા ધરાવનાર/તેનું અનુસરણ કરનાર અનુયાયીને પણ લાગુ પડે છે. પુષ્ટિ-સંપ્રદાયની પણ કોઈક મૂળભૂત દાર્શનિક/સૈધ્ધાંતિક વિચારધારા છે, જે તેના પ્રસ્થાપક શ્રી વલ્લભાચાર્યજી દ્વારા પ્રતિપાદિત થયેલી છે. તેના સ્પષ્ટ સિદ્ધાંતો તેમણે તેમના ગ્રંથોમાં આલેખેલા છે. તદનુસાર તેની ચોક્કસ **'સાધના પ્રણાલી'** એટલે કે તેનું જીવન દર્શન તેમણે સમજાવ્યું છે. કશુંજ મનઘડંત નથી. એક પદ્ધતિસરનું માર્ગદર્શન તેમણે આપ્યું છે. તદર્થ તે વિશે વિચાર કરવો જરૂરી છે.

જરા વિચારો ! શ્રી વલ્લભાચાર્યજીનો ઈતિહાસ કહે છે કે સ્વયં પ્રભુ શ્રી વિઠ્ઠલનાથજીએ કરેલી આજ્ઞા મુજબ શ્રી મહાપ્રભુજીએ ગૃહસ્થાશ્રમનો

સ્વીકાર કર્યો હતો, જેના ફળરૂપે પોતાની ઈચ્છાથી પ્રભુ સ્વયં 'શ્રી ગુસાંઈજી સ્વરૂપે' પુત્ર રૂપે તેમને ત્યાં પ્રકટ થયા હતાં. તેથી શ્રી ગુસાંઈજીની વાણી નિઃશંકપણે **'ભગવદ્ વાણી'** છે. તદર્થ, તેમના વચન સમસ્ત વલ્લભીયજનોને-પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે શત પ્રતિશત સ્વીકાર્ય જ હોય !

એજ ભગવદાવતાર પ્રભુચરણ શ્રી ગુસાંઈજી, **સર્વોત્તમ સ્તોત્ર**માં શ્રી મહાપ્રભુજીના સ્વરૂપનો ઘટસ્ફોટ કરતાં કહે છે- **''દયયા, નિજ મહાત્મ્યં કરિષ્યન પ્રકટં હરિઃ વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂત ચકાર હિ''** અર્થાત્ 'સ્વયં શ્રી હરિ જ પોતાના મહાત્મ્યને વાણી દ્વારા પ્રકટ કરવા પ્રાદુર્ભાવ થયા છે'. સ્પષ્ટ છે કે આચાર્ય સ્વરૂપે શ્રી મહાપ્રભુજી પણ **'ભગવદાવતાર'** જ છે.

આ હકીકત પર તેઓ પુનઃ મ્હોર મારે છે 'શ્રી વલ્લભાષ્ટકમાં, જ્યાં કહે છે- **''વસ્તુતઃ કૃષ્ણ એવ''** અર્થાત્ શ્રી વલ્લભ સ્વયં શ્રી કૃષ્ણ જ છે. આનું વિશેષ પ્રમાણ મળે છે, તેમના સેવક કૃષ્ણદાસ મેધનની વાર્તામાં. જ્યારે તેઓ પોતાના પૂર્વ ગુરુને શ્રી મહાપ્રભુજીના સ્વરૂપ વિશે ખાત્રી કરાવવા હાથમાં અગ્નિ લઈને કહે છે કે **''જો આચાર્યજી 'પુર્ણ પુરુષોત્તમ'ન હોય તો તેમનો હાથ ભસ્મ થઈ જાય !''** પરંતુ અગ્નિ તેમને દઝાડી શક્યો ન હતો. આ છે તેમનું અનુભવ પ્રમાણ.

અને તદુપરાંત અનેક આચાર્યોના/ભગવદિયોના વચનોનો વિપુલ ભંડાર- ગ્રંથો, કીર્તન સાહિત્ય, વચનામૃત રૂપે સંપ્રદાયના વાંગ્મય ઈતિહાસમાં ઉપલબ્ધ છે, જે આપણા સૌના ગુરુ શ્રી વલ્લભાધીશને ભગવદ્ સ્વરૂપે બિરદાવે છે. તે માટે વિશેષ પુરવાર કરવાની આવશ્યકતા નથી. **આમ આ બન્ને ભૂતલ પર મનુષ્યાકૃતિરૂપ પ્રાદુર્ભૂત થયેલ આચાર્ય-દ્વય, પિતા પુત્રની જોડી (શ્રી ગોપીનાથજી સહિત) સિવાય અન્ય આચાર્યનું સમકક્ષ પ્રમાણ પ્રાપ્ત થતું નથી.**

તેથી શ્રી પુરુષોત્તમજી (લેખવાળા) સ્પષ્ટપણે ખુલાસો કરે છે તેમ પુષ્ટિમાર્ગમાં સમસ્ત વલ્લભીયજનોના **'એકમાત્ર ગુરુ'** શ્રી વલ્લભાચાર્યજી જ છે, જ્યારે સમસ્ત શ્રી વલ્લભકુલ **'ગુરુદ્વાર'** રૂપ છે, જેમના માધ્યમથી વર્તમાનમાં તેઓજ પુષ્ટિ-સંપ્રદાયનું સંચાલન કરી રહ્યા છે. તેઓ ભગવદાવતાર હોવાથી તે તેમનું માહાત્મ્ય/સામર્થ્ય છે. આ હકીકતનો સમસ્ત વલ્લભીય સૃષ્ટિએ નિખાલસપણે સ્વીકાર કરવો જોઈએ !

મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીની સમકક્ષ કોઈ નથી, તેનું વધુ પ્રમાણ સ્વયં શ્રી ગુસાંઈજીના એક અન્ય ગ્રંથ ''**સપ્ત શ્લોકી**''માં મળે છે, જ્યાં તેઓ કહે છે- ''**શ્રીમદ્ વલ્લભ નામધેય સદૃશો ભાવી ન ભૂતો સ્યપિ**'' અર્થાત્ '**શ્રી વલ્લભ નામવાળા એવા ન કોઈ થયા છે ન થશે.**' પુષ્ટિ-સંપ્રદાયના એક અન્ય વિદ્વાન આચાર્ય શ્રી હરિરાયજી, જેમણે સંપ્રદાયના વિવિધ વિષયો પર અનેક લઘુ ગ્રંથોની રચના કરી શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોને ઉજાગર કર્યા છે, તેમણે પણ પોતાના વિશિષ્ટ ગ્રંથ '**શિક્ષાપત્ર**'માં શ્રી મહાપ્રભુજીને પુષ્ટિમાર્ગના ગુરુરૂપે અનેક સ્થાને બિરદાવ્યા છે.

સ્વયં શ્રી મહાપ્રભુજીએ પણ પોતાની '**ભગવદ્ રૂપતા**'ને સ્પષ્ટ કરતાં તેમના મહત્ત્વના ગ્રંથ સુબોધિનીજીના ઉપક્રમમાં કહ્યું છે- ''**આનંદ વિનાના આ લોકમાં શ્રી ભાગવતના અર્થ કરવા વાણીના પતિ વૈશ્વાનર સિવાય બીજો કોઈ સમર્થ નથી. તેથી મને મનુષ્ય દેહરૂપ કરીને શ્રી વ્યાસજીની માફક શ્રી લક્ષ્મીપતિએ આજ્ઞા આપી. એવી રીતે, જે કારણે કૃપા કટાક્ષ કરવામાં ચતુર થયા, એ કારણથી વિષ્ણુરૂપ વ્યાસજીને પ્રિય ગૂઢ અર્થ અનેક રીતે હું આનંદપૂર્વક પ્રકટ કરૂં છું.**'' આ વચન ખૂબ જ સાર ગર્ભિત છે. પોતે વ્યાસજીની માફક '**ભગવદાવતાર**' હોવાની તેમણે સ્પષ્ટતા કરી છે.

સમજવાની મહત્ત્વપૂર્ણ વાત એ છે કે શ્રી મહાપ્રભુજીએ પોતાના અનાવતારકાલમાં **'પુષ્ટિ સંપ્રદાય'**ને અનુસરનારે કોને 'ગુરુ' તરીકે સ્વીકારવા જોઈએ, તેનો સ્પષ્ટ ખુલાસો ન કરતાં 'કેવા ગુરુ' કરવા જોઈએ, તેનો નિર્દેશ પોતાના નિબંધ ગ્રંથના સર્વનિર્ણય પ્રકરણમાં આપતાં કહ્યું છે- **''કૃષ્ણ સેવા પરં વિક્ષ્યં, દંભાદિ રહિતં નરમ; શ્રી ભાગવત તત્ત્વજ્ઞ, ભજેત્ જિજ્ઞાસુરાદરાત''**. અર્થાત્ **'જે પુરુષ કૃષ્ણ સેવા પરાયણ હોય, દંભ વગેરે દુર્ગુણો જેનામાં ન હોય અને જે શ્રીમદ્ ભાગવતનો મર્મજ્ઞ હોય, તેવી વ્યક્તિને સારી રીતે ચકાસીને પોતાના ગુરુ સ્થાને સ્થાપવા જોઈએ.'** (કારિકા-૨૨૭). આ કારિકાનો ખુલાસો કરતાં લેખકાર શ્રી પુરુષોત્તમજી **'આવરણભંગ'** ટીકામાં ખુલાસો કરે છે કે **''આ માર્ગમાં શિષ્યે ગુરુની સમ્યક પરિક્ષા કરવી, એમ અન્ય માર્ગ કરતાં આ માર્ગ વિલક્ષણ છે, એમ જણાવાય છે. આ પ્રકારે ગુરુની પરીક્ષા ન કરવામાં આવે તો લોકમાં જેમ એક અંધ પુરુષને અનુસરનારો બીજો અંધ પુરુષ ઘેટાની માફક અનુસરે છે, અને બન્ને ખાડામાં પડે છે, તેમ ગુરુની પરીક્ષા વિના જો ભક્તિમાર્ગમાં ગુરુ કરવામાં આવે તો ગુરુ તથા શિષ્ય બન્નેનું અધઃપતન થાય છે.''** (સ.નિ. આવરણ ભંગ ટિકા, ગુ. અનુવાદ- પે. ૫૮) આ સાર ગર્ભિત અને ખૂબ જ માર્મિક છે- સ્વયં શ્રી મહાપ્રભુજી તથા તેમના અનુગામી શ્રી પુરુષોત્તમજીના પુષ્ટિમાર્ગમાં 'ગુરુ' રૂપે કોને સ્વીકારવા જોઈએ, તે બાબત આનાથી સ્પષ્ટ થાય છે.

શ્રી પુરુષોત્તમજી 'સર્વનિર્ણય પ્રકરણ'ની 'આવરણભંગ' 'ભંગ' ટીકામાં એક બીજો ઘટસ્ફોટ કરતાં કહે છે- **''આ પ્રકારના લક્ષણવાળા ગુરુ મળવા કળિયુગમાં દુર્લભ છે. આવા લક્ષણવાળા ગુરુ આધુનિક સમયમાં પ્રાપ્ત ન પણ થાય - એવો વિચાર કરી શ્રીમદાચાર્યચરણે પોતાને વિષે જ આ ભગવન્માર્ગમાં ગુરુત્વનું નિયમન કરતાં કહે છે- ''તેવા ગુરુના અભાવમાં પોતે જાતે જ હરિની મૂર્તિ કરીને પણ ભગવાનની પરિચર્યા**

**કરવી.**'' (કા. ૨૨૬ આ.ભં. પે ૫૮). વિસ્મય પમાડે તેવી આ સ્પષ્ટ વાત છે ! પુષ્ટિ-સંપ્રદાયનું અનુસરણ કરવા ગુરુની આવશ્યકતા તો છે જ, પરંતુ તે એવા ગુરુ હોવા જોઈએ, જે શ્રી મહાપ્રભુજીએ બતાવેલ માપદંડ મુજબ યોગ્યતા પ્રાપ્ત હોય. સ્વાભાવિક છે કે '**ગુરુદ્વાર**' રૂપ વલ્લભ વંશજ આચાર્યશ્રીઓને પણ આ વાત લાગુ પડે છે. તેઓ પોતે તો '**સર્વજ્ઞ**' હતા. તેથી આવનાર કાળનાં એંધાણથી તેઓ પરિચિત હોઈ, તેમણે 'ગુરુપદ' પોતાનામાં સીમિત કરી આ ઉપદેશ આપ્યો જણાય છે. **આ સર્વે હકીકત પુષ્ટિમાર્ગમાં એક માત્ર ગુરુ શ્રી વલ્લભાચાર્યજી જ છે તે સિદ્ધ કરે છે.**

શ્રી વલ્લભાચાર્યજીના ભૂતલ પરથી સ્વધામ પધારી ગયા પછી તેમના ઉત્તરાધિકારી તરીકે સંપ્રદાયને વહન કરવાનું ઉત્તરદાયીત્વ તેમના પુત્રો **શ્રી ગોપીનાથજી** એવમ્ **શ્રી વિઠ્ઠલનાથજી**-શ્રી ગુસાંઈજી પર આવ્યું. મોટા પુત્ર શ્રી ગોપીનાથજીનો વંશ એક પુત્ર પછી સમાપ્ત થતાં શ્રી ગુસાંઈજીએ સ્વયં '**ભગવદ્ સ્વરૂપ**' હોવા ઉપરાંત, માત્ર પુત્ર હોવાના નાતે જ નહીં, પરંતુ શ્રી મહાપ્રભુજીએ પોતાના સ્વરૂપને તેમનામાં પધરાવેલ હોવાના કારણે તત્-સામર્થ્યથી સંપ્રદાયમાં તેમના સ્થાને ગુરુપદ પ્રાપ્ત કર્યું હતું, જેનું પ્રમાણ વાર્તા સાહિત્ય (દામોદરદાસ હરસાનિજીની વાર્તા)/ ગ્રંથો/વચનામૃતોમાં મળી આવે છે. શ્રી ગુસાંઈજીએ શ્રી મહાપ્રભુજીની દાર્શનિક વિચારધારાને અનુરૂપ અનેક વિદ્વતાપૂર્ણ ગ્રંથોની (અણુભાષ્યના છેલ્લા દોઢ અધ્યાય સહિત) રચના કરી, પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલીનો વિસ્તાર કર્યો છે. તદર્થ **તેઓને તો પુષ્ટિ-સંપ્રદાયના સહ-સંસ્થાપક/સહ-પ્રવર્તક કહેવાય છે.**

તદુપરાંત, શ્રી સર્વોત્તમજીમાં આલેખાયેલ શ્રી મહાપ્રભુજીના નામોમાંના એક નામ- ''**સ્વવંશે સ્થાપિતાશેષ સ્વ માહાત્મ્ય**'' વિશે તેની ટીકામાં ચતુર્થ લાલજી શ્રી ગોકુલનાથજીએ ખુલાસો કર્યો છે કે તે નામમાં '**વંશ**' શબ્દનું તાત્પર્ય '**પુત્ર**' છે. તદર્થ શ્રી મહાપ્રભુજીનું '**અશેષ**

**માહાત્મ્ય'** શ્રી ગુસાંઈજીમાં સ્થાપિત કરેલું હોઈ તેઓને પુષ્ટિ-સંપ્રદાયનું **'ગુરુપદ'** પ્રાપ્ત હતું. આ નામનો બીજો પણ સૂચિતાર્થ બતાવવામાં આવ્યું છે કે શ્રી મહાપ્રભુજીનું એવું માહાત્મ્ય/સામર્થ્ય છે (કેમ ન હોય, પોતે સાક્ષાત્ ભગવદાવતાર છે ને!) કે પોતે ગુરુ તરીકેનું ઉત્તરદાયીત્વ અનવતાર કાલમાં પણ પોતાના વંશમાં બિરાજીને નભાવે છે.

તદર્થ એ સ્પષ્ટ છે કે **પુષ્ટિ-સંપ્રદાયના, અર્થાત્ સમગ્ર વલ્લભીય સૃષ્ટિના 'ગુરુ' માત્ર શ્રી મહાપ્રભુજી (શ્રી ગુસાંઈજી સહિત) છે.**

શ્રી સર્વોત્તમજીના ઉપરોક્ત નામ **''સ્વવંશે સ્થાપિતાશેષ સમાહાત્મ્ય''** વિશે શ્રી ગોકુલનાથજીની ટીકાથી સમજી શકાય છે કે તેઓ તેમાં **'વંશ'** શબ્દનો અર્થ પુત્ર બતાવી, પોતાનામાં પણ તે **'અશેષ માહાત્મ્ય'**ને ઘટાવી નથી રહ્યા. ત્યારે તેમના પછીના વંશજો માટે તો તે સંદિગ્ધ જ ગણાય !, તે સ્પષ્ટપણે સમજી શકાય છે.

તદુપરાંત સ્વયં શ્રી મહાપ્રભુજીએ શ્રી દામોદરદાસ હરસાનિજીને શ્રી ગુસાંઈજીનું ચરણોદક લેવાની આજ્ઞા કરતાં કહેલું કે **''હું શ્રી ગુસાંઈજીના હૃદયમાં બિરાજું છું, તેઓ મારું સ્વરૂપ છે.''** (વાર્તા પ્રસંગ-૬) તદર્થ શ્રી ગુસાંઈજીમાં પ્રસ્થાપિત **'ગુરુપદ'** અસંદિગ્ધ છે, પ્રમાણિત છે.

પુષ્ટિમાર્ગનું અનુસરણ કરવા માર્ગદર્શક તરીકે શ્રી હરિરાયચરણનું યોગદાન પણ નાનુસુનુ નથી. 'ગુરુ' વિશેની સમજ તેમણે પોતાના **'સ્વમાર્ગીય-શરણ-સમર્પણ-સેવાદિ-નિરુપણમ'** ગ્રંથમાં આપતાં કહ્યું છે- **''ગુરુશ્ચ ભક્તિમાર્ગીયઃ કૃષ્ણ સેવા પરાયણઃ, શ્રી ભાગવત તત્ત્વજ્ઞો દમ્ભાદિરહિતો નરઃ''** (શ્લોક-૪૯), અર્થાત્ જે લક્ષણો શ્રીમદાચાર્યચરણે બતાવ્યા છે, તે સાથે તેમણે **'ભક્તિમાર્ગીય'** વિશેષણ ઉમેર્યું છે. વધુમાં તેઓ કહે છે કે **''એવા લક્ષણોવાળા ગુરુના અભાવમાં એવા ગુરુએ (શ્રી મહાપ્રભુજીએ) જે ઉપદેશ આપેલો હોય તે જ નિયમ રૂપ છે એમ માનવું... હાલના ગુરુઓ એવા ન હોવા છતાં પણ જો એમની**

**પાસેથી ઉપદેશ લેવામાં આવે તો એ ઉપદેશ, જો તેઓ દુઃસંગ રૂપી દોષથી ભ્રમિત થયા નહીં હોય તો, મુખ્ય સદ્ગુરુના ઉપદેશની પેટે તે ફલિત થશે, અન્યથા એ ઉપદેશ ફલિત થશે નહીં.''** (શ્લોક ૫૦-૫૧). આમ ખૂબ જ મહત્ત્વનો મુદ્દો શ્રી હરિરાયજીએ રજૂ કરેલો છે.

પોતાના મહત્ત્વપૂર્ણ ગ્રંથ શિક્ષાપત્રમાં પણ ઠેકઠેકાણે શ્રી હરિરાયજીએ શ્રી મહાપ્રભુજીના સ્વરૂપ અને તેમના વચનોની વિશેષતા સમજાવી છે. તેઓ સ્પષ્ટપણે કહે છે કે **''જેઓ શ્રીમદાચાર્યચરણના વચનથી અન્યથા ઉપદેશ આપે તેનો સંગ દુઃસંગ જાણવો''** (શિ. ૩-૮) **''માર્ગની રીતિથી સેવા અને શ્રી આચાર્યજીના ચરણકમલનો આશ્રય-એ બન્નેનો અભાવ હોય તો ફલ-પ્રાપ્તિ સંભવ ન બને. માટે નિબંધોક્ત લક્ષણોવાળા ગુરુ પાસેથી સિદ્ધાંત જાણીને શ્રી આચાર્યજીના ચરણને ભજવા જોઈએ.** (શિ. ૯-૨૫). **પુષ્ટિમાર્ગમાં ફળ-પ્રાપ્તિ શ્રીમદાચાર્યચરણના ચરણાર્વિંદના અનુગ્રહથી જ થાય છે.** (શિ. ૩૪-૩૨) ઈત્યાદિ.

ઉપરોક્ત સર્વે હકીકતો અને પ્રમાણો **'શ્રી મહાપ્રભુજીને જ પુષ્ટિમાર્ગના ગુરુપદે પ્રસ્થાપિત કરે છે, અને તેમના વચનોને, જે તેમના ગ્રંથોમાં આલેખિત છે, તેનું પાલન તેમજ તેમના ચરણાર્વિંદના દૃઢ આશ્રયને પુષ્ટિમાર્ગના અનુસરણ માટે અનિવાર્ય ગણાવે છે.'**

ઉપરોક્ત શ્રીમદાચાર્યચરણના પોતાના વિવિધ ગ્રંથો - નિબંધ, સુબોધિનીજી આદીમાં આલેખાયેલા પ્રમાણો, ભગવદ્ સ્વરૂપ શ્રી ગુસાંઈજીના વિવિધ ગ્રંથો શ્રી સર્વોત્તમ સ્તોત્ર, શ્રી વલ્લભાષ્ટક, સપ્તશ્લોકી ઈત્યાદિમાં તેમણે રજૂ કહેલા વચનો, શ્રી પુરુષોત્તમજીએ કરેલું તેમની આવરણભંગ ટીકામાં સ્પષ્ટીકરણ તથા ગોકુલનાથજી, શ્રી હરિરાયજી જેવા વિદ્વાન મહાનુભાવ પૂર્વાચાર્યોના અનેકાનેક ખુલાસાઓથી એક હકીકત નિઃસંદેહપૂર્વક સ્પષ્ટ થાય છે કે **'પુષ્ટિમાર્ગમાં**

**સમસ્ત વલ્લભીય સૃષ્ટિના એકમાત્ર 'ગુરુ' શ્રી મહાપ્રભુજી જ છે.'** કારણ કે સ્વયં ભગવાનની ઈચ્છા એવમ્ આજ્ઞાનુસાર આપે દૈવીજીવોના ઉદ્ધારાર્થે ભૂતલ પર પ્રકટ થઈને **'પ્રેમલક્ષણા ભક્તિનો વિશિષ્ટ માર્ગ 'પુષ્ટિમાર્ગ'** પ્રકટ કર્યો છે અને તદ્નુસાર **'પુષ્ટિસંપ્રદાય'** પ્રસ્થાપિત કર્યો છે, પ્રવર્તિત કર્યો છે, એટલું જ નહીં, પરંતુ તેઓ અદ્યપર્યંત **'નિજ કુલ'**માં બિરાજી તેને વહન કરી રહ્યા છે, તદ્વિષયક માર્ગદર્શન આપી રહ્યા છે.

શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી મહાપ્રભુજીનું એક નામ (૨૯) છે **''ગુરુ''** જે સૂચવે છે કે શ્રી મહાપ્રભુજી પુષ્ટિભક્તિમાર્ગના 'ગુરુ' છે. **માર્ગના જે ઉપદેશ કરવાવાળા હોય તથા તે માર્ગનું જે ફળ દેવાની યોગ્યતા ધરાવતા હોય તેને તે માર્ગના 'ગુરુ' કહેવાય.** જેવી રીતે કપિલદેવજી સાંખ્ય માર્ગના 'ગુરુ' છે, જેમણે માતા દેવહુતીને સાંખ્યનો ઉપદેશ આપી તેનો ઉદ્ધાર કર્યો હતો, તેમ શ્રી મહાપ્રભુજી 'પુષ્ટિ ભક્તિમાર્ગ'નો ઉપદેશ આપી તેના અનુયાયીઓને ફલ પ્રદાન કરવાવાળા હોઈ તેઓ માત્ર 'ગુરુ' છે.

વર્તમાનમાં પણ વલ્લભકુલ આચાર્યશ્રીઓ પોતાના વચનામૃત/પ્રવચનમાં શ્રી વલ્લભાચાર્યજીને જ 'ગુરુ' તરીકે પ્રતિપાદિત કરતાં હોય છે, કારણ કે તેમના પણ તેઓ જ **'મૂળ પુરુષ'** હોવાની સાથે **'ગુરુ'** પણ છે. તેઓ હકીકતમાં શ્રી મહાપ્રભુજી વતી તેમની કાનીથી જ અનુયાયીને **'બ્રહ્મસંબંધ'** કરાવે છે, પોતાના સ્વતંત્ર સામર્થ્યથી નહીં, કેમકે તેઓ **'ગુરુદ્વાર'** રૂપ છે. આપણે તેમના પ્રત્યે શ્રી વલ્લભનો ભાવ રાખી શ્રી મહાપ્રભુજીને 'ગુરુ' રૂપે સ્વીકારવા જોઈએ, જાણવા જોઈએ.

વાસ્તવમાં શ્રી વલ્લભકુળ પણ **'વલ્લભીય સૃષ્ટિ'**નું જ એક અભિન્ન અંગ છે. તેમને શ્રી મહાપ્રભુજીની **'બિંદુ સૃષ્ટિ'** કહેવાય છે અને અનુયાયી વૈષ્ણવો **'નાદ સૃષ્ટિ'** કહેવાય છે. બન્ને એકબીજાના પૂરક છે. વલ્લભકુળ આચાર્યશ્રીઓ માર્ગદર્શકની ભૂમિકામાં છે, જેમનું ઉત્તરદાયીત્વ અનુયાયીને શ્રી મહાપ્રભુજીને ઓળખાવવાનું, તેમના ગ્રંથોનું અધ્યયન

કરાવવાનું અને સંપ્રદાયના સિદ્ધાંતો સમજાવવાનું છે, અને તદર્થ, તેમણે પોતે પણ ગ્રંથોનું તલસ્પર્શી અધ્યયન કરવું જરૂરી ગણાય, જેથી તેઓ અનુયાયી વર્ગને **'તત્ત્વબોધ'** આપી શકે, સિધ્ધાંત સમજાવી શકે. તેના સંદર્ભમાં જ કદાચ શ્રી મહાપ્રભુજીએ ગુરુના અનિવાર્ય લક્ષણમાં **'કૃષ્ણ સેવા પરાયણ'** અને **'શ્રી ભાગવત તત્ત્વજ્ઞ'**ની પૂર્વાશ્યકતાનો નિર્દેશ કરેલો છે.

ઉપરોક્ત સર્વે પ્રમાણોથી સમજી શકાય છે કે જેઓ **પુષ્ટિમાર્ગે** ચાલી પોતાના ગંતવ્ય સ્થાને પહોંચવા ઈચ્છે છે, જેઓ શ્રી વલ્લભાચાર્યજી દ્વારા પ્રસ્થાપિત - પ્રવર્તિત **'પુષ્ટિ-સંપ્રદાય'**નું અનુસરણ કરવા પ્રવૃત્ત છે, ભગવદ્ પ્રાપ્તિ જેમનું લક્ષ્ય છે, તેમને માટે સર્વ પ્રથમ આવશ્યક છે- **શ્રીમદાચાર્યચરણ શ્રી મહાપ્રભુજીને પોતાના ગુરુ તરીકે સ્વીકારવા!** આ પાયાની જરૂરીયાત ગણાય. ભલે આપણા દીક્ષાદાતા આચાર્ય કોઈ પણ વલ્લભકુળ બાળક હોય, આપણે સ્પષ્ટપણે સમજવું જોઈએ કે તેઓશ્રી **'ગુરુદ્વાર'** છે, અને આપણે તેમના દ્વારા શ્રી મહાપ્રભુજીને આપણા **'ગુરુ'** બનાવ્યા છે, કારણ કે તે શ્રી વલ્લભકુળ આચાર્ય દ્વારા સ્વયં શ્રી મહાપ્રભુજીએ જ આપણને **'બ્રહ્મસંબંધ'** કરાવ્યું છે, જે તેમનો એકાધિકાર છે.

મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીને માત્ર 'ગુરુ' રૂપે સ્વીકારવાનું પ્રયોજન આપણે અગાઉ જોઈ ગયા તેમ, પોતે ભગવદાવતાર હોવાથી, તેમનું એ સામર્થ્ય છે કે તેમણે અવતાર કાળમાં તો ૮૪ પૃષ્ટિજીવોને શરણે લઈ તેમને ભગવદ્ ચરણાર્વિંદની પ્રાપ્તિ કરાવી હતી, તેમ અનવતારકાલમાં પરોક્ષમાં પણ પુષ્ટિજીવોનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય ધરાવે છે, જેનો ઈતિહાસ સાક્ષી છે.

કેટલાક વિવિધ હેતુસર પુષ્ટિમાર્ગને અપનાવવા બ્રહ્મસંબંધની દીક્ષા કોઈ આચાર્યશ્રી દ્વારા લઈ અહં પોષતા હોય છે કે **''અમે પણ પુષ્ટિમાર્ગમાં છીએ''**, પછી ભલે તેનો હેતુ પદ, પ્રતિષ્ઠા, ગુરુજનોની

નિકટતા, મનોરથી તરીકે આગેવાની કે પ્રસાદની પ્રાપ્તિ હોઈ શકે છે. પરંતુ આપણે એટલું સમજવું જોઈએ કે **'કોઈ પણ 'માર્ગ' તેમાં રહેવા માટે હોતો નથી. માર્ગ અર્થાત્ રસ્તો કોઈક મંઝીલે પહોંચવાનું સાધન/માધ્યમ હોય છે, જેના પર પૂર્વ નિશ્ચિત ધારા ધોરણ મુજબ, માર્ગદર્શકની દોરવણી પ્રમાણે ગતિ કરવાની હોય છે, જેથી આપણે આપણા ગંતવ્યસ્થાને પહોંચી શકીએ.'**

અહીં એ પણ લક્ષમાં લેવું જરૂરી છે કે, જો આપણે તે રસ્તા પર ચાલવાના નિયમોનું પાલન ન કરીએ, અથવા માર્ગદર્શકે આપેલી સૂચના (guide lines) મુજબ ન ચાલિયે, તો ભટકી જવાની પૂરી શક્યતા રહેલી છે. તેને માટે ન તો રસ્તો જવાબદાર હોય ન માર્ગદર્શક !

'પુષ્ટિમાર્ગ'ની પણ એજ હકીકત છે. એ તો ભગવદ્ પ્રાપ્તિનો **'રાજમાર્ગ'** છે. તેના નીતિ-નિયમોનું ચુસ્તપણે પાલન તો અનિવાર્ય જ હોય. તેના 'પથ-પ્રદર્શક'ની આજ્ઞા પ્રમાણે અનુસરણ કરવું પણ આવશ્યક ગણાય. તોજ તેઓ આપણને આપણા ગંતવ્ય સ્થાને અચૂક પહોંચાડી શકે ! માટે પાયાની એ સમજણ કેળવવાની આવશ્યકતા છે કે આપણે **શ્રી મહાપ્રભુજીને આપણા ગુરુ તરીકે સ્વીકારીએ !**

અનેક શાસ્ત્ર/ગ્રંથોના પ્રમાણોના આધારે સ્પષ્ટ પણે સમજી શકાય કે શ્રીમદાચાર્યચરણ જ પુષ્ટિમાર્ગમાં સમસ્ત વલ્લભીય સૃષ્ટિ (સ્વયં વલ્લભકુલ સહિત)ના ગુરુ હોવાથી તેમણે પ્રતિપાદિત કરેલા સિદ્ધાંત વચનો જ પુષ્ટિ સંપ્રદાયના અનુસરણ માટે પ્રમાણરૂપ સ્વીકારવા આવશ્યક ગણાય. અનેક મહાનુભાવોએ પણ શ્રી મહાપ્રભુજીને 'ગુરુ' તરીકેનું વર્ણન પોતાના કીર્તનો/પદોમાં આલેખ્યું છે. વલ્લભકુળ આચાર્યશ્રીઓના વચનામૃતોમાં પણ અવારનવાર આ વાત કહેવાતી હોય છે, તે આપણે જાણીએ છીએ, **છતાં આજે વાસ્તવિકતા એ છે કે મોટાભાગના અનુયાયી માત્ર પોતાના 'દીક્ષાદાતા આચાર્ય'નેજ પોતાના**

**ગુરુ રૂપે સ્વીકારે છે.** વિશેષતઃ યુવા પેઢીને તો તેમને દીક્ષાદાતા દ્વારા મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીને ગુરુ કર્યા હોવાની હકીકતની જ સમજ હોતી નથી, કારણ કે બ્રહ્મસંબંધ કરાવનાર દીક્ષાદાતાની સાથે જ તેમનો સીધો સંબંધ સ્થાપિત થતો હોય છે. તદુપરાંત બ્રહ્મસંબંધ કર્યા પછી તેને દીક્ષાદાતા આચાર્યના ચિત્રજી પધરાવીને (આપીને) કહેવામાં આવે છે કે **"આ ગુરુજીના દર્શન/ચરણસ્પર્શ નિત્ય કરજો"** તેમણે દીક્ષાદાતા આચાર્યશ્રીએ શ્રી મહાપ્રભુજીની કાનીથી તેમના સ્વરૂપે બ્રહ્મસંબંધ કરાવ્યું છે, તે વાત ક્યારેય સમજાવવામાં આવતી નથી.

તદર્થ આજે મોટાભાગના અનુયાયીઓમાં 'ગુરુ'ના વાસ્તવિક સ્વરૂપ વિશે ગેરસમજ પ્રવર્તે છે. કેટલાક તો દીક્ષાદાતા ગુરુના ચિત્રજીને પણ પોતાના અન્ય સેવ્ય સ્વરૂપ સાથે સેવામાં પધરાવી તેમની સેવા કરતાં જોવા મળે છે. તે વિશેની સાચી સમજ ભાગ્યે જ આપવામાં આવતી હોય છે. આ વિશે નિ.લી. ગો. ૧૦૮ શ્રી રણછોડલાલજી મહારાજશ્રી (રાજનગરવાળા)ના વચનામૃત (૨૮) લક્ષમાં લેવા જરૂરી ગણાય! આપશ્રીએ ચોખવટ કરી છે કે **"શ્રી મહાપ્રભુજીનું ભાવાત્મક સ્વરૂપ શ્રીનાથજીના હૃદયમાં બિરાજે છે. માટે શ્રીનાથજીની સેવામાં શ્રી મહાપ્રભુજીની સેવા આવી જાય છે. તેથી શ્રી મહાપ્રભુજીના ચિત્રજી પધરાવીને તેમની સેવા કરવાની પ્રથા આપણે ત્યાં નથી."**

ઉપરોક્ત ખુલાસાથી એ વાત સ્પષ્ટ થાય છે કે જો સ્વયં શ્રી મહાપ્રભુજીના ચિત્રજીને 'શ્રી'ના સ્વરૂપ સાથે પધરાવવા વિશે જો આ પ્રમાણે આજ્ઞા હોય તો દીક્ષાદાતા ગુરુના ચિત્રજીને સેવામાં પધરાવવા કેટલા ઉપયુક્ત ગણાય, તે સમજવું જરૂરી છે.

**પુષ્ટિમાર્ગમાં દીક્ષાદાતા વલ્લભકુળ આચાર્યશ્રીનું ચોક્કસ મહત્ત્વ નકારી ન શકાય.** તેમના થકી જ વર્તમાનમાં અનુયાયીને 'બ્રહ્મસંબંધ'

દીક્ષા પ્રાપ્ત થાય છે, સેવ્ય સ્વરૂપ પધરાવી દેવામાં આવે છે, સંપ્રદાય વિશે માર્ગદર્શન તેમની પાસેથી અપેક્ષિત હોય છે. તદર્થ તેમના પ્રત્યે અનુયાયીનો શ્રી વલ્લભવત્ વ્યવહાર આવશ્યક છે. તદ્વત તેમનામાં ભાવ કેળવવો તેથી જરૂરી છે. **પરંતુ સાક્ષાત્ શ્રી મહાપ્રભુજીની બાદબાકી કરી માત્ર તેઓજ વ્યક્તિગત રૂપે 'ગુરુ' છે, અને તેમના જ વચન 'પ્રમાણ' છે તેમ માનવું તે ભુલ ભરેલી માન્યતા છે.** વાસ્તવમાં સ્વયં દીક્ષાદાતા આચાર્યશ્રીઓએ જ આ હકીકત અનુયાયીઓને સમજાવવી જોઈએ. પુષ્ટિમાર્ગનું અનુસરણ કરવા ઈચ્છતા સૌ કોઈ એ આ બાબત સારી રીતે જાણી લેવી જોઈએ.

સમગ્ર વલ્લભીય સૃષ્ટિ દશદિગતવિજયી લેખવાળા શ્રી પુરુષોત્તમજીના સદૈવ ઋણી રહેશે, કારણ કે તેમણે શ્રીમદાચાર્યચરણની દુર્બોધ વાણીને સુબોધ કરી સમજાવવા માટે અનેક ગ્રંથોની રચના કરી છે. કહેવાય છે કે તેમનું નવ લાખ શ્લોકોનું સાહિત્ય છે જેનો કદાચ સંપૂર્ણપણે ગુજરાતી અનુવાદ અદ્યપર્યંત ઉપલબ્ધ નથી. **અણુભાષ્ય** જેવા પ્રકીર્ણ ભાષ્ય ગ્રંથ પર **'પ્રકાશ'** નામક ટીકા આપશ્રીએ લખી છે જે તેર વોલ્યુમમાં પ્રકાશિત થયેલ છે. **તત્ત્વાર્થદીપ નિબંધ** ગ્રંથ જે શ્રી મહાપ્રભુજીનો સ્વતંત્ર મહત્ત્વ પૂર્ણ ગ્રંથ છે, જેમાં તેમણે ગીતા, ભાગવત ઉપરાંત સર્વ ભગવદ્ શાસ્ત્રોનો નિચોડ પ્રસ્તુત કર્યો છે, તેને પણ જો શ્રી પુરુષોત્તમજીની **'આવરણભંગ'** ટીકા ઉપલબ્ધ ન હોત તો યથાર્થરૂપે સમજવો કઠીન હોત ! તે સિવાય તેમના અનેક પ્રકીર્ણ ગ્રંથોની સૂચી ખૂબ લાંબી છે.

પરંતુ તેઓએ પોતાને વલ્લભવંશજ હોવા છતાં પણ પુષ્ટિમાર્ગના **'ગુરુ'** ન ગણાવતાં **'ગુરુદ્વાર'** બતાવ્યા છે, તેમણે ગુરુરૂપે એક માત્ર શ્રી મહાપ્રભુજીને જ બિરદાવ્યા છે.

તેવી જ રીતે શ્રી મહાપ્રભુજીની **'દાર્શનિક'** એવમ્ **'વ્યવહારીક'** વિચારધારાને વિસ્તારપૂર્વક સમજાવવાનું ભગીરથ કાર્ય **શ્રી હરિરાયચરણે** પણ અદ્ભૂત કર્યું છે. તેમણે શ્રી મહાપ્રભુજીનું **'અશેષમાહાત્મ્ય'** શ્રી ગુસાંઈજીમાં પ્રતિપાદિત કર્યું છે પરંતુ ક્યાંય પણ પોતાને પુષ્ટિમાર્ગના 'ગુરુ' સ્થાને ગણાવ્યા નથી. તેમ છતાં અનેક ગ્રંથોની રચના કરી તેમણે શ્રીમદાચાર્યચરણના સિદ્ધાંતોને સરળતા પૂર્વક સમજાવ્યા છે. તેમણે પ્રકટ કરેલા દૈન્યભાવનો જોટો મળવો મુશ્કેલ છે.

**વર્તમાન શ્રી વલ્લભકુળ આચાર્યો પણ પોતાને ગુરુપદે ન બિરદાવતાં શ્રી મહાપ્રભુજીને જ પુષ્ટિમાર્ગમાં ગુરુ રૂપે/આચાર્ય તરીકેની રજુઆત તેમના વક્તવ્યોમાં મોટાભાગે કરતાં હોય છે, કારણ કે આપશ્રી સમસ્ત વલ્લભકુળના પણ ગુરુ છો તેથી તેમની બરાબરી કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.**

તેમ છતાં કેટલાક અનુયાયી વૈષ્ણવો અજ્ઞાનવશ કે કોઈ સ્થાપિત હિતને કારણે એક અથવા બીજા માધ્યમથી વર્તમાન આચાર્યોને જ માત્ર **'ગુરુ'** રૂપે રજુઆત કરતા જોવા મળે છે, તદ્વિષયક સોશીયલ મીડિયામાં સંદેશા પણ વહેતા મુકાતા જોવા મળે છે, જેમાં તેઓ જેમની સાથે સંકળાયેલ હોય તેમનો સુવ્યવસ્થિત પ્રચાર કરતા જોવા મળે છે. જોવાની વાત એ છે કે તેમાં પણ શ્રી વલ્લભકુળને સમગ્રપણે 'ગુરુ' ન માનતા પોતાના દીક્ષાદાતાને જ ગુરુ માનવાની માનસિકતા મોટાભાગે ધરાવતાં હોય છે, જે હકીકતમાં ગેરસમજ છે, એટલું જ નહીં સંપ્રદાયની સમગ્રતા તેમજ અખંડતા માટે હાનીકારક છે.

તદર્થ, પુષ્ટિમાર્ગનું યથાર્થ અનુસરણ કરનાર સૌ કોઈ વલ્લભીયજનોએ આ તથ્યને સાચા સ્વરૂપમાં સમજવું અગત્યનું છે અને પોતે માત્ર શ્રી વલ્લભાધીશનો અનુયાયી છે, ભલે તેણે કોઈ પણ વલ્લભકુળ આચાર્યશ્રી દ્વારા બ્રહ્મસંબંધની દીક્ષા ગ્રહણ કરી હોય, તેવી

સાચી સમજણ કેળવવી આવશ્યક છે, કારણ કે **પુષ્ટિમાર્ગમાં 'ફલ' કેવળ શ્રી વલ્લભાચાર્યજી થકી જ પ્રાપ્ત થઈ શકે છે**, એ વાત શ્રી ગોકુલનાથજીએ સર્વોત્તમજીમાં 'ગુરુ' નામની વ્યાખ્યા કરતાં સમજાવ્યું છે.

ઉપરોક્ત વિભિન્ન આચાર્યોના વચનો સ્પષ્ટ રૂપે પ્રમાણિત કરે છે કે શા માટે, જેમનું પુષ્ટિ-ભક્તિમાર્ગે ચાલી ભગવદ્ પ્રાપ્તિનું ધ્યેય છે, એવા પુષ્ટિજીવોએ શ્રી મહાપ્રભુજીને જ ગુરુ રૂપે સ્વીકારી તેમના વચનોને જ અનુસરવા આવશ્યક છે. વર્તમાનમાં વિશેષતઃ જ્યારે આપણે શ્રી વલ્લભકુળ આચાર્યશ્રીઓને **'ગુરુદ્વાર'** રૂપે સ્વીકારી તેમના દ્વારા શ્રી વલ્લભના સેવક બનીએ છીએ, ત્યારે તેમની આજ્ઞા પાલનમાં સાવધાની રાખવી જરૂરી છે, કેમકે જ્યાં તેમના વિચારો આજ્ઞાઓ કે વ્યવહાર જો મૂલાચાર્યોના સિદ્ધાંતને સુસંગત ન હોય ત્યાં ભ્રમિત થવાની સંભાવના રહે છે. તેથી શ્રી મહાપ્રભુજીના વચનોને જ પ્રમાણરૂપ સ્વીકારવાનો આગ્રહ જરૂરી છે.

વર્તમાનમાં એવું જોવા મળે છે કે કેટલાક આચાર્યશ્રીઓ, ખાસ કરીને વર્તમાનની યુવા પીઢી, સંપ્રદાયના ફલકનો વિસ્તાર કરવા એટલે કે તેને **'વિશ્વ ધર્મ'** તરીકે પ્રવર્તિત કરવા અથવા **'સર્વધર્મ સમભાવના'** દૃષ્ટિકોણને અપનાવવા કે કોઈ સામાજિક કે અન્ય હેતુથી અનેક પ્રકારની પ્રવૃત્તિમાં સહભાગી બની રહ્યા દેખાય છે, ત્યારે તેમને સંપ્રદાયના સ્થાપિત સિદ્ધાંતો સાથે સમજૂતી કરવી પડતી હોય છે. તે માટે તેઓ અન્યાશ્રય જેવા મુદ્દાઓ ઉપર બાંધછોડ કરવા માટે પણ તત્પર જણાય છે. તેના પરિણામ સ્વરૂપ અમુક અનુયાયી વર્ગ, જેઓ માત્ર દીક્ષાદાતા આચાર્યને જ પોતાના ગુરુ રૂપે સ્વીકારવાની માનસિકતા ધરાવતા હોય છે, તેઓ તેમની 'આજ્ઞા' અથવા 'આચરણ'ને પ્રમાણ રૂપે પ્રસ્તુત કરતા હોય છે, સ્વીકારતા હોય છે, તેને જ સિધ્ધાંત માની લેતા હોય છે. આ સંપ્રદાય માટે એક ઘાતક પરિસ્થિતી છે.

ઉદાહરણરૂપે વર્તમાનમાં ગણેશજીની પૂજા-અર્ચન-આરતી ઈત્યાદિમાં કેટલાક આચાર્યશ્રીઓ સામેલ થતાં હોય છે, પુષ્ટિમાર્ગમાં શ્રી યમુનાજીને ગણપતિ સ્વરૂપ સિદ્ધ કરી ગણેશ ચતુર્થીના ઉત્સવને સાંપ્રદાયીક ગણાવતાં હોય છે, ક્યાંક શિવરાત્રીમાં મહાદેવજીની પૂજાને પણ ઉચિત સમજાવતાં હોય છે કે ધર્મના વ્યાપક વ્યવહારને નામે મજાર પર ચાદર ચઢાવવાની પ્રક્રિયા પણ અપનાવતા જોવા મળે છે, ત્યાં શ્રી મહાપ્રભુજી, શ્રી ગુસાંઈજી, શ્રી હરિરાયજી ઈત્યાદિ દ્વારા નિર્દિષ્ટ અનન્યતાનો સિદ્ધાંત, અન્યાશ્રયના બાધક હોવાની આજ્ઞાનો ઉચ્છેદ થઈ જતો હોય છે, જે ખૂબ જ ગંભીર બાબત છે. **અનેક આચાર્યોએ 'અન્યાશ્રય'ને મહાબાધક ગણાવ્યો છે.**

આ વિષયમાં શ્રી મહાપ્રભુજીના સમયમાં પુષ્પદંતાચાર્ય સાથે સંવાદ, વાર્તા સાહિત્યના અનેક પ્રસંગો, પ્રાચીન આચાર્યોના વચનામૃતો, આપશ્રીના અનન્યતાના સિદ્ધાંતોની પુષ્ટી કરનારા પ્રમાણો સાક્ષી છે. સાથે એ પણ વાસ્તવિકતા છે કે પૂર્વાચાર્યોએ માનવીય સંવેદનાને અગ્રિમતા આપેલી છે, તેમજ કોઈ પણ જાતી કે ધર્મના ભેદભાવ વિના તેમણે જીવોને શરણે લઈ તેમનો ઉદ્ધાર કર્યો છે. માપદંડ એકજ કે તેને 'માર્ગ રૂચી' હોવી જોઈએ, તે પુષ્ટિજીવ હોવો જોઈએ તેમજ શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતો સ્વીકારવા તે તત્પર હોવો જોઈએ, કેમકે **પુષ્ટિમાર્ગ કોઈ પણ જીવ માટે હોઈ શકે છે, પરંતુ તે હરકોઈ (સર્વ) માટે નથી જ!** આ વાતનું પ્રમાણ શ્રીમદાચાર્યચરણના **'પુષ્ટિપ્રવાહ મર્યાદા ભેદ'** ગ્રંથમાં મળે છે.

લાગતા વળગતા સૌ કોઈએ આ વિવેક જાળવવો જરૂરી છે અને પુષ્ટિમાર્ગને અનુસરવા ઈચ્છનારે સાવધાની રાખવી આવશ્યક છે !

જેમનું લક્ષ **'ભગવદ્ પ્રાપ્તિ'**નું છે અને તદર્થ જેઓ શ્રી વલ્લભાચાર્યજીને **'ગુરુ'** તરીકે સ્વીકારી તેમને ચીંધેલા પુષ્ટિ-પથનું

અનુસરણ કરવા તત્પર છે, તેમણે આપશ્રીના '**અનન્યતા**' એવમ્ '**અનન્યાશ્રય**'ના દૃષ્ટિકોણને સારી રીતે સમજવો આવશ્યક છે. 'સર્વધર્મ સમભાવ', અન્ય ધર્મો/સંપ્રદાયો પ્રત્યે સહિષ્ણુતા, ઈતર દેવી-દેવતાઓ પ્રત્યે આદરભાવ એક વાત છે અને તે ધર્મો/સંપ્રદાયોના વિધિ-વિધાનને અપનાવવા, અનુસરવા, જેનાથી આપણી અનન્યતા ખંડિત થાય તે બીજી વાત છે, અન્ય ધર્મ પ્રત્યે સહિષ્ણુતાનો અર્થ તેના મૂલ્યોને સ્વીકારી અપનાવી લેવા ન હોઈ શકે.

વર્તમાનમાં શ્રીમદાચાર્યચરણની સ્પષ્ટ આજ્ઞા- "**અન્યસ્ય ભજન તત્ર સ્વતો ગમનનમેવય, પ્રાર્થના કાર્ય માત્રેપિ તતોન્યત્ર વિવર્જયેત**" (વિ.ધૈ.આ.-૧૪) અર્થાત્ 'શ્રી હરિ સિવાય અન્યનું ભજન, સ્વયં ત્યાં જવું અને કાર્ય માત્રમાં અન્યની પ્રાર્થનાનો ત્યાગ કરવો'. તેમજ શ્રી ગુસાંઈજીના વચન- "**અન્યસંબંધગન્ધોપિ કંધરામેવ બાધતે**" (વિજ્ઞપ્તિ), અર્થાત્ 'અન્ય સંબંધનો ગંધ (અન્યાશ્રય) ગરદન કપાવવા જેવો છે.' (કેટલી ગંભીર વાત છે!) તેની અહલેહના કરી, કેટલાક આચાર્યશ્રીઓની પ્રવૃત્તિ કદાચ સંપ્રદાયનો વ્યાપ વધારાના હેતુથી કે પોતાને કે સંપ્રદાયને 'સંકુચિત' માની ન લેવામાં આવે એવી ભીતિથી અથવા નીજ લાભ-પૂજાર્થે અન્ય દેવોની પૂજા-અર્ચના-આરતી ઈત્યાદિમાં સામેલ થવાની જોવા મળે છે. સંપ્રદાય માટે આ શૌચનીય વિષય છે.

કોઈક આચાર્યશ્રીએ તો દ્રવ્યોપાર્જન હેતુ અનિચ્છાથી વિના આસક્તિ આવા ઉપક્રમને અન્યાશ્રય કે અનન્યાશ્રયનો બાધ ન ગણાય તેવી દલીલ પણ પ્રસ્તુત કરેલી છે. અહીં '**અન્ય**'ની વ્યાખ્યા સમજવી જરૂરી ગણાય. '**કૃષ્ણાશ્રય**'ની ભૂમિકામાં કહેવામાં આવ્યું છે કે "**કૃષ્ણ એવ ગતિર્મમ**"મા '**એવ**'નું તાત્પર્ય છે કે '**શ્રીકૃષ્ણ**'ના મૂળ રૂપ સિવાય બીજા બધા, વિભૂતિ રૂપો, લૌકિક કે અલૌકિક, જડ, ચેતન, દેવ, દાનવ, માનવ, પશુ, પક્ષી ઈત્યાદિને '**ભક્તિમાર્ગ**' એવમ્ '**પ્રપત્તિ માર્ગ**'માં

આશ્રયના દૃષ્ટિકોણથી **'ઈતર'** કે **'અન્ય'** માનવામાં આવ્યા છે. અર્થાત્ તે બધા રૂપો આશ્રયણિય નથી.

પુષ્પદંતાચાર્યના પ્રસંગમાં શ્રી મહાપ્રભુજીએ ગણપતિજીની પૂજાની આવશ્યકતાને નકારી હતી, કારણ કે ભગવાનની ભક્તિમાં સર્વ દેવોની ભક્તિ સમાધી છે અને વિવિધ દેવો દ્વારા અપાતા ફલ વાસ્તવમાં ભગવાન જ આપે છે, તેવો ખુલાસો ગીતામાં કરવામાં આવ્યો છે. પ્રાચીન આચાર્યોના વચનામૃતોમાં અમુક આચાર્યો દ્વારા અન્યાશ્રય કરાતાં સ્વયં શ્રી ઠાકોરજીએ અંતર્ધ્યાન થઈ જવાનું જણાવતા તેમના પિતાએ તેમનો ત્યાગ કર્યો હોવાનો ઈતિહાસ છે. (કાકા વલ્લભજીના વચનામૃત-૨૫)

પરંતુ આજે સામાન્ય એવી માનસિકતા પ્રવર્તે છે કે કોઈ આચાર્યશ્રી જો આવા ઉપક્રમોમાં સામેલ થતાં હોય તો તે પ્રમાણરૂપ હોઈ તેને બાધક ન ગણાય, અને તેનું અનુકરણ કરવામાં કશું અયોગ્ય નથી. સંપ્રદાય માટે આ એક ઘાતક પરિસ્થિતી છે. માટે જ સાચા અર્થમાં પુષ્ટિમાર્ગનું અનુસરણ કરવા ઈચ્છનારે માત્ર શ્રી મહાપ્રભુજીને જ **'ગુરુ'** રૂપે સ્વીકારી તેમના વચનોને જ **'પ્રમાણ'** ગણી તેનો અમલ કરવો જરૂરી છે. વર્તમાન શ્રી વલ્લભકુળની આજ્ઞા અને તેમનો વ્યવહાર શ્રીમદાચાર્યચરણના સિદ્ધાંતોને અનુરૂપ હોય તોજ તદનુસાર અનુયાયીઓએ આચરણ કરવું જોઈએ, અન્યથા નહીં. શ્રી મહાપ્રભુજીની આજ્ઞાથી વિપરીત વર્તન જ **'ગુરુદ્રોહ'** ગણાય તે વાત સારી રીતે સમજવાની જરૂર છે.

આજે અનેક શ્રી વલ્લભકુળ આચાર્યશ્રીઓ દેશ વિદેશમાં ધર્મના/પુષ્ટિમાર્ગના પ્રચારાર્થે ભાગવત સપ્તાહો/ગોપીગીત/રાસ પંચાધ્યાયી/શ્રીનાથજી ચરિત્રામૃત ઈત્યાદિ સત્સંગના વિવિધ કાર્યક્રમો આયોજિત કરી રહ્યા છે. તેમાં મોટાભાગે મૂળ કથાને પણ લૌકિક ઉદાહરણોમાં લપેટીને કહેવાતી હોય છે, તેમજ શ્રોતાગણોને આનંદ

પમાડવા ભગવાનની અંતરંગ લીલા-ભાવનાનું વર્ણન કરવામાં આવતું હોય છે. બહુ ઓછા આચાર્યશ્રીઓ એવા હશે જેઓ શ્રીમદાચાર્યચરણના દાર્શનિક/સિદ્ધાંત પક્ષની સુબોધિનીજી આદિ ગ્રંથોના આધારે તદ્વિષયક ચર્ચા કરતા હશે, તથા પુષ્ટિમાર્ગના ભાવ પક્ષ તેમજ તેની સાધના પ્રણાલી પાછળ રહેલા રહસ્યોને, તેના મર્મને સમજાવતાં હશે.

વાસ્તવમાં, કથા કરવી/કહેવી તે પુરાણીકનું વ્યવસાયીક કર્તવ્ય છે, જ્યારે શ્રી મહાપ્રભુજી તેમજ પૂર્વાચાર્યોના ગહન ગ્રંથોને સમજાવવા તે વર્તમાન આચાર્યશ્રીઓ પાસે અપેક્ષા રખાતી હોય છે, કારણ કે તેમના ગ્રંથો બુદ્ધિશાળી મનુષ્ય માટે પણ સમજવા કઠીન હોય છે, ત્યાં સામાન્ય અનુયાયીને તો તે કેમ સમજાય ? તદર્થ જ શ્રી ગુસાંઈજી, તેમના પ્રતાપી બાળકો, શ્રી પુરુષોત્તમજી, શ્રી હરિરાયજી ઈત્યાદિ પૂર્વાચાર્યોએ તેમની ટીકાઓ દ્વારા જે તે ગ્રંથોના મર્મને સમજાવવા અનેક ગ્રંથોનું આલેખન કર્યું છે. 'ગુરુદ્વાર' રૂપ વર્તમાન શ્રી વલ્લભકુળ આચાર્યશ્રીઓ પાસે અનુયાયી વર્ગની એવી અપેક્ષા રહે કે તેમના દ્વારા શ્રીમદાચાર્યચરણની 'દુર્બોધ વાણી'ને તેઓ સરળતાથી સમજી શકે, જેથી તદનુસાર તેનું આચરણ પણ કરી શકાય, જે પુષ્ટિ-ફળની પ્રાપ્તિ માટે આવશ્યક છે. પરંતુ વર્તમાનમાં આ વિષયમાં પ્રવૃત્તિ નહીંવત્ જણાય છે, જેને સંપ્રદાયનું દુર્દૈવ ગણાય.

થોડા સમય પૂર્વે એક આચાર્યશ્રીને તેમના સેવકોએ પ્રવચન કરવા વિનંતી કરી ત્યારે તેમણે જવાબ આપેલો કે **"તે કામ શાસ્ત્રીઓનું છે, ગુરુ તરીકે મારું કર્તવ્ય તમારા સિદ્ધાંત વિષયક પ્રશ્નોના ખુલાસા કરવાનું છે."** કાશ બધા જ વલ્લભકુળ આચાર્યશ્રીઓનો અભિગમ આ પ્રકારનો હોય. સર્વે પોતપોતાના ક્ષેત્રમાં વલ્લભીય વૈષ્ણવોને એ પ્રકારનો સ્વાધ્યાય કરાવતા હોય તો આજે જે સંપ્રદાયનું અંધાનુકરણ થઈ રહ્યું છે તે ન થાત !

'પરમ ફલ'ની પ્રાપ્તિ માટે શ્રી મહાપ્રભુજીએ પ્રવર્તિત કરેલી

પુષ્ટિમાર્ગીય સાધના-પ્રણાલી, જેને આપણે તેમનું '**ધર્મદર્શન**' કહીએ, તે તેમના દ્વારા પ્રતિપાદિત વિવિધ ભગવદ્ શાસ્ત્રો પર આધારિત દાર્શનિક સિદ્ધાંતો પર આધારિત છે, મનઘડંત નથી, તે તેમનું '**તત્ત્વદર્શન**' કહેવાય. પુષ્ટિમાર્ગે ચાલવા માટે તે બન્ને યથાર્થ રૂપે સમજવા આવશ્યક ગણાય. વર્તમાન વિદ્વાન આચાર્યશ્રીની આ વાણી સાર-ગર્ભિત છે-

**''સાકાર-બ્રહ્મવાદકે બિના હમારી પુષ્ટિભક્તિ કે અન્ધશ્રદ્ધામેં બદલ જાનેકી સંભાવના હૈ તથા પુષ્ટિભક્તિ કે બિના સાકાર-બ્રહ્મવાદી દૃષ્ટિ હમારે પંગુવિશ્વાસકી દ્યોતક હોગી. આવશ્યકતા હૈ અતઃ પુષ્ટિભક્તિ કે માર્ગ પર સાકાર-બ્રહ્મવાદી દૃષ્ટિ સે સંપન્ન હો કર ચલનેકી.''** (સાકાર બ્રહ્મવાદ 'ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રી)

કદાચ આ વાસ્તવિકતાને સમજાવવા માટે જ શ્રી મહાપ્રભુજીએ પોતાના મહત્ત્વપૂર્ણ ગ્રંથ '**તત્ત્વાર્થદીપ નિબંધ**'ના પ્રારંભમાં જ **''શાસ્ત્રમ અવગત્ય મનોવાગ્દેહૈઃ કૃષ્ણ સેવ્યઃ''**ની આજ્ઞા કરી હશે !

પરંતુ આજની પરિસ્થિતીનું અવલોકન કરતાં જણાય છે કે બહોળા પ્રમાણમાં અનુયાયી શ્રી મહાપ્રભુજીના સાચા ઉપદેશને જાણવાની જીજ્ઞાસા વિના કે તેને સમજ્યા વિના, તે તરફ દુર્લક્ષ કરી, કેવલ પોતાના દીક્ષાદાતા આચાર્યને જ ગુરુ રૂપે સ્વીકારી, તેમની જ આજ્ઞા/ઉપદેશને માથે ચઢાવવાની માનસિકતા ધરાવે છે, અને એકબીજાનું અંધાનુકરણ કરતા હોય છે. પરંતુ પુષ્ટિમાર્ગના આદ્ય આચાર્યના સિદ્ધાંત સમજવાની દરકાર કરતા નથી તેથી આવશ્યકતા છે આ વિષયમાં ગંભીરતાપૂર્વક વિચાર કરવાની.

ઉપરોક્ત સર્વ પ્રમાણોથી સ્પષ્ટતયા સમજી શકાય છે કે પુષ્ટિમાર્ગમાં શ્રી મહાપ્રભુજીની સર્વોપરિતા નિર્વિવાદ સર્વ સ્વીકૃતિ ધરાવે છે. કોઈ પણ આચાર્યશ્રી અથવા અનુયાયી આ વાતને નકારી શકતા નથી, કારણ કે શ્રી

વલ્લભના આશ્રય વિના અર્થાત્ તેમની શરણાગતિ સ્વીકાર્યા વિના અથવા જેમાં '**શ્રી વલ્લભ**'નું નામ ન જોડાયું હોય તેવી પુષ્ટિમાર્ગના નામે કોઈ પણ ગતિવિધી ચાલી શકે નહીં. શ્રી વલ્લભાચાર્યજીના નામ વિના સ્વતંત્રપણે આયોજિત પુષ્ટિ-સંપ્રદાયના કાર્યની સફળતા સંભવિત જ નથી. તેથી જ, હકીકતમાં એવા કાર્યક્રમો કે આયોજનોમાં અથવા તેની પ્રક્રિયા જેમાં શ્રી મહાપ્રભુજીનો કે તેમનો સિદ્ધાંતોનો દૂરનો પણ નાતો ન હોય, તેમાં પણ સંપ્રદાયથી જોડાયેલ અથવા તેના બહારના લોકો પુષ્ટિમાર્ગના અનુયાયી વર્ગને ભ્રમિત કરવા માટે શ્રી મહાપ્રભુજીનું નામ જોડી દેતા જોવા મળે છે.

વાસ્તવમાં '**પુષ્ટિમાર્ગ**' અને '**શ્રી વલ્લભાચાર્યજી**'એ બે શબ્દો એક બીજાના પર્યાયવાચી (synonym) જેવા છે. એકના વિના બીજાનું અસ્તિત્વ સંભવિત નથી. શ્રી વલ્લભચાર્યજી વિના પુષ્ટિમાર્ગનું અસ્તિત્વ અથવા વજુદ ન હોઈ શકે! તેથી આ પ્રકારનો પાખંડ આચરાતો જોવા મળે છે.

ભક્તિમાર્ગનું પ્રતિપાદન/પ્રવર્તન તો અગિયારમી શતાબ્દીમાં શ્રી રામાનુજાચાર્યજીએ કર્યું હતું જે આજે પણ દક્ષિણ ભારતમાં સવિશેષ પ્રચલિત છે. તેવી જ રીતે ભારતના અનેક પ્રદેશોમાં વિવિધ ભક્તિ-સંપ્રદાયો વિકાસ પામ્યા છે અને આજેય અસ્તિત્વ ધરાવે છે. ભક્તિની સંકલ્પના તો વેદકાળથી ચાલી આવે છે. પરંતુ '**પ્રેમલક્ષણા પુષ્ટિ ભક્તિમાર્ગ**' માત્ર શ્રી વલ્લભાચાર્યજીનું વિશિષ્ટ યોગદાન છે. તેની વિશેષતા એ છે કે શાસ્ત્રોમાં વર્ણિત સાધનોની અપેક્ષા વિના ભગવાનની નિર્ગુણ ભક્તિ દ્વારા સ્વયં તેમની કૃપાથી ભગવાનને પ્રાપ્ત કરવાનો આ વિશિષ્ટ માર્ગ- '**પુષ્ટિમાર્ગ**' તેમણે વિવિધ ભગવદ્-શાસ્ત્રોના પ્રમાણોના આધારે પ્રસ્થાપિત/પ્રવર્તિત કર્યો છે.

શ્રી મહાપ્રભુજીએ તદ્વિષયક તેના અસંદિગ્ધ સ્પષ્ટ સિદ્ધાંતો

પ્રતિપાદિત કર્યા છે અને તેને આ માર્ગનું અનુસરણ કરવા યોગ્યતા ધરાવનાર અને ઈચ્છનાર અનુયાયીઓના માર્ગદર્શન માટે પોતાના વિવિધ ગ્રંથોમાં આલેખિત કર્યા છે. આ ગ્રંથોમાં પ્રતિપાદિત કરાયેલા સિદ્ધાંતોને વધુ વિસ્તારપૂર્વક સમજાવવા માટે તેમના અનુવર્તિ આચાર્યો દ્વારા અનેક ટીકાઓ/વિવૃત્તિઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે. તદ્નુસાર તેનું આચરણ કરનાર અનુયાયીને **'પરમ ફલ'**ની પ્રાપ્તિ કરાવવા માટે શ્રી મહાપ્રભુજી જ માત્ર સક્ષમ છે. તેથી જ શ્રી ગુસાંઈજીએ શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં તેમનું એક નામ **'ગુરુ'** બતાવ્યું છે, જે સૂચક છે, કારણ કે તેમના સિવાય અન્ય કોઈ ફલ અપાવવાનું સામર્થ્ય ધરાવી શકે નહીં. તેમના એકમાત્ર 'ગુરુ પદ'ને અનુમોદન આપનારા અન્ય પૂર્વાચાર્યોમાં શ્રી ગોકુલનાથજી, શ્રી પુરુષોત્તમજી, શ્રી હરિરાયજી ઉલ્લેખનીય છે.

આપણે જ્યારે પ્રાચીન આચાર્યોના વચનામૃતો તેમજ અર્વાચીન શ્રી વલ્લભકુળ બાળકોના પ્રવચનો/વક્તવ્યોનું અવલોકન કરીએ તો, સામાન્યતઃ ઉપરોક્ત હકીકત **(પુષ્ટિમાર્ગમાં એકમાત્ર શ્રી મહાપ્રભુજી જ ગુરુ છે)** તેની વિરુદ્ધ વચન જાણવા-સાંભળવા નહીં મળે. વર્તમાનમાં પણ પ્રત્યેક ગોસ્વામી આચાર્યશ્રીઓ ગાઈ-વગાડીને શ્રી મહાપ્રભુજીની મહત્તા સમજાવતાં હોય છે અને તેમની શરણાગતિ સ્વીકારવાનો ઉપદેશ પણ આપતાં હોય છે. શ્રી મહાપ્રભુજીના અનેક પદોમાં, તેમના ધોળપદમાં પણ એક માત્ર તેમને જ ગુરુ રૂપે સ્વીકારવાનો ઉપદેશ વાંચવા મળે છે.

તેમ છતાં આજે મોટાભાગના અનુયાયીઓ, જે પણ આચાર્ય બાળક પાસેથી તેઓ બ્રહ્મસંબંધની દીક્ષા પ્રાપ્ત કરે છે, તેમને જ માત્ર પોતાના ગુરુ તરીકે સ્વીકારવાની માનસિકતા ધરાવતા હોય છે. વાસ્તવમાં શ્રી મહાપ્રભુજી આ સંપ્રદાયમાં સર્વના 'ગુરુ' છે, તેવી અવધારણા બહુ ઓછા લોકોની હોય છે. **કેટલાક તો વળી શ્રી મહાપ્રભુજીને શ્રી નાથજી, શ્રી**

**યમુનાજી, શ્રી ગિરિરાજજી ઈત્યાદિ સ્વરૂપોની માફક કોઈ સેવનીય સ્વરૂપ તરીકે જ માનતા હોય છે, પરંતુ તેઓ આ સંપ્રદાયના મૂળ આચાર્ય છે, અને તદર્થ 'ગુરુ' પણ તેઓ જ છે, અને તેમના વતી, તેમની કાનીથી, તેમણે કોઈ વલ્લભકુળ આચાર્યશ્રી દ્વારા બ્રહ્મસંબંધ કર્યું છે અને તેથી શ્રી મહાપ્રભુજી તેમના ગુરુ છે**, તેવી સમજ હોતી નથી. આના અનેક કારણો દૃષ્ટિગોચર થાય છે.

જો આપણે આ વાસ્તવિકતાનું વિશ્લેષણ કરીએ તો જણાશે કે મોટાભાગના દીક્ષાર્થીને પોતાને સ્પષ્ટરૂપે ખબર હોતી નથી કે તેઓ શા માટે દીક્ષા લઈ રહ્યા છે? અથવા તેનું તાત્પર્ય કે મહત્ત્વ શું છે? આ બાબતથી તેઓ પૂર્ણતયા અનભિજ્ઞ હોય છે, કારણ કે દીક્ષા લીધા પહેલા કે પછી, આ વિશે તેને તદર્થ કોઈ પ્રકારની જાણકારી આપવામાં આવતી હોતી નથી. ન તો તેમના પરિવારજનો તેમને આ બાબત સમજાવતાં હોય છે કે ગુરુજનો તદ્વિષયક કોઈ ખુલાસો કરતાં હોય છે. તેથી 'બ્રહ્મસંબંધ'ની પ્રક્રિયા માત્ર એક ઔપચારિક ક્રિયા બની રહે છે!

તેના કારણે બ્રહ્મસંબંધ કરનારને નતો તેની પૂર્વ ભૂમિકાની જાણકારી હોય છે કે ન તત્પશ્ચાત પોતાના કર્તવ્યની. કારણ કે બ્રહ્મસંબંધ કર્યા પછીના કર્તવ્ય બોધ માટે, સંપ્રદાયમાં કોઈ પણ પ્રકારની વિધીવત્ પ્રશિક્ષણની વ્યવસ્થા અસ્તિત્વ ધરાવતી નથી. તેથી દીક્ષાર્થી જે કાંઈ માહિતી પોતાના પરિવારજનો દ્વારા (જો તેઓ પુષ્ટિમાર્ગીય હોય તો) અથવા અન્ય વૈષ્ણવોના સંપર્કમાં આવવાથી મેળવે છે. કેટલાકને તો કહેવાતા વૈષ્ણવો પોતાના વિશિષ્ટ હેતુથી પરિવારજનોને, તેમજ પોતાના ચાકરોને દીક્ષા અપાવતાં હોય છે, જેમની પોતાની ન તદ્વિષયક આસ્થા હોય છે, ન તેની કોઈ આવશ્યકતા! કારણ કે મૂળમાં જ તેમનું જોડાણ પુષ્ટિમાર્ગ સાથે કોઈ પણ પ્રકારે હોતું નથી. મોટા ભાગે આવા વર્ગની આસ્થા અન્યત્ર રહેલી જોવા મળે છે. પુષ્ટિમાર્ગીય મંદિરોના

કર્મચારીઓની મોટાભાગની આ સ્થિતી હોય છે.

બ્રહ્મસંબંધ કરતી વેળા દીક્ષાર્થી થોડાક સમય માટે દીક્ષાદાતા આચાર્યશ્રીના સંપર્કમાં આવતો હોય છે, તેથી પ્રથમ દિવસથી જ દીક્ષાદાતા આચાર્ય જ પોતાના 'ગુરુ' હોવાની તેની માનસિકતા ઘડાઈ જાય છે. ગુરુ તરીકે શ્રી મહાપ્રભુજીની તેને ઓળખ થતી જ નથી. તેના કારણે પુષ્ટિમાર્ગમાં શ્રી મહાપ્રભુજીના સ્થાને અનેક ગુરુ હોવાની સ્થિતી ઉદ્‌ભવી છે, જેના કારણે સંપ્રદાયમાં **'સૃષ્ટિવાદ'**નો વિકાસ થયેલો છે, અને જે વર્તમાનમાં સંપ્રદાયની વિઘટીત અવસ્થાના મૂળમાં એક વિશિષ્ટ પરીબળ છે. સંપ્રદાયમાં આજે અનેક ઘરોની, આચાર્યોની સૃષ્ટિઓ અસ્તિત્વ ધરાવે છે, પરંતુ મૂળમાં જેને **'વલ્લભીયસૃષ્ટિ'** કહી શકાય તેવું સંગઠીત એકમ નહિવત્ છે.

તદુપરાંત એવું જોવા મળે છે કે કેટલાક આચાર્યશ્રીઓના નિષ્ઠાવાન અનુયાયીઓ તેમના દીક્ષાદાતા 'ગુરુ'ને જ શ્રી વલ્લભ સ્વરૂપને બદલે વ્યક્તિગત રૂપે અથવા 'અમુક પીઠ'ના અધિપતિ તરીકે, એક અથવા બીજા માધ્યમથી વિભિન્ન સાંપ્રદાયીક આયોજનો/ઉત્સવો ઈત્યાદિમાં (સોશિયલ મીડિયા સહિત) ''ગુરુ'' રૂપે પ્રમોટ કરતા હોય છે, શ્રી વલ્લભાધીશનો જયકાર કરવાને બદલે તેમના વ્યક્તિગત નામની 'જય' બોલાવવાનો શિરસ્તો અનેક સ્થાને પ્રવર્તે છે, જેથી સ્વાભાવિક રીતે તેમના દ્વારા દીક્ષિત અનુયાયી માત્ર જે તે આચાર્યશ્રીને જ 'ગુરુ' રૂપે સમજવાની કે સ્વીકારવાની મનોભૂમિકા ધરાવતા હોય છે. સર્વે આચાર્યશ્રીમાં શ્રી વલ્લભનો તટસ્થ ભાવ કેળવાતો નથી. તદર્થ આજે સંપ્રદાયમાં **'સૃષ્ટિવાદ'**ના મૂળ દઢ થયેલા છે. ક્યાંક આ પ્રકારની પ્રવૃત્તિમાં પ્રત્યક્ષ/પરોક્ષ સ્વયં આચાર્યશ્રીની અનુમતિ પણ નજરે ચઢતી હોય છે. તેની પાછળ પોતાની સૃષ્ટિનો વિસ્તાર કરવાની મનોવૃત્તિ પણ કામ કરતી જણાય છે, જે 'પુષ્ટિ-સંપ્રદાય'ની સમગ્રતા તેમજ સમસ્ત 'વલ્લભીય

સૃષ્ટિ'ની એકતા અને અખંડતા માટે ઘાતક પૂરવાર થાય છે. વર્તમાનમાં સંપ્રદાયની છીન્નભિન્ન અવસ્થા તેમજ મત-મતાંતરને માટે કારણભૂત આ હકીકત છે, તે એક કટુ-સત્ય છે.

આવી પરિસ્થિતીમાં શ્રીમદાચાર્યચરણનો પોતાના અનવતાર કાળમાં પણ નિજ વંશમાં બિરાજી દૈવી જીવોને શરણે લઈ પોતે પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતોનો એકસમાન ઉપદેશ દઈ, તેમનો ઉદ્ધાર કરવાની સ્થિતી વિચારણીય બની જાય છે, કારણ કે તેમના દ્વારા પ્રસ્થાપિત મૂલ્યોનો વર્તમાનમાં હ્રાંસ થતો નજરે પડે છે, એટલું જ નહીં પરંતુ વિભિન્ન તેમજ ક્યાંક વિરોધાભાસી વિપરીત ઉપદેશો/આદેશો અપાતા જોવા મળે છે. જેના કારણે અનુયાયી વર્ગ આજે અવઢવની સ્થિતી અનુભવે છે.

**વ્યક્તિગત ધોરણે કોઈ ઉપદેશક આચાર્યશ્રી અથવા અનુયાયીને પોતાને અનુકુલ વ્યવહાર/વર્તન કરવાની સ્વતંત્રતા હોઈ શકે છે પરંતુ શ્રી મહાપ્રભુજી દ્વારા પ્રસ્થાપિત 'પુષ્ટિ-સંપ્રદાય'ની સમગ્રતાની દષ્ટિથી તેમને સ્થાપિત કરેલા સિધ્ધાંતો/મૂલ્યોની એકરૂપતા હોવી અનિવાર્ય ગણાય! તેમાં વિરોધાભાસ અનેક ગૂંચવાડા ઊભા કરે છે જે વર્તમાનમાં જોઈ શકાય છે.**

તદર્થ જ કદાચ શ્રી મહાપ્રભુજીએ 'ગુરુ' માટેનું ધારા ધોરણ પોતાના 'નિબંધ' ગ્રંથના સર્વનિર્ણય પ્રકરણ (કારિકા-૨૨૭)માં સ્પષ્ટપણે આલેખિત કરેલું હોવું જોઈએ! કેમકે, પોતે પુષ્ટિજીવને આ સંપ્રદાયને અનુસરવા માટે જે **'તત્ત્વોપદેશ'**, **'સિદ્ધાંતોપદેશ'**, **વ્યવહારોપદેશ'** તેમજ **'ફલોપદેશ'** કરવા ઈચ્છે છે, તે ત્યારેજ સંભવ બને જો, જેમણે પોતાના વતી 'ગુરુ'ની ભૂમિકા નભાવવાની છે, તેઓ તેમના **'તત્ત્વદર્શન'** તેમજ **'ધર્મદર્શન'**થી સંપૂર્ણપણે અવગત હોવા જોઈએ એટલું જ નહીં, પરંતુ તેઓ આચરતા પણ હોવા જોઈએ. તદર્થ એમણે **''કૃષ્ણસેવાની**

**પરાયણતા''**, **''ભાગવતની મર્મજ્ઞતા''** તથા **''દંભાદિરહિત''** હોવાની પૂર્વશરત સમજાવી હોવી જોઈએ !

'ગુરુ' તરીકેની યોગ્યતા ઉપરાંત પુષ્ટિ સંપ્રદાયમાં પ્રવેશ માટેની યોગ્યતા માટે પણ આપશ્રીએ **'ભજેત જિજ્ઞાસુ'** શબ્દોથી ત્યાં તેમણે ખુલાસો કર્યો છે, જે સાર ગર્ભિત છે, અર્થાત્ જેને તેઓ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ આપી રહ્યા છે, તેમને આ માર્ગને અનુસરવાની જીજ્ઞાસા છે કે કેમ તેની ખાત્રી કરવી જરૂરી ગણાય, પરંતુ વર્તમાનમાં શ્રી મહાપ્રભુજીની તે આજ્ઞાઓ પ્રત્યે દુર્લક્ષ સેવાતું સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થાય છે, જે કદાચ આજની પરિસ્થિતી માટે જવાબદાર છે !

એ વિચારણીય પ્રશ્ન છે કે પુષ્ટિમાર્ગના આદ્ય ગુરુ શ્રી વલ્લભાચાર્યજીએ શા માટે માત્ર નિજવંશજોને આ સંપ્રદાયના ગુરુપદે પ્રસ્થાપિત ન કરતાં આ સંપ્રદાયના અનુયાયીએ કેવા 'ગુરુ' કરવા જોઈએ તેનું વિધાન પોતાના **'નિબંધ'** ગ્રંથના **'સર્વનિર્ણય પ્રકરણ'**માં કર્યું હશે ? વર્તમાન પરિસ્થિતીને જોતાં આનું રહસ્ય સમજી શકાય તેમ છે.

ભગવંદનાવતાર આપશ્રી નિઃસંદેહ **'સર્વજ્ઞ'** હતાં. આવનાર સમયના એંધાણને પારખવાનું સહજ સામર્થ્ય આપનું હતું. પુષ્ટિ-ભક્તિમાર્ગના પ્રવર્તન દ્વારા આપ દૈવી પ્રકૃતિવાળા પરમ અધિકારી જીવોનો ઉધ્ધાર કરવાની નેમ ધરાવતા હતા. તદર્થ શ્રી પુરુષોત્તમજી **'આવરણભંગ'** ટીકા (પે.૫૭-૫૮)માં કહે છે તેમ **'બ્રહ્મસંબંધ'** પણ એવા અધિકારીને જ ફલોન્મુખ થાય છે, જેઓ **''કૃષ્ણસેવા પરાયણ-ઈત્યાદિ લક્ષણ યુક્ત''** ગુરુ આજ્ઞા મુજબ ભગવત્સેવાદિ કરે. તેથી જ **'નિજ વંશજ'** હોવા ઉપરાંત **'વિક્ષ્યં'** પદ યોજ્યું છે. તેનો ખુલાસો કરતાં કહે છે કે **''તેવા લક્ષણ ગુરુમાં છે કે કેમ તેની સમ્યક્ પ્રકારે પરીક્ષા આંકીને જ ગુરુ કરવા. તંત્રાદિક અન્યમાર્ગમાં ગુરુ શિષ્યની પરીક્ષા કરે છે, જ્યારે આ માર્ગમાં 'શિષ્યે**

**ગુરુની પરીક્ષા કરવી.' એમ અન્ય માર્ગ કરતાં આ માર્ગ વિલક્ષણ છે એમ જણાવાય છે. આ પ્રકારે ગુરુની પરીક્ષા ન કરવામાં આવે તો લોકમાં જેમ એક અંધ પુરુષને અનુસરનારો બીજો પુરુષ ઘેટાની માફક અનુસરે છે અને બન્ને ખાડામાં પડે છે, તેમ એક જણે અમુક ગુરુ કર્યા તેથી મ્હારે પણ તેનેજ ગુરુ કરવા જોઈએ તેવી અંધશ્રદ્ધાથી ગુરુની પરીક્ષા વિના જો ભક્તિમાર્ગમાં ગુરુ કરવામાં આવે તો ગુરુ તથા શિષ્ય બન્નેનું અધઃપતન થાય છે.''**

વર્તમાનમાં આપણે જોઈએ છીએ કે શ્રી મહાપ્રભુજી દ્વારા પ્રસ્થાપિત મૂલ્યોનું, તેમની આજ્ઞાઓનું કેટલું મહત્ત્વ તેમના જ વંશજો સ્વીકારે છે ! આપશ્રીએ પોતાના **'શિક્ષાશ્લોકી'** ગ્રંથમાં **''યદા બહિર્મુખા યુયમ્...''**નો સ્પષ્ટ નિર્દેશ આપ્યો હોવા છતાં, બહિર્મુખતાના અંગ સમા **'અન્યાશ્રયાદિ'**નું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરતાં દૃશ્યમાન થાય છે. નિબંધમાંજ જ્યાં **''શ્રીકૃષ્ણં પૂજયેદ્‌ભક્તયા''** સ્પષ્ટપણે નિર્દેશ આપ્યો હોવા છતાં સર્વ દેવી-દેવતાઓનું પૂજન-અર્ચન તેઓ સ્વયં બેઝીઝક કરતાં હોય ત્યાં, અનુયાયી વર્ગને શું સંદેશ મળે તે સમજી શકાય તેવી વાત છે. આ વાત દોષ દર્શનના કે ટીકાના રૂપમાં નહીં પરંતુ ઠોસ વાસ્તવિકતાના રૂપમાં જોવી જોઈએ.

અન્યાશ્રય બાધક હોવાના આચાર્યોના અનેક વચનો પ્રાપ્ત થાય છે. સ્વયં શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે- **''અન્યસ્ય ભજનં તત્ર સ્વતો ગમનનમેવચ''** (વિ.ધૈ.આ.); **''અન્ય સંબંધ ગંધોપિ કંધરામેવ બાધતે''** (શ્રી ગુસાંઈજી-વિજ્ઞપ્તિ); **''અન્યાશ્રયો મહાનેવ બાધકં ભીયતાં તત્ઃ''** (શ્રીહરિરાયજી-શિ.પ.), ઈત્યાદિ.

ઉપરોક્ત ખુલાસાથી સ્પષ્ટતયા ફલિત થાય છે કે **'ગુરુદ્વાર'** રૂપે 'યોગ્ય' વલ્લભકુળ આચાર્યશ્રીને ગુરુ બનાવવા જોઈએ તેવી સ્પષ્ટ આજ્ઞાનો નિર્દેશ શ્રી મહાપ્રભુજીએ આપેલો નથી, પરંતુ પ્રત્યેક વલ્લભકુળ સ્વતઃ (by default) પુષ્ટિમાર્ગમાં ગુરુ જ હોય તેવી અવધારણા જ પ્રવર્તે

છે, તે બિનપાયાદાર લાગે છે, અન્યથા તદ્વિષયક લક્ષણોનો નિર્દેશ આપે આપ્યો ન હોત કે તેનો ઉપરોક્ત ખુલાસો શ્રી પુરુષોત્તમજીએ ન કર્યો હોત ! આ હકીકતને નજરઅંદાજ કરી શકાય નહીં.

શ્રીમદાચાર્યચરણ એવમ્ પ્રભુચરણ શ્રી ગુસાંઈજીની વિલક્ષણતાનો પરિચય આપણને તેઓના ગ્રંથો દ્વારા સ્પષ્ટપણે મળે છે. નિજ વંશજને જ 'ગુરુ' રૂપે સ્વીકારવાની આજ્ઞા ન કરતાં, જેમનું આપણે '**ગુરુ**' તરીકે વરણ કરીએ તેમનામાં કેવા લક્ષણ હોવા આવશ્યક છે, તેનો નિર્દેશ તેમણે કર્યો છે, તે અર્થસૂચક છે. જેવા લક્ષણોનો નિર્દેશ તેમણે કરેલો છે તેવા ગુરુ જ પુષ્ટિજીવોનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય ધરાવી શકે છે. પોતાના કુળમાં જન્મ તો કર્માનુસાર ઋણાનુબંધને લઈને અનુશંગીક હોઈ શકે છે. તદર્થ, પોતાના કુળમાં પ્રાદુર્ભૂત સર્વનું આપના જેવું સામર્થ્ય હોવું આવશ્યક નથી. આ વાતનું સમર્થન અને પ્રમાણ શ્રી ગુસાંઈજી તેમના '**સપ્તશ્લોકી**' ગ્રંથમાં આપતાં કહે છે- ''**શ્રીમદ્ વલ્લભ નામધેય સદશો ભાવી ન ભૂતોસ્ત્યપિ**'' અર્થાત્ '**શ્રી વલ્લભ નામધારી ન કોઈ થયા છે ન થશે !**' આ હકીકતનું અનુમોદન શ્રી હરિરાયજીએ પણ શિક્ષાપત્રમાં અનેક ઠેકાણે કર્યું છે. જો સમસ્ત વલ્લભકુળ આચાર્યનું સામર્થ્ય શ્રી મહાપ્રભુજી વત્ માની લેવામાં આવે (જેવી આજના કેટલાક અનુયાયીની માન્યતા હોય છે) તો શ્રી ગુસાંઈજીના ઉક્ત વચનો નિરર્થક સાબિત થાય !

ચતુર્થકુમાર શ્રી ગોકુલનાથજી પણ શ્રીસર્વોત્તમજીમાં ''**સ્વવંશે સ્થાપિતાશેષ સ્વ માહાત્મ્ય**'' નામનો ખુલાસો કરતાં '**વંશ**'નો અર્થ 'પુત્ર' બતાવી, આપના અશેષ માહાત્મ્યની સીમિતતા શ્રી ગુસાંઈજી પર્યંત સમજાવે છે. સ્વયં પોતાને પણ ગુરુપદે ધરાવતાં નથી.

'નિબંધ'ના સર્વનિર્ણય પ્રકરણની કારિકા (૨૨૮)ની ભૂમિકા સમજાવતાં શ્રી પુરુષોત્તમજી લખે છે- ''**પરંતુ આ પ્રકારના લક્ષણવાળા ગુરુ કલિયુગમાં દુર્લભ છે. કલિયુગ બલિષ્ટ હોવાથી હવે થનારા ગુરુઓમાં**

**આ પ્રકારના ગુરુ લક્ષણોનો અભાવ થશે, એવો વિચાર કરી શ્રીમદાચાર્યચરણે પોતાના વિશે જ આ ભગવન્માર્ગના ગુરુત્વનું નિયમન કરતાં કહે છે- તાદભાવે સ્વયં...''**

ઉપરોક્ત સર્વ પ્રમાણો વર્તમાનમાં વલ્લભકુળ માત્રને ''**તાદૃશ્ય શ્રી વલ્લભ**'' રૂપ સ્વીકારવાની માનસિકતાનો ઉચ્છેદ કરનારા છે. જોકે **એ પણ હકીકત છે કે સંપ્રદાયના ઈતિહાસમાં વર્તમાન સમય પર્યંત અનેક પ્રતાપી આચાર્યશ્રીઓ પ્રાદુર્ભૂત થયા છે, જેમણે શ્રી મહાપ્રભુજીની આજ્ઞાઓ પર શબ્દશઃ ચાલી સમય સમય પર આ સંપ્રદાયના અનુયાયીઓને તદનુસાર માર્ગદર્શન પુરું પાડ્યું છે/પાડી રહ્યા છે. આ હકીકતનો પણ સ્વીકાર કરવો જ જોઈએ. જોકે, તેઓ પણ તેમનું સામર્થ્ય શ્રી મહાપ્રભુજીની કૃપાના પરિણામ સ્વરૂપે જ સ્વીકારતાં હોય છે.**

વર્તમાનમાં ઘટતી વિભિન્ન ઘટનાઓથી સ્પષ્ટતયા સમજી શકાય છે કે તે સર્વે (દુઃ) ઘટનાઓ શ્રીમદાચાર્યચરણના ઉપદેશોની અવહેલના કરવાના કારણે જ બનતી હોય છે. આપશ્રીનું હાર્દ પ્રભુની બિનશરતી શરણાગતિ, સમર્પણ તેમજ સન્મુખતા છે. તેનાથી વિપરીત વ્યવહાર કેટલું ભીષણ પરિણામ લાવી શકે છે, તેનો નિર્દેશ આપે પોતાના અંતિમ ગ્રંથ '**શિક્ષાશ્લોકી**'માં કરેલો છે જે આજે દૃષ્ટિગોચર થાય છે, અને તેના પરિણામોની અસર પણ જોઈ શકાય છે. એ આપણા સૌના અનુભવનો વિષય છે.

આપણે જોઈ શકીએ છીએ કે આજે સમાજમાં સૌજન્યશીલ માનવીના સ્તરથી પણ નીચે ઉતરી સ્વાર્થવશ કોઈ પણ હદ સુધી આપણે જઈ રહ્યા છીએ. શ્રીમદાચાર્યચરણે આજની પરિસ્થિતીને નિહાળીને જ તેનું તાદૃશ વર્ણન પોતાના '**કૃષ્ણાશ્રય**' ગ્રંથમાં કર્યું હોવું જોઈએ અને તે વાસ્તવિકતાનો સ્વીકાર કરી જો આપણે સાચે જ પુષ્ટિપંથના પ્રવાસી હોઈએ અને આ પંથના પ્રતિપાદક શ્રી વલ્લભના ચીંધેલા માર્ગે ચાલી

**'ભગવાનેવ ફલમ્'**ને પામવા ઈચ્છતા હોઈએ તો બે મંત્રને આત્મસાત્ કરવા પડશે- ૧. **''માત્ર ને માત્ર મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી જ મારા ગુરુ છે, અને તેમના વચન જ પ્રમાણ છે.''** ૨. **''કૃષ્ણ એવ ગતિર્મમ''- 'એક વર્યો શ્રી ગોપીજન વલ્લભ, નહીં સ્વામી બીજો.'**

આપણે જાણીએ છીએ કે જગતમાં અનેક પ્રકારની ભિન્ન ભિન્ન ધાર્મિક વિચારધારાઓ પ્રચલિત છે. તેમાં કેટલાકમાં વિચારો/સિદ્ધાંતોની અમુક અંશે પરસ્પર સામ્યતા જોવા મળે છે, તો કેટલીક બાબતોમાં વિરોધાભાસ પણ જણાતો હોય છે. એ વાત સાચી હોવા છતાં કે 'પરમ તત્ત્વ' (REALITY) તો એક જ છે, પરંતુ ઋગ્વેદ કહે છે તેમ **''એકમ્ સત્ વિપ્રાઃ બહુધા વદંતિ''**, અર્થાત્ પ્રત્યેક વ્યક્તિની જોવા, સમજવા અને મૂલવવાની દૃષ્ટિ અલગ અલગ હોય છે.

શ્રી મહાપ્રભુજીએ તે 'પરમ તત્ત્વ' (REALITY)ના અગમ્ય સ્વરૂપને સમજાવવા વિભિન્ન મતોનો ઉપસંહાર કરતાં કહ્યું છે **''સર્વવાદાનવસરં નાનાવાદાનુરોધિત''** (નિ.શા. પ્ર. ૭૦). અર્થાત્ **'એ પરમ તત્ત્વ 'બ્રહ્મ' બધી જ વ્યાખ્યાઓને અનુસરે છે** (બધા જ મતો તેનો જ બોધ આપે છે), **પરંતુ તે કોઈ પણ એક વ્યાખ્યામાં સીમિત થતો નથી.'** સ્વયં વેદની ૠચાઓ પણ 'નેતિ નેતિ' કહી અટકી જાય છે. કેટલી વિશાળ વિચારધારા ! ભાગ્યે જ કોઈ અન્ય આચાર્યોનો આવો વ્યાપક દૃષ્ટિકોણ જોવા મળે છે !

પ્રત્યેક વિચારધારાના પ્રવર્તક/અનુયાયી પોતાના મતને જ સાચો હોવાની રજુઆત કરતા હોય છે, જે સ્વાભાવિક પણ છે. આપણે તેનો વિરોધ નથી. પરંતુ વાસ્તવિકતાને સમજવી જરૂરી છે. તટસ્થ રીતે તેનો વિચાર કરવો જોઈએ અને ગેરમાર્ગે દોરવાવું ન જોઈએ.

વેદ-વેદાંત તેમજ અન્ય ભગવદ્ શાસ્ત્રો પર આધારિત વિભિન્ન ભારતીય વિચારધારાઓમાં આપણે, વલ્લભીય વૈષ્ણવોએ by fault or

default **'મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી'**ને ગુરુ રૂપે સ્વીકારી તેમના દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંતોના આધારે તેમણે પ્રવર્તિત કરેલા પુષ્ટિમાર્ગને અપનાવ્યો છે. પોતાના સમયની સામાજિક/ધાર્મિક પરિસ્થિતીનું જે વર્ણન તેમણે **"કૃષ્ણાશ્રય"** ગ્રંથમાં કર્યુ છે, તેવા વિષમ/વિપરીત સમયમાં, જેને તેઓ **'પુષ્ટિજીવ'**ની સંજ્ઞા આપે છે, તેને પોતાના ઉદ્ધાર માટે શું કરવું જોઈએ, તેનો સ્પષ્ટ નિર્દેશ તેમણે પોતાના વિભિન્ન ગ્રંથો/આલેખનોમાં આપ્યો છે. પોતાના જીવનકાળમાં તો તેમણે પ્રત્યક્ષમાં આ માર્ગના અનુયાયી પુષ્ટિજીવોને તે સિદ્ધાંતો સમજાવી. તેનું પાલન કરાવી, **'ભગવદ્ પ્રાપ્તિ'** કરાવી હતી, તે ઐતિહાસિક હકીકત છે. આપશ્રીના અનુગામી આચાર્યો એ પણ વિસ્તૃત રીતે તેમના **'દાર્શનિક સિદ્ધાંતો'** તેમજ **'સાધના પ્રણાલી'**ને અનેક ગ્રંથો રચીને સરળ રીતે સમજાવ્યા છે, જે વર્તમાનમાં આ સંપ્રદાયને અનુસરનારા વલ્લભીયજનો માટે માર્ગદર્શક છે.

તેમના અનવતારકાળમાં પુષ્ટિજીવને તે સિદ્ધાંત સમજાવવાનું દાયિત્વ તેમના વંશજો દ્વારા, શ્રી મહાપ્રભુજીએ આપેલા નિર્દેશ મુજબના લક્ષણો યુક્ત થઈ, પરિપૂર્ણ કરવાની પરંપરા સૈકાઓથી ચાલતી આવી છે. તેમાં જોઈ શકાય છે કે તેમણે આ સંપ્રદાયના અનુયાયીઓને શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોનું માર્ગદર્શન પૂરું પાડી તેઓનો ઉદ્ધાર કર્યો છે. તેમનો અણિશુદ્ધ આચાર-વિચાર, તે પૂર્વાચાર્યોના વચનામૃત/લખાણો/પ્રવચનોમાં પ્રત્યક્ષ જોઈ શકાય છે. તેમાં વિરોધાભાસ જ્વલ્લેજ દૃષ્ટિગોચર થાય છે.

પરંતુ વર્તમાન સ્થિતી કાંઈક વિપરીત દેખાઈ રહી છે. આજના સંજોગોની બદલાયેલી પરિસ્થિતીના ઓઠા હેઠળ કેટલાક નવા મૂલ્યો પ્રસ્થાપિત કરવામાં આવી રહેલા જણાય છે. જ્યારે સર્વે વર્તમાન આચાર્યશ્રીઓનું ઉત્તરદાયીત્ત્વ માત્ર શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતો મુજબ જ

માર્ગદર્શન આપવાનું અને તેમણે સ્થાપેલા મૂલ્યોની જાળવણી કરવાનું અપેક્ષિત હોય, ત્યાં સ્વતંત્રપણે તેનું અર્થઘટન કેટલું ઉચિત ગણાય તે વિચારણીય પ્રશ્ન કહેવાય. વિશેષતઃ જ્યારે તે શ્રીમદાચાર્યચરણે સ્થાપેલા 'પુષ્ટિમાર્ગ'ના નામે કરવામાં આવતું હોય! વર્તમાનમાં ઘટી રહેલી અનેક ઘટનાઓ આનું પ્રમાણ છે.

**અહીં વિચારવાની બાબત માત્ર એટલી છે કે, અન્ય ધર્મ/સંપ્રદાય સાથે આપણા વૈચારીક મતભેદ હોવા સ્વાભાવિક છે, પરંતુ જ્યારે સૌનું મૂળ એક હોય, મૂળભૂત સિદ્ધાંતો એક હોય, તદ્વિષયક સ્થાપિત/સ્વીકારેલ પ્રમાણો એક હોય, અંતિમ લક્ષ પણ એક હોય, ત્યાં એકજ સંપ્રદાયમાં અનેક મત પ્રવર્તવા, સ્વતંત્રપણે અર્થઘટન કરી સૌએ પોતાના વિચારો મુજબ એકજ સંપ્રદાયના અનુયાયીઓને જુદા જુદા દીશાસૂચન કરવા, આ ગૌરવશાળી સંપ્રદાયને છીન્નભિન્ન કરવા બરાબર કહેવાય !**

આ વિશે હાલમાં જ નિત્યલીલામાં પધારેલ પુષ્ટિ-સંપ્રદાયમાં સીમા-ચિન્હ સ્થાપિત કરનાર પરમ વિદુષી પૂજ્ય.ગો. શ્રી ઈન્દિરાબેટીજી મહોદયાશ્રીના આત્મચિંતન દ્વારા પ્રકટ થયેલા તેમના ઉદ્ગારો સર્વે વલ્લભીયજનોની આંખ ખોલનારા છે.

તેમણે અમેરિકાના ન્યૂજર્સીમાં યોજાયેલા વિશ્વ વૈષ્ણવ સંમેલનમાં ૪ જુલાઈ ૨૦૦૯એ આપેલા પ્રવચનમાં કહેલી કેટલીક બાબતો વર્તમાનની વાસ્તવિકતાને ઉજાગર કરે છે. તેમણે કહેલું-

**''લોકો આજે એક ઘેટા પાછળ બીજું જાય, બીજા પાછળ ત્રીજું જાય એમ ઘેટાની માફક બધા લોકો ચાલી રહ્યા છે. ક્યાં જવાના છે, શું કરવાના છે, ખરેખર શ્રી મહાપ્રભુજીના માર્ગ પર ચાલી રહ્યા છે કે જુદે જ રસ્તે દોડી રહ્યા છે એનું આત્મચિંતન કરવાની આજે ઘડી આવી ગઈ છે.**

**ખરેખર અર્થમાં શું આપણે પુષ્ટિમાર્ગના ફોલોઅર્સ છીએ ? આર વી ફોલોઈંગ પુષ્ટિમાર્ગ ઓર સમથિંગ એલ્સ ? જવું છે ઉત્તરમાં અને દોડી રહ્યા છીએ દક્ષિણમાં. માર્ગ એજ સાચો હોય કે જે મંઝીલ સુધી પહોંચાડી શકે.**

**શ્રી વલ્લભાચાર્યજીએ જીવન જીવવાની પદ્ધતિ આપી છે જેનું નામ 'પુષ્ટિમાર્ગ' છે. સમાજને પ્રભુ પરાયણ બનાવવા માટે ટોટલ ટ્રાન્સફોર્મેશન ઓફ માઈન્ડ એન્ડ બોડી કરવા માટે તેમણે આપણને જે પ્રોસેસ આપ્યો છે, જે સાધના પ્રણાલી આપી છે, જે રસ્તો આપ્યો છે એ રસ્તાનો વિચાર કર્યા વગર આપણે દોડી રહ્યા છીએ.**

**આજે આપણે એટલાં બધા મંદિરો ઊભા કર્યા, મંદિરોની અંદર ભીડ વધી ગઈ, મનોરથો થવા લાગ્યા, મહાપ્રસાદ વેચાવા લાગ્યા, દોડાદોડી કરીને લોકો આવે અને જાય, અને અમે ખાલી આરતીઓ જ ઉતારીએ, પરંતુ ત્યાં આવનાર સમાજને કાંઈક નોલેજ મળે એવું અમારા સ્થાનોમાં બન્યું છે...**

**આ માસ પ્રોડક્શનની અંદર નોલેજ આપવું એ કાંઈ નોલેજ આપવાની પદ્ધતિ નથી. ઘણી કથાઓ કરીને, પ્રવચનો કરીને મને આત્મચિંતન કરતાં લાગ્યું કે ધીસ ઈઝ રોન્ગ વે.**

**શ્રી વલ્લભાચાર્યજીના વિચારોમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી પણ ૨૧મી સદીનો જે પુષ્ટિમાર્ગ છે એની અંદર ઘણા પરિવર્તન માગી લે છે. મંદિર વ્યવસ્થા પરિવર્તન, સમાજ વ્યવસ્થા પરિવર્તન, કારણ કે ધર્મ એ મંદિરે આવીને ખાલી આરતીના આંટા જોઈ જવાનો નથી...''**

આપણે સમજી શકીએ છીએ કે યુગ પરિવર્તનની સાથે માનવજીવનના મૂલ્યો, રહેણી-કરણી, સાધન-સુવિધાઓ ઈત્યાદિ અનેક પ્રકારના પરિવર્તન સ્વાભાવિક રીતે આવે છે/આવ્યા છે. તદનુસાર

આપણી આચાર-પ્રણાલીમાં યથોચિત ફેરફાર કરવો આવશ્યક પણ બને. પરંતુ તેની સાથે એ સમજવું જરૂરી છે કે જે હેતુ માટે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીનો પ્રાદુર્ભાવ થયો હતો, અને તેની પૂર્તિ માટે જે આવશ્યક સાંપ્રદાયીક માળખુ તેમણે ઘડ્યું હતું અને તદનુસાર જે ઉપદેશ આપ્યા છે, અને તેને ભવિષ્યમાં માર્ગદર્શન માટે પોતાના વિભિન્ન ગ્રંથોમાં આલેખિત કર્યા છે, તેમાં આપશ્રીએ શું દૂરદર્શિતા નહીં વાપરી હોય, જ્યારે આપણે તેમને સર્વજ્ઞ ભગવદાવતાર, ઈત્યાદિ માનીએ છીએ! (પુષ્ટિજીવો માટે આ માનવાનો પ્રશ્ન નથી, તેઓ ભગવદાવતાર હતા જ, બલ્કે, શ્રી ગુસાંઈજી તો **"વસ્તુતઃ કૃષ્ણ એવ"** કહે જ છે).

જ્યારે તેમનું ભૂતલ પર પ્રાકટ્ય સમસ્ત દૈવી સૃષ્ટિના ઉદ્ધાર માટે થયેલ હતું, તો શું આપશ્રીએ ભવિષ્યમાં આવનાર કાલ/સંજોગો/પરિસ્થિતીનો ખ્યાલ નહીં કર્યો હોય! શું એ સંભવ છે? શું આપશ્રીની દૃષ્ટિ એટલી ટૂંકી હોઈ શકે? તેનો ઉત્તર માત્ર **'અસંભવ'** જ હોઈ શકે!

તો પછી વર્તમાનમાં **'આધુનિક યુગની અનિવાર્યતા'**ના નામે આપણે (આચાર્ય અને અનુયાયી બન્ને) શ્રીમદાચાર્યચરણે સ્થાપેલા માર્ગ/સિદ્ધાંતોથી હટી, મનઘડંત રીતે, પરિવર્તન કરી/લાવી રહ્યા છીએ. ત્યારે, જેઓ પણ એક અથવા બીજી રીતે શ્રી વલ્લભના ગુણાનુવાદ ગાઈ રહ્યા છે, તેમના અને તેમણે સ્થાપેલા સંપ્રદાયને નામે કોઈ પણ પ્રવૃત્તિ કરી રહ્યા છે, તેઓએ ગંભીરતાપૂર્વક પોતાની જાતને આ પ્રશ્ન પુછવો જોઈએ કે શું શ્રી મહાપ્રભુજી આપણી આજની સમસ્યાઓથી અજાણ હતાં? શું તેમણે તદ્વિષયક વિચાર કરી આવશ્યક ઉપદેશ નહીં આપ્યો હોય!

પરંતુ વાસ્તવિકતા કાંઈક જુદી જ છે. સમયના વહેણ સાથે આપણુ માનસ પરિવર્તન થઈ ગયું છે, જેનું કારણ પૂર્વાચાર્યોએ તેમજ સ્વયં

શ્રીમદાચાર્યચરણે જેનો નિર્દેશ કર્યો છે તે '**બહિર્મુખતા**' છે અને '**કાલ**' કોઈની શેહ-શરમ રાખતો નથી. (શિક્ષાશ્લોકીમાં આજ્ઞા નિજ વંશજ માટે પણ હતી/છે !)

પૂ. બેટીજી મહોદયાશ્રીએ પણ આ જ પ્રશ્ન કરેલો- ''**ખરેખર અર્થમાં શું આપણે પુષ્ટિમાર્ગના ફોલોઅર્સ છીએ ? આર વી ફોલોઈંગ પુષ્ટિમાર્ગ ઓર સમથીંગ એલ્સ ?**'' વધુમાં તેમણે કહ્યુ હતું- ''**શ્રી વલ્લભાચાર્યજીએ જીવન જીવવાની પદ્ધતિ આપી છે, તેનું નામ 'પુષ્ટિમાર્ગ' છે... તેમણે જે સાધના-પ્રણાલી આપી છે, જે રસ્તો બતાવ્યો છે, તેનો વિચાર કર્યા વગર આપણે દોડી રહ્યા છીએ.**'' કેટલું યથાર્થ ચિત્રણ !

પરંતુ આપણે જાણતા નથી અથવા કોઈ આપણાને જણાવતું નથી (કારણ કે કદાચ તેઓ પણ જાણતા નથી!) કે આપણી વર્તમાન સમસ્યાઓનું સમાધાન શ્રી મહાપ્રભુજીએ શું બતાવ્યું છે ?

શ્રી મહાપ્રભુજી જેવા કદાચ ભાગ્યે જ બીજા '**ગુરુ**' થયા હશે, જેમણે પોતાના સંપ્રદાયના અનુયાયી પુષ્ટિજીવો માટે આટલો પરિશ્રમ લીધો હોય, આટલી દરકાર કરી હોય ! આપશ્રીના જીવન ચરિત્રનું ઉંડાણપૂર્વક અવલોકન કરતાં સ્પષ્ટપણે આ વાત સમજી શકાય છે. ભગવાન સર્વ કોઈના હિત-ચિંતક જ હોય છે, ક્યારેક આપણને અન્યથા દેખાતુ હોય છે, તેનું કારણ આપણે આપણું હીત શેમાં છે, તે આપણે પોતે જાણતા નથી હોતા, આપણી દૃષ્ટિ ટૂંકી હોય છે. તેથી જ સત્પુરુષો કહેતા હોય છે કે ''**ભગવાન જે કરે છે તે સારા માટે જ હોય છે !**''

ભગવદાવતાર મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી માટે પણ આ હકીકત એટલી જ લાગુ પડે છે. માત્ર પુષ્ટિજીવો માટે જ નહીં પરંતુ જો તેમને સામાજિક સુધારક અથવા ભારતમાં '**ધર્મ જાગરણ**' (Renaissance)ના પ્રવર્તક તરીકેના દૃષ્ટિકોણથી મૂલવીએ તો તેમનું માનવીય હિત-ચિંતક ધર્માચાર્ય તરીકેનું અદ્વિતીય યોગદાન નજરે પડ્યા વિના નહીં રહે ! શ્રી

ગુસાંઈજીએ શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં વર્ણવેલા વિવિધ નામો, તેમની બહુમુખી પ્રતિભાને, આપના ઉદાત ચરિત્રને તેમજ ગુણોને ઉજાગર કરનારા છે. આપના **"સ્ત્રીશૂદ્રાદ્યુતિક્ષમઃ"**, **"મહાકારુણિક"** ઈત્યાદિ અનેક નામ આ હકીકતના દ્યોતક છે.

તદર્થ, સમજી શકાય છે કે શ્રી મહાપ્રભુજીએ પોતે પ્રત્યક્ષમાં શરણે લીધેલા જીવોનો તો ઉદ્ધાર કર્યો જ હતો, પરંતુ તેમણે ભૂત, ભવિષ્ય અને વર્તમાનનો વિચાર કરી સર્વ કાલમાં ઉપર્યુક્ત સિદ્ધાંતોનું નિરૂપણ કર્યું જ હોય તે નિઃશંકપણે સ્વીકારી શકાય. પુષ્ટિજીવો પ્રત્યેની આપશ્રીની સંવેદનાનો ખ્યાલ આપણને તેમના ગીતા સમાન 'ષોડશ ગ્રંથો' પર એક વિદ્વાન આચાર્યશ્રીના કરેલા ઉદ્‌બોધથી આવી શકે છે- **"આ સોળે ગ્રંથોમાં પ્રકટ થયેલા વાણીમાં કેટલો બધો વ્યક્તિ સંસ્પર્શ (પર્સનલ ટચ) પ્રકટ તરી આવે છે કે દરેક સહૃદય પાઠકર્તાના હૃદયને સ્પર્શી શકે તેવી હકીકત છે !"**

વધુમાં લખે છે- **"આમાં ધર્મશાસન કરનાર એક ધર્મોપદેશકની ગુરુ કે જનક પિતા જેવી અધિકાર સભર વાણીના સુરો મુખરિત થાય છે. તો પોતાના લાડકવાયા અબોધ બાલકના માટે, એક મમતાળુ માતાના વાત્સલ્યના સુરો પણ મહાપ્રભુ પોતાના મુખાર્વિંદમાં મમળાવી રહ્યા હોય એવું લાગે છે! આમાં કોઈ ચિકિત્સાર્થીને ચિકિત્સક દ્વારા આપવામાં આવતી જો તેના સ્વાસ્થ્યની શિખામણના સૂરો હોય તેમજ એક મિત્રને તેના મિત્ર દ્વારા મૈત્રીપૂર્ણ મનાવણીના સુરો પણ આપણને મનોમંથન માટે પ્રેરણા આપી રહ્યા છે !"** (ગો.શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી-'ષોડશ ગ્રંથ પરિચય').

**શ્રી મહાપ્રભુજીના આ વિશિષ્ટ ગ્રંથો તેમજ અન્ય પ્રકીર્ણ ગ્રંથો વિશે વિચાર કરીએ તો આપશ્રીની દૂરદર્શિતાનો સાચો ખ્યાલ આવી શકશે કે શું વર્તમાનમાં તેમની વિચારધારામાં કોઈ પણ દૃષ્ટિથી પુનઃ વિચારણાનો**

**અવકાશ રહે છે ?**

આપણે જાણીએ છીએ કે શ્રી મહાપ્રભુજીએ ષોડશ ગ્રંથોમાં મોટાભાગે પોતાના સેવકોને પુષ્ટિ પથ પર ચાલવામાં અનુભવાતી મુશ્કેલીઓમાં માર્ગદર્શન માટે ઉપદેશ આપેલ છે. તેમના સેવકોમાં પુરુષોત્તમદાસ શેઠ જેવા ધનિક, દામોદરદાસ સંભરવાલા જેવા પદવીધારી, પદ્મનાભદાસ જેવા નિષ્કિંચન બ્રાહ્મણ કે કુંભનદાસ જેવા સામાન્ય વૈશ્ય હતાં. નારાયણદાસ જેવાનું વ્યાવૃત્તિમય જીવન હતું, ત્યારે અચ્યુતદાસ જેવા અવ્યાવૃત્ત પણ હતાં. આમ સમાજના પ્રત્યેક સ્તરના લોકો આપના સંપર્કમાં આવ્યા હતાં, જેમની રૂચી અને સાધના ભિન્ન ભિન્ન હતાં. પરંતુ તે સૌ **'પુષ્ટિજીવ'** હતાં. શ્રી મહાપ્રભુજીએ તેમને ઓળખી ઓળખી તેમને પોતાને શરણે લઈ, તેમની મુંઝવણોનો ઉપાય બતાવી, પોતે વિભિન્ન ગ્રંથો રચી તેના દ્વારા તેઓને **ભક્તિ, શરણાગતિ, સમર્પણ** અને **સેવા**ના પાઠ ભણાવ્યા હતાં.

શ્રી મહાપ્રભુજીના સમયની દેશ-કાલની પરિસ્થિતી અત્યંત વિષમ હતી. તેમ છતાં જીવનના લાંબા સમય પર્યંત વિકટ જંગલોમાં ઠંડી, ગરમી કે વરસાદની પરવા કર્યા વિના નિરંતર પરિભ્રમણ કરી, અદમ્ય ઉત્સાહ, નિષ્ઠા અને સંકલ્પ સાથે તેમણે વૈષ્ણવ ધર્મ અને ભારતીય સંસ્કૃતિની મશાલ લઈ, વર્ણ-આશ્રમ, જાતિ-લિંગ, ઉચ્ચ-નીચ વર્ગ, ઈત્યાદિના ભેદ વિના બધા શરણાગત માનવોના હૃદયને **'પુષ્ટિભક્તિ'**ના ઉપદેશથી ભાવપૂરિત કરી દીધા હતાં.

તેઓ જાણતા હતા કે ભગવાનથી વિખુટ પડેલા જીવો તો અનેક પ્રકારના દોષોથી ભરેલા છે. તેઓ અવિદ્યાના સંપર્કથી અહંતા-મમતાત્મક સંસારમાં ફસાયેલા છે, તેથી કામ-ક્રોધાદિ સહજ દોષ, પાપની પ્રવૃત્તિવાળા પ્રદેશમાં જન્મના કારણે લાગતા દોષ, વિપરીત કાળને લીધે અસર કરનારા, તેમજ મોહવશ ઉત્પન્ન થનારા ઈત્યાદિ દોષોથી ગ્રસિત છે.

તદર્થ તેવા જીવોને તેમણે ભગવદ્ આજ્ઞા અનુસાર આત્મનિવેદન કરાવી, તેઓને સમર્પણનો સિદ્ધાંત સમજાવી, અસમર્પિતના ત્યાગ પૂર્વક પોતાના બધા જ કાર્યો કરવા ઉપદેશ આપ્યો હતો, જેનું વિસ્તાર પૂર્વક નિરૂપણ તેમણે **'નવરત્ન'** તથા **'સિદ્ધાંત રહસ્ય'** ગ્રંથમાં કર્યું છે. તેઓ દ્રઢતા પૂર્વક કહે છે કે **'બ્રહ્મસંબંધનું વાસ્તવિક સ્વરૂપ અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવાથી જ સિદ્ધ થાય છે.'**

શ્રી મહાપ્રભુજીના મતે ભગવાનની શરણાગતિ સ્વીકાર્યા પછી, આલોક કે પરલોક સંબંધી બધું જ ભગવાનને સમર્પિત કરી દેવું જોઈએ. ભગવાન તો **સર્વજ્ઞ, સર્વસમર્થ, સર્વના હિતૈષી, સર્વના સહૃદ, કર્તા-કારયિતા** છે. આ પ્રકારની ભાવના કેળવવાથી મનમાં સંશય, ચિંતા કે પ્રાર્થનાની વૃત્તિ રહેતી નથી. જે કાંઈ થઈ રહ્યું છે તેને ભગવાનની 'લીલા'ના જ્ઞાન સાથે સ્વીકારવામાં જ સાચો વિવેક રહેલો છે.

નવરત્ન ગ્રંથમાં આપશ્રી સ્પષ્ટપણે આજ્ઞા કરે છે કે **'જેણે આત્મ-નિવેદન કરેલ છે, તેને માટે આવશ્યક છે કે જીવનમાં જે કાંઈ સુખ-દુઃખ આવે છે, તેને ભગવાનની ઈચ્છા માનીને સ્વાભાવિક રીતે લેવું જોઈએ અને તદર્થ ચિંતા કરવી જોઈએ નહીં.**

શ્રી મહાપ્રભુજીએ વિભિન્ન પ્રકારના જીવોને ભગવાને પ્રકટ કર્યા હોવાનો ખુલાસો તેમના **'પુષ્ટિપ્રવાહ મર્યાદા ભેદ'** ગ્રંથમાં કર્યો છે. તદનુસાર મુખ્યત્વે **પુષ્ટિ, મર્યાદા** અને **પ્રવાહી તેવી ત્રણ પ્રકારની સૃષ્ટિ હોવાનો** તેમણે નિર્દેશ કરી, તેમના **સર્ગભેદ, કારણભેદ, માર્ગ** અથવા **સાધનભેદ**, તેમજ **ફલભેદ** સમજાવ્યા છે. અર્થાત્ ત્રણેય પ્રકારના જીવોની ઉત્પત્તિના પ્રકાર અને તેમની રૂચી, તેમની ક્રિયા અને તેમને પ્રાપ્ત થતાં ફલ ભિન્ન ભિન્ન હોવાનો નિર્દેશ કર્યો છે. તેઓ કહે છે કે **પુષ્ટિ-સૃષ્ટિ ભગવાનના આધિદૈવિક સ્વરૂપની સેવા માટે જ પ્રકટ કરાયેલી છે. આથી ભગવત્સેવા સિવાયના બીજા કોઈ કર્મમાં અથવા પ્રયોજનમાં પુષ્ટિજીવોને**

**આસક્ત થવું તે ભગવાનને પ્રિય હોય નહીં.**

અહીં એક વિશેષ સ્પષ્ટતા કરતાં તેમણે કહ્યું છે કે જેવી રીતે પુષ્ટિજીવ જો પ્રવાહમાર્ગીય કુળમાં જન્મ લે તો તે તેના વાતાવરણમાં પોતાનો તાલમેલ બેસાડી શકતો નથી, તેમજ પ્રવાહમાર્ગીય જીવ પુષ્ટિમાર્ગીય કુળમાં જન્મ લે તો પણ તેને તે રુચીકર હોતું નથી. પ્રત્યેક જીવનું શ્રેય પોતાના સ્વભાવને અનુરૂપ માર્ગને અનુસરવામાં રહેલું છે. તેથી જ શરૂઆતમાં જ કહેલું કે **આ ચિંતન માત્ર ''પુષ્ટિજીવો'' માટે આપણે કરી રહ્યા છીએ.**

તદર્થ શ્રી મહાપ્રભુજીએ **'ભક્તિવર્ધિની'** ગ્રંથની ભૂમિકામાં પોતાના શિષ્ય પુરુષોત્તમ જોશીએ પૂછેલા પ્રશ્ન- **મહારાજ, કર્મમાર્ગ મોટો કે જ્ઞાનમાર્ગ મોટો ?** તેનો પ્રત્યુત્તર આપતાં ખુલાસો કરેલો કે **''જેના મનમાં જે માર્ગ દઢ થાય, જે માર્ગમાં જેનો વિશ્વાસ હોય, તેને ગમતો એ જ માર્ગ મોટો; અને મોટો તો 'ભક્તિમાર્ગ' છે જેમા જીવ કૃતાર્થ થાય છે.''**

શ્રી મહાપ્રભુજીની **'ગુરુ'** તરીકેની દૂરદર્શિતાનું પ્રમાણ તો ષોડશ ગ્રંથોમાંના બીજા **'બાલબોધ'** ગ્રંથમાં જ જોવા મળે છે. તેમાં તેમણે સર્વ સિદ્ધાંતોના સંગ્રહ રૂપે નિરૂપણ કર્યું છે. તેઓ આ લઘુ ગ્રંથો દ્વારા પુષ્ટિજીવોને **'પુષ્ટિ ભક્તિમાર્ગ'**ના પોતાના સિદ્ધાંત સમજાવવા ઈચ્છે છે, પરંતુ તે સમજાવતા પહેલાં **'બાલબોધ'** ગ્રંથમાં તેઓ ભિન્ન ભિન્ન સિદ્ધાંતોના સાધનો તેમજ ફલોનો ખુલાસો કરે છે, જેથી જો તેને બરાબર સમજી લેવાય તો પુષ્ટિજીવને અન્ય માર્ગો ઉપર ભટકવાનો ભય રહે નહીં. **કેવી દૂરદર્શિતા !**

તદર્થ, સ્પષ્ટપણે સમજી શકાય છે કે શ્રી મહાપ્રભુજીએ પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતો **'સર્વકાળિય'** જ છે, તેને વર્તમાન કાળમાં અપ્રસ્તુત માની તેનાથી વિપરીત મનઘડંત આયોજનો અથવા સિદ્ધાંતોનું અર્થઘટન વર્તમાનમાં કરવામાં આવતાં હોય છે, અને તેને માટે ક્યાંક એવી દલીલ

પણ કરવામાં આવતી હોય છે કે તેમાં આજના સમયને અનુરૂપ ફેરફાર કરવો જરૂરી છે, તે નિરર્થક ગણાય. માટે જેમણે શ્રી મહાપ્રભુજી દ્વારા પ્રવર્તિત **'પુષ્ટિમાર્ગ'** પર ચાલી પરમ ફળની પ્રાપ્તિ કરવી છે, તેમણે સાવધાન રહેવું જોઈએ તથા કથિત વિદ્વાન આચાર્યશ્રીઓની વાણીથી ભ્રમિત થવું જોઈએ નહીં.

આપણે જાણીએ છીએ કે મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્યજી **'પુષ્ટિભક્તિમાર્ગ'**ના પ્રતિપાદક **'ગુરુ'** છે. **'પુષ્ટિમાર્ગીય ભક્તિ'** નિષ્કામ તેમજ નિરૂપાધિક હોય છે અર્થાત્ તે કોઈ અપેક્ષાઓ, કામનાઓ કે શરતો વિનાની હોય છે. આપણે સહજભાવથી ભગવાનને ચાહવું, એજ માત્ર તેનું પ્રયોજન હોય છે. તેથી ભગવદ્ સેવા પણ જીવના સહજ કર્તવ્યરૂપે કરવાની છે. તેનો કોઈ અન્ય હેતુ હોતો નથી. આ પુષ્ટિમાર્ગનો મુખ્ય સિધ્ધાંત છે. હકીકતમાં તો સ્વયં ભગવાનની કૃપા જ પુષ્ટિજીવના હૃદયમાં ભક્તિનું રૂપ ધારણ કરી લે છે, કારણ કે ભગવદ્ કૃપા એ ભગવાનનું સહજ લક્ષણ છે. 'ભગવદ્કૃપા' જીવના સાધન પર નિર્ભર હોતી નથી, તે કોઈ પણ હેતુ વિના પુષ્ટિજીવમાં **'બીજભાવ'** રૂપે અસ્તિત્ત્વ ધરાવે છે. આ વાત શ્રી મહાપ્રભુજીએ ભક્તિવર્ધિની ગ્રંથમાં સ્પષ્ટપણે સમજાવી છે.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે પુષ્ટિજીવમાં રહેલો બીજભાવ જ્યારે તેને યોગ્ય પોષણ પ્રાપ્ત થાય ત્યારે ઉત્તરોત્તર **પ્રેમ, આસક્તિ** અને **વ્યસન** દશાને પ્રાપ્ત થાય છે તથા અંતે તેની **અલૌકિક સામર્થ્ય**ના રૂપમાં અંકુરીત, પલ્લવિત, પુષ્પિત તથા ફલિત થવાની જુદી જુદી અવસ્થા **'પુષ્ટિ'** અથવા **'પુષ્ટિભક્તિ'** કહેવાય છે. જ્યારે ભગવદ્ અનુગ્રહને કારણે **'કૃપા'** ભગવાન તરફથી ભક્ત તરફ વહે છે, ત્યારે તેને **'પુષ્ટિ'** કહેવાય છે, અને જ્યારે તે ભક્તના હૃદયમાં પરાવર્તિત થઈ ભગવાન તરફ વહે છે ત્યારે તેને **'પુષ્ટિભક્તિ'** કહે છે. આમ 'કૃપા' અને 'ભક્તિ'નો ભેદ સમજાવો જરૂરી છે.

મનુષ્યના જીવનમાં ચાર પુરુષાર્થો **ધર્મ-અર્થ-કામ-મોક્ષ** શાસ્ત્રોએ બતાવ્યા છે. વર્ણાશ્રમને અનુલક્ષીને માનવે જુદા જુદા '**ધર્મ**' નિભાવવાના હોય છે. પુષ્ટિજીવે પણ જ્યાં સુધી દેહાભિમાન હોય ત્યાં સુધી તેને કર્તવ્ય રૂપે નિભાવવા જરૂરી છે. તદર્થ જ શ્રી મહાપ્રભુજી નિબંધમાં કહે છે- ''**સ્વધર્માચરણં શક્ત્યા**'' શક્તિ મુજબ એટલે કે વર્ણાશ્રમ અનુસાર સ્વધર્મનું પાલન કરવું જીવાત્મા માટે આવશ્યક છે. તેવી જ રીતે જીવે '**અર્થ**' અને '**કામ**' પુરુષાર્થો પણ સિદ્ધ કરવા આવશ્ય છે. પુરુષાર્થ એટલે પુરુષની '**અર્થના**' અથવા આકાંક્ષાઓ. અહીં 'પુરુષ' શબ્દનો અર્થ છે જે '**પુર**' એટલે શરીરમાં સ્થિત છે તે- '**જીવાત્મા**'. એટલે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. એ 'જીવાત્મા'ની આકાંક્ષાઓ હોય છે, જેને સમન્વયાત્મક રૂપે પુર્ણ કરવી આવશ્યક છે. '**મોક્ષ**' તેનું અંતિમ લક્ષ છે. જુદા જુદા માર્ગો અનુસાર જીવનો બીજભાવ, રૂચી, દેશ-કાલ પરિસ્થિતી અનુસાર તેમના પુરુષાર્થો સંબંધી ધારણાઓ વિભિન્ન પ્રકારની જોવા મળે છે, પરંતુ પુષ્ટિ ભક્તિમાર્ગીય પુરુષાર્થોનું વિલક્ષણ સ્વરૂપ શ્રી મહાપ્રભુજીએ '**ચતુઃશ્લોકી**' ગ્રંથમાં સમજાવ્યું છે.

ભાગવતના 'વત્રાસુર'ના આખ્યાનમાં પણ ચાર શ્લોકોમાં '**પુષ્ટિમાર્ગીય' ચતુર્વિધ પુરુષાર્થો**નું સ્વરૂપ સ્પષ્ટપણે સમજાવવામાં આવ્યું છે. તેને '**વત્રાસુર-ચતુશ્લોકી**' કહેવાય છે, તદર્થ શ્રી મહાપ્રભુજીએ સૂત્ર આપ્યું છે-

**''પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં, ધર્માર્થો હરિરેવ હિ;**
**કામો હરિદિદેક્ષૈવ, મોક્ષો કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવમ્''**

અર્થાત્, શ્રી હરિના દાસ હોવું એ જ પુષ્ટિમાર્ગીય '**ધર્મ**' છે, પુષ્ટિભક્તિનો '**અર્થ**' (ધન-દોલત-સંપત્તિ) સ્વયં શ્રી હરિ જ છે, શ્રી હરિના દર્શનની કામના જ પુષ્ટિમાર્ગીય '**કામ**' (ઈચ્છા) છે, તથા સર્વાત્મ ભાવથી શ્રી કૃષ્ણના બની જવું, તે જ પુષ્ટિમાર્ગીય '**મોક્ષ**' છે. આજ

પુરુષાર્થનો ખુલાસો તેમણે પોતાના '**ચતુઃશ્લોકી**' ગ્રંથમાં કર્યો છે.

વત્રાસુરે પ્રભુને કરેલી પ્રાર્થના સાર ગર્ભિત છે, પુષ્ટિપંથના પ્રવાસીઓ માટે તે માર્ગદર્શક છે. તે કહે છે- "**હે નાથ ! મને સર્વદા તમારા ભક્તોને જ સંગ - સથવારો તમારા ભક્તિમાર્ગ પર ચાલતા મળતો રહે, ક્યારેય સંસારમાં આસક્ત વ્યક્તિઓનું સખ્ય મારામાં પ્રવેશ ન પામે, જો આ દેહ, પુત્ર, સ્ત્રી, ગૃહાદિ વિશે મારી આસક્તિ પણ હોય તો તારી સેવાની ઉપયોગીતાના કારણે જ હોય, બીજા કોઈ હેતુથી નહીં, હું સમગ્રપણે તારો બની જાઉં, અને તું સમગ્રતાથી મારો.**"

**આપણા હૃદયમાં પણ આવો ભાવ પ્રદિપ્ત થાય, જો આપણે શ્રી વલ્લભનું શરણ સ્વીકારીએ તો !**

આપણે જો પુષ્ટિજીવ છીએ તો શ્રી મહાપ્રભુજીના વચન આપણે માટે '**પ્રમાણ**' છે, અને તેનું પાલન આપણું '**કર્તવ્ય**'. ચતુઃશ્લોકી ગ્રંથમાં આપશ્રીએ પુષ્ટિજીવોના ચતુર્વિધ પુરુષાર્થોનું નિરૂપણ કર્યું છે. '**ધર્મ પુરુષાર્થ**' સમજાવતાં તેઓ કહે છે કે બધા દેશ-કાલમાં વ્રજાધિપ શ્રી કૃષ્ણની સર્વભાવથી સેવા કરવી તે જ પુષ્ટિજીવનો **ધર્મ** અર્થાત્ તેનું અનિવાર્ય કર્તવ્ય છે. જો તેમ ન કરો કો તેના જીવનની તે નિરર્થકતા છે. આવો જ ઉપદેશ તેમણે "**કૃષ્ણ સેવા સદા કાર્યા**" કહી, 'સિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથમાં આપ્યો છે.

તદનુસાર પુષ્ટિજીવનો '**અર્થ પુરુષાર્થ**' તેનું સર્વસ્વ, સ્વયં ભગવાન શ્રી કૃષ્ણ જ છે, તેમ તેનો '**કામ પુરુષાર્થ**' અર્થાત્ તેની કામના પણ પ્રભુને મેળવવા સિવાય અન્ય હોઈ શકે નહીં. તેથી શ્રુતિમાં પણ '**કામમય એવાય પુરુષઃ**' કહ્યું છે. વળી કહે છે- 'બધાની કામના માટે બધું પ્રિય નથી લાગતું, પણ આત્માની કામના માટે જ બધું પ્રિય લાગે છે.' એટલે કે સૌ કોઈને બધી ઈન્દ્રિયો દ્વારા 'પરમાનંદ'ની જ કામના હોય છે.

અને સર્વાત્મ ભાવથી ભગવાન શ્રી કૃષ્ણના બની જવું, એ 'પુષ્ટિ

ભક્ત'નો **'મોક્ષ પુરુષાર્થ'** છે. તેનો અર્થ છે- **'પ્રપંચ'** એટલે જગતને ભૂલી જઈ શ્રી કૃષ્ણમાં દૃઢ આસક્તિ થઈ જવી. અર્થાત્ ભક્તને કૃષ્ણાનુંભૂતિનું વ્યસન થઈ જવું. તેથી શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે સંયોગમાં **શ્રી કૃષ્ણની પ્રેમાત્મિકા સેવા** (ભજન) અને વિયોગમાં **શ્રી કૃષ્ણનું સ્મરણ** નિરંતર ચાલુ રહે તેને જ પુષ્ટિજીવ **'મોક્ષ'** પામ્યો છે તેમ કહેવાય. પુષ્ટિમાર્ગીય મોક્ષની એ વિશેષતા છે કે તે પ્રાપ્ત કરવા તેને મૃત્યુની રાહ જોવાની નથી. સદેહે જ તેને ભજનાનંદની પ્રાપ્તિ થઈ શકે છે.

આમ પ્રત્યક્ષમાં ભજન દ્વારા જીવની **'અહંતા'** અને પરોક્ષમાં સ્મરણ દ્વારા તેની **'મમતા'**ને કૃષ્ણ સાથે જોડવાના ઉપદેશ દ્વારા **'ભક્તિ'**ના સ્વરૂપને શ્રી મહાપ્રભુજીએ સમજાવ્યું છે. તેનો વિશેષ ખુલાસો તેમણે **'ભક્તિવર્ધિની'** ગ્રંથમાં કર્યો છે. ત્યાં તેમણે સમજાવ્યું છે કે **'અવિદ્યા'**ના કારણે ઉત્પન્ન થતાં રોગવત્ **'અહંતા-મમતા'**ની ક્લેશરહિત સંપૂર્ણ ચિકિત્સા **'ભક્તિ'** છે. પુષ્ટિજીવમાં ભગવાને તેનું પોતાની ભક્તિ માટે કરેલું વરણ જ **'બીજભાવ'** રૂપે વિદ્યમાન હોય છે. તેનો વિકાસ **સત્સંગ** અને **ગુરુકૃપાના** જલના સિંચન દ્વારા થાય છે. ભક્તિ રૂપી બીજભાવને દૃઢ કરવાના ઉપાયની ચર્ચા શ્રી મહાપ્રભુજીએ આ ગ્રંથમાં વિસ્તારપૂર્વક કરી છે. તદર્થ ભક્તિવર્ધિની ગ્રંથનું અધ્યયન સવિસ્તાર કરવું જોઈએ.

શાસ્ત્રોમાં સૂચવાયેલ અન્ય માર્ગો- **કર્મમાર્ગ** અને **જ્ઞાનમાર્ગ** કરતાં **'ભક્તિમાર્ગ'**માં જીવ સરળતાથી કૃતાર્થ થાય છે, તે વાત તેમાં સ્પષ્ટતાપૂર્વક તેમણે સમજાવી છે. અગાઉ કહ્યું તેમ પોતાના શિષ્ય પુરુષોત્તમ જોષીને આપશ્રીએ ખુલાસો કરતાં કહેલું- **''જેના મનમાં જે માર્ગ દૃઢ થાય જે માર્ગમાં જેનો વિશ્વાસ હોય, તેને ગમતો એવો એ જ માર્ગ મોટો અને મોટો તો ભક્તિમાર્ગ છે, જેમાં જીવ કૃતાર્થ થાય છે, અને જ્ઞાનમાર્ગમાં તથા કર્મમાર્ગમાં કઠીનાઈથી કૃતાર્થ થવાય છે.''** શ્રી મહાપ્રભુજીના આ સિદ્ધાંતો નિર્પેક્ષ (absolute) હોઈ તે સર્વકાલિક અને

સર્વ પ્રદેશમાં ઉપયુક્ત જ છે, તદર્થ વર્તમાન સમયમાં તદ્વિષયક કોઈ સૈદ્ધાંતિક મતભેદ કે વિવાદને સ્થાન હોઈ શકે નહીં.

શ્રી વલ્લભાચાર્યજી એવા વિલક્ષણ ગુરુ છે, જેમણે જીવનની પ્રત્યેક પરિસ્થિતીનો વિચાર કરી પુષ્ટિમાર્ગનું અનુસરણ કરવા માટે માર્ગદર્શન આપ્યું છે. વિષમ સંજોગોમાં ચિંતા ઉદ્ભવવી સ્વાભાવિક છે, ત્યારે આપણે વિમાસણ અનુભવીએ છીએ પુષ્ટિજીવની એવી સંભવિત સ્થિતિમાં કયા પ્રકારનો અભિગમ અપનાવવો જોઈએ, તેની ચર્ચા શ્રી મહાપ્રભુજીએ તેમના '**નવરત્ન**' ગ્રંથના વિસ્તારથી કરી છે.

તેઓ કહે છે કે 'જેણે આત્મનિવેદન કર્યું છે, તેને માટે આવશ્યક છે કે, જીવનમાં સુખ-દુઃખ જે કાંઈ આવે તેને ભગવાનની ઈચ્છાના નામે સ્વાભાવિક રીતે સ્વીકારી લેવું જોઈએ, તદ્વિષયક ક્યારેય ચિંતા કરવી જોઈએ નહીં, કારણ કે પ્રભુ તેવા જીવની લૌકિક ગતિ થવા દેતા નથી.' તેમણે સમજાવ્યું છે કે ભગવત્સેવા પુષ્ટિજીવનું અનિવાર્ય કર્તવ્ય છે, જે નિભાવવા માટે વ્યાપાર-નોકરી કરતાં સંભવિત બહિર્મુખતાથી બચવા માટે, આપણે 'કૃષ્ણના દાસ' હોવાનું 'સંસ્મરણ', અક્ષાષ્ટર મંત્રના રટણ દ્વારા કરવું જોઈએ. કોઈ સંજોગવશાત્ સેવા જો ન નભી શકતી હોય ત્યારે પણ ભગવદીયોનો સમાગમમાં પોતે આત્મનિવેદન કર્યું છે તેની સ્મૃતિ જાળવી રાખવી જોઈએ. કેટલી સરસ વાત તેમણે કરી છે ! તેઓ કહે છે કે જ્યારે લૌકિક પ્રવૃત્તિઓ વગેરેમાં પણ કોઈ કઠીનાઈ આવી પડે, કે વૈદિક, વર્ણાશ્રમ ધર્મના પાલનમાં કોઈ કઠીનાઈ ઊભી થાય, ત્યારે પણ તદ્વિષયક ચિંતા ન કરતાં પ્રભુ આપણું શ્રેય વિચારતા હશે તેમ માનવું જોઈએ. આમ પ્રત્યેક પરિસ્થિતીમાં મનને ચિંતા રહિત, સ્વસ્થ રાખવાના ઉપાય તેમણે સૂચવ્યા છે.

જીવ માત્રને સ્વસ્થ રહેવાનો રામબાણ કહી શકાય તેવા ઉપાય તેમણે

**'વિવેકધૈર્યાશ્રય'** ગ્રંથમાં સૂચવ્યા છે. વાસ્તવિક ધરાતલ પર આપણે સ્વીકારવું જોઈએ કે **'ભગવાન સર્વતંત્ર-સ્વતંત્ર'** છે. શ્રી મહાપ્રભુજી કહે છે કે 'નિજચ્છાત કરિષ્યતિ' અર્થાત્ **'ભગવાન બધું જ પોતાની ઈચ્છાથી જ કરે છે.'** વિશ્વમાં જે કાંઈ, જ્યાં જ્યારે અને જે બની રહ્યું છે, તે બધું સર્વ દુઃખ-હારિ ભગવાની શ્રી હરિની પોતાની ઈચ્છાથી જ બની રહ્યું છે. આવી સમજણ કેળવવાને તેઓ **'વિવેક'**ની સંજ્ઞા આપે છે. બીજું સનાતન સત્ય તેમણે સમજાવ્યું છે કે એક યા બીજા કારણે જીવનમાં અનેક પ્રકારના દુઃખો આવતાં હોય છે. તેઓ સમજાવે છે કે **'આવી પડેલા દુઃખોનો સ્વીકાર કરવો જોઈએ, તેનો પ્રતિકાર કરવો ન જોઈએ. તેવી માનસિકતાને તેઓ 'ધૈર્ય' કહે છે.'** સર્વ પ્રકારના દુઃખોને સહન કરવા એ જ **'ધૈર્ય'**નું લક્ષણ છે. જ્યારે બધું જ ભગવાનની ઈચ્છાથી બની રહ્યું હોય ત્યારે આવી પડેલા દુઃખને ધૈર્યપૂર્વક સહન કર્યા સિવાય મનુષ્ય પાસે અન્ય રસ્તો હોઈ શકે નહીં.

આ રીતે ભગવદિચ્છાનો સ્વીકાર તથા આપણી અસમર્થતાનો વિચાર કરીને સર્વે દુઃખોને સહન કરવાનો ઉપદેશ શ્રી મહાપ્રભુજીએ આપ્યો છે, જે, તેઓ કહે છે તેમ, ત્યારે જ સંભવે જો આપણે માત્ર શ્રી હરિનો **'આશ્રય'** કરીએ, કારણ કે ભગવાનનો આશ્રય કરવાથી **'અશક્ય વસ્તુ પણ સુશક્ય બની જાય છે,'** બધી દુર્લભ વાતો પણ સુલભ બની જતી હોય છે, કેમ કે ભગવાન તેમ કરવા માટે સમર્થ છે. માટે આપણે તેમની શરણાગતિ સ્વીકારી લેવી જોઈએ.

આ ત્રણેય બાબતોને શ્રી મહાપ્રભુજીએ અનેક દૃષ્ટિકોણથી અને વિભિન્ન ઉદાહરણથી પોતાના ગ્રંથમાં બતાવી છે. તેઓ સમજાવે છે કે જો આપણા હૃદયમાં શરણભાવનાને જાગ્રત રાખવામાં સફળ થઈએ તો બીજી બધી બાબતો પોતાની મેળે સિદ્ધ થાય છે. કળિયુગમાં ભક્તિમાર્ગ પર ચાલવું દુઃસાધ્ય હોવા છતાં શ્રી મહાપ્રભુજીના ઉપદેશને સ્વીકારીએ તો

આપણો રસ્તો અવશ્ય સરળ થઈ શકે છે.

શ્રી મહાપ્રભુજીએ જીવોની મર્યાદાનો વિચાર કરી ભગવદ્ પ્રાપ્તિનો 'ભક્તિ' સિવાય બીજો વિકલ્પ **'પ્રપત્તિ'** (શરણાગતિ)નો આપ્યો છે. **'વિવેકધૈર્યાશ્રય'** ગ્રંથના અંતમાં તેમણે ખુલાસો કર્યો છે કે હકીકતમાં માર્ગો તો ત્રણ જ છે- **કર્મ, જ્ઞાન અને ભક્તિ.** પરંતુ જે જીવો આ માર્ગો પર ચાલી શકતા નથી, એવા જીવો જો ભગવાનના ચરણમાં બેસી જાય, અર્થાત્ તેમની અનન્ય ભાવથી બિનશરતી શરણાગતિ સ્વીકારી લે, તો તેઓ કોઈ પણ શાસ્ત્રોક્ત માર્ગો પર ચાલ્યા વિના પણ પોતાના ધ્યેયને પ્રાપ્ત કરી શકે છે, કારણ કે **'ભગવાનના ચરણ યા શરણ ખુદ માર્ગ પણ છે અને ગંતવ્ય પણ છે.'** વર્તમાન સમયમાં દેશ-કાળની વિપરીત પરિસ્થિતીમાં અનેક કારણોસર જો મુખ્ય કલ્પ 'ભક્તિ' સંભવિત ન હોય તો પણ પુષ્ટિજીવનો ઉધ્ધાર **'શરણાગતિ'** દ્વારા પણ થઈ શકે છે એ વાત આપણે સારી રીતે જાણી લેવી જોઈએ. તેમાં આવશ્યક છે **'અનન્યતા'**ની.

**'શરણાગતિ'**નો એ જ ઉપદેશ શ્રી મહાપ્રભુજીએ **'કૃષ્ણાશ્રય'** ગ્રંથમાં પણ આપ્યો છે. આ ગ્રંથમાં કળિયુગની વિપરીત પરિસ્થિતીમાં, જેમાં ધર્માચરણના આવશ્યક અંગો દેશ-કાલ-દ્રવ્ય-મંત્ર-કર્મ-કર્તાની અશુદ્ધિના કારણે લોકાશ્રયની તેમજ ધર્માશ્રયની વિફલતાને લીધે એક માત્ર **'કૃષ્ણાશ્રય'** જ કારગત નીવડી શકે છે, તેમ સમજાવ્યું છે. ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને જેમ અંતિમ ઉપદેશ **''મામેકં શરણં વ્રજ''** કહી આપેલો, તેમ આ ગ્રંથમાં પણ પુષ્ટિજીવોને માટે વર્તમાન પરિસ્થિતીમાં તેમણે **'પ્રથકશરણમાર્ગ'** અથવા **'પ્રપત્તિમાર્ગ'**ની ઉપદેશ આપ્યો છે.

આ ગ્રંથમાં શ્રી મહાપ્રભુજીએ સમજાવ્યું છે કે ભક્તિમાર્ગીય દૃષ્ટિકોણથી પણ પૂરેપૂરા વિવેક, ધૈર્ય કે ભક્તિના અભાવમાં પણ કોઈ ગમે તેટલું પાપાશક્ત કેમ ન હોય, પરંતુ જો દીનતાપૂર્વક શ્રી કૃષ્ણની શરણાગતિ સ્વીકારી લે તો દુષ્ટ આચરણવાળાનો પણ ઉદ્ધાર અવશ્ય

સંભવે છે. આ ગ્રંથના અંતમાં તો તેમણે ખાત્રી આપી છે કે ''કૃષ્ણાશ્રયમિંદં સ્તોત્રમ ય પઠેત કૃષ્ણ સંનિધૌ તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણ ઈતિ શ્રી વલ્લભો બ્રુવિત્'' અર્થાત્ **''આ કૃષ્ણાશ્રય સ્તોત્રનો જેઓ શ્રી કૃષ્ણના સાનિધ્યમાં પાઠ કરશે તેનો આશ્રય શ્રી કૃષ્ણ બનશે.''**

આ ગ્રંથની રચનાના પાંચસો વર્ષ પછી આજે તો દેશ-કાલની પરિસ્થિતી ઓર વણસી ગયેલી છે. પોતાના વિભિન્ન ગ્રંથોમાં શ્રી મહાપ્રભુજીએ કરેલી આજ્ઞાઓનું અર્થઘટન વિપરીત રીતે કરી જ્યારે તેમને સ્થાપિત કરેલા મૂલ્યોની/તેમની આજ્ઞાઓની અવહેલના વર્તમાનમાં થઈ રહેલી છે, જે વર્તમાનમાં ઘટી રહેલી ઘટનાઓથી સમજી શકાય છે, ત્યારે સ્વયં તેમના ગ્રંથોનું અધ્યયન, અનુશીલન કરી, તેમના ચરણાર્વિંદનો આશ્રય કરવાનો અન્ય વિકલ્પ હોઈ શકતો જ નથી. તેથી, જે **પુષ્ટિજીવોનું 'ભગનાનેવ ફલમ્' લક્ષ હોય તેમણે 'શ્રી વલ્લભ પ્રતિ પાછા વળવું' એ જ એક માત્ર ઉપાય છે.**

મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી **'પુષ્ટિ ભક્તિમાર્ગ'**ના પ્રવર્તક આચાર્ય છે. તેથી **'ભક્તિ'**નો મહિમા તથા વિવિધ પહેલુ જેટલા ખુલાસાથી તેમણે સમજાવ્યા છે તેટલા ભાગ્યે જ કોઈ અન્ય આચાર્યોએ સમજાવ્યા હશે. તેમના પૂર્વે અગિયારમી શતાબ્દિમાં રામાનુજાચાર્યજીએ શાસ્ત્રમાં વર્ણિત મર્યાદાભક્તિનું પ્રતિપાદન-પ્રવર્તન કર્યું હતું. તે પ્રકારની ભક્તિ શાસ્ત્રોક્ત સાધનો પર અવલંબિત હતી. પરંતુ જે પુષ્ટિજીવોમાં જપ-તપ-દાન ઈત્યાદિ સાધનો કરવાનું સામર્થ્ય ન હોય તેવા નિઃસાધન જીવોને માટે ભગવદ્ કૃપા દ્વારા ભગવદ્ પ્રાપ્તિનો વૈકલ્પિક માર્ગ, 'પુષ્ટિભક્તિમાર્ગ' પ્રવર્તિત કર્યો છે અને તદર્થ તેમણે તેવા જીવોને અનુકુળ ઉપદેશ પોતાના **'ભક્તિવર્ધિની'** ગ્રંથમાં આપ્યો છે. જેમનામાં ભગવાને ભક્તિનું બીજ રોપ્યું જ ન હોય, તેમણે તો શાસ્ત્રમાં સૂચવેલા

અન્ય માર્ગોનો આશ્રય લેવો જોઈએ. **આપણે આ ચર્ચા તેઓ માટે નથી કરી રહ્યા, જેનો ખુલાસો શરૂઆતમાં જ કરવામાં આવ્યો છે.**

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **'ભક્તિ'** એ જીવાત્મામાં પ્રગટ થાય છે, જેનું ભક્તિને માટે ભગવાને વરણ કર્યું હોય, જે **'બીજભાવ'** રૂપે તેમાં સર્વદા વિદ્યમાન રહે છે. તેથી કોઈ પણ જીવાત્મા **'બ્રહ્મસંબંધ'**ની દીક્ષા લઈ પુષ્ટિમાર્ગીય બની શકતી નથી. આ ગ્રંથમાં તેમણે પુષ્ટિજીવની અસ્વસ્થ રોગમયી **'અહંતા-મમતા'**ની ક્લેશ રહિત સંપૂર્ણ ચિકિત્સાના રૂપે પ્રતિપાદન કર્યું છે. તેમણે પુષ્ટિજીવમાં રોપાયેલા ભક્તિના બીજભાવને દૃઢ કરવાના, તેની વૃદ્ધિ કરવાના ઉપાય આ ગ્રંથમાં બતાવ્યા છે. આપશ્રીએ જેમનો 'બીજભાવ' દૃઢ થયેલો છે, અને જેઓ અદૃઢ બીજભાવવાળા છે, તે બન્ને પ્રકારના જીવો માટે **'ફલાત્મિકા'** ભક્તિની વૃદ્ધિના ઉપાય સૂચવ્યા છે.

શ્રી મહાપ્રભુજી કહે છે કે જેમનો **'બીજભાવ'** દૃઢ છે તેઓ તો શ્રવણ-કીર્તનની પ્રણાલિકા દ્વારા પણ ભગવાનની માનસી સેવામાં નિમગ્ન રહી શકે છે કેમકે તેમની પુષ્ટિભક્તિ પ્રેમ-આસક્તિ-વ્યસન રૂપે ઉત્તરોત્તર વિકસીત થઈ ફલ-દશા પ્રાપ્ત કરે છે, પરંતુ **'અદૃઢ બીજભાવ'** વાળા જીવોએ તો પોતાના ઘરમાં રહીને ભગવત્સેવા તથા ભાગવત્કથામાં પોતાની જાતને તત્પર રાખવાનો ઉપદેશ તેમણે આપ્યો છે.

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે બીજભાવને દૃઢ કરવાના હેતુથી પુષ્ટિજીવે **'સ્વધર્માચરણ'**ને નિભાવતાં નિભાવતાં **'અવ્યાવૃત્ત'** થઈને ભગવદ્ ભજન કરવું જોઈએ. અહીં **'વ્યાવૃત્તિ'**નો અર્થ છે કાંઈક ઉદ્યમ જેમાં ચિત્ત પરોવવું પડે. લૌકિકમાં ચિત્તની વૃત્તિ **'વ્યાવૃત્તિ'** કહેવાય. સામાન્યતઃ ગૃહસ્થનું ચિત્ત સ્વાભાવિક રીતે 'વ્યાવૃત્ત' હોય છે. કારણ કે તેઓ લૌકિક જવાબદારીથી જોડાયેલ હોય છે. પરંતુ જો આપણું ચિત્ત સંપૂર્ણપણે લૌકિક બાબતોથી નિવૃત્ત થઈ જાય તો તેને 'અવ્યાવૃત'

કહેવાય. જ્યાં સુધી અનન્યભાવ ન કેળવાય, ત્યાં સુધી દેહથી તેમજ અંતઃકરણ એટલે મન, બુધ્ધિ પણ લૌકિકમાં રહેશે, તેને અહીં 'વ્યાવૃત્ત' કહ્યું છે. તેથી શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે **પુષ્ટિજીવે તટસ્થભાવથી જળકમળવત્ રહીને સ્વધર્મનું આચરણ નિભાવતાં અવ્યાવૃત થઈને ભગવદ્ ભજન કરવું જોઈએ. 'સ્વધર્મ'**થી તેમનું તાત્પર્ય છે- **શાસ્ત્રમાં બતાવેલ 'વર્ણાશ્રમ ધર્મ'**. નિબંધ (સર્વ નિર્ણય પ્રકરણ)માં તેઓ સમજાવે છે કે જ્યાં સુધી દેહની સાથે આપણી અહંતા-મમતા જોડાયેલી છે, એટલે કે **'આ આત્મા દેહ છે'** એવી બુધ્ધિ હોય ત્યાં સુધી વર્ણાશ્રમ ધર્મ જ તેનો **'સ્વધર્મ'** સમજવો જોઈએ અને ભગવદ્ ધર્મને **'પરધર્મ'** સમજવો જોઈએ. પરંતુ જ્યારે દેહાભિમાન શિથીલ થવા લાગે, એટલે જ્યારે પોતે આત્માને દેહાદિ સંઘાતથી ભિન્ન માનતો થઈ જાય ત્યારે ભગવદ્ ધર્મ- **'દાસ્ય'** તેનો સ્વધર્મ થાય છે અને ભગવત્સેવા આત્મદૃષ્ટિથી તેનો 'સ્વધર્મ' બની જાય છે. આથી શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે કૃષ્ણભક્તિમાં 'અહંતા'ને સ્વસ્થ કરવાનો ઉપાય 'કાયિક' એટલે તનુજા સેવા છે અને 'મમતા'ને સ્વસ્થ કરવાનો ઉપાય તરીકે ચિત્તને 'કૃષ્ણપ્રેમ'માં પરાયણ બનાવવું તે છે. જ્યારે આવી દશા થાય ત્યારે **પ્રત્યક્ષમાં ભગવત્સેવા અને પરોક્ષમાં ભગવદ્ કથાનું શ્રવણ-ચિંતન-કીર્તન દ્વારા મનને ભગવદ્-ભજનમાં લગાડવું જોઈએ.**

શ્રી મહાપ્રભુજી એક એવા નિષ્ણાત ગુરુ છે, જે પ્રત્યેક પ્રકારના સેવકની, **'ભક્તિ-ચિકિત્સા'** કરી શકે છે. તેમણે **'ભક્તિવર્ધિની'** ગ્રંથમાં જેમનો **'બીજભાવ દૃઢ થયેલો નથી'** તેમાં પણ બે પ્રકારના પુષ્ટિજીવો માટે અલગ અલગ માર્ગદર્શન આપેલું છે. તેમણે સમજાવ્યું છે કે જેઓ **'અનન્યભાવ'**વાળા જીવો છે, તેઓ જ **'અવ્યાવૃત્ત'** બની શકે છે. તેવા ભક્તોએ **'ભગવદ્ સેવા'** તથા **'ભગવત્કથા'**એ બન્નેમાં તત્પર થવું જોઈએ. તેમણે એવા ભગવદિયોનો સંગ કરવો જોઈએ જેમની કથામાં આસક્તિ

અને ભગવાનના સ્વરૂપ, ગુણ તથા લીલાઓની શ્રવણ તથા કથામાં જેમની આસક્તિ દૃઢ હોય. એવા ભગવદીયોનો સત્સંગ કરવાથી કથા-શ્રવણ કરવાથી તેમજ પોતે પણ ચિંતન-કીર્તન કરવાથી, લૌકિક વિષયોમાંથી તેમની મમતા દૂર થઈ તેઓ ભગવાનમાં જોડાઈ જશે.

પરંતુ શ્રી મહાપ્રભુજી કહે છે કે **'અનન્યતા ના અભાવ'**માં એટલે કે કોઈ બીજા દેવતાઓ વિષે, કોઈ અન્ય વસ્તુ કે વ્યક્તિ વિશે અથવા પુષ્ટિમાર્ગીય ફલથી અતિરિક્ત અન્ય ફલમાં જેમની રૂચી હોય, તો તે જીવના દેહ તેમજ અંતઃકરણને તે **વ્યાવૃત્ત** બનાવશે, કારણ કે પુષ્ટિભક્તિમાર્ગ પર ચાલવાના બુદ્ધિગત નિર્ણય કરવા છતાં તેમનું હૃદયમાં અહીં તહીં ભટકતું રહેતું હોય છે. તેવા જીવોએ **કૃષ્ણસેવાનું** અનુષ્ઠાન કરતાં પૂર્વે શરૂઆતમાં કેવળ **ભગવદ્કથાના** શ્રવણ, ચિંતન તથા કીર્તનથી ચિત્તને અનન્ય ભાવવાળું બનાવવું જોઈએ. તે પછી જ સ્વરૂપ સેવામાં પ્રવૃત્ત થવું જોઈએ.

આમ શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે જેઓ **'વ્યાવૃત્ત'** છે, તેમણે **'સ્વરૂપ ભજન'**ને બદલે **'નામ ભજન'**માં પ્રવૃત્ત થવું જોઈએ. સમયાંતરે પ્રભુના શ્રવણ-ચિંતન-કીર્તન દ્વારા તેવા જીવોનો 'બીજભાવ' પ્રેમ-આસક્તિ-વ્યસનની અવસ્થાઓમાં વ્યક્ત થઈ શકશે. તેઓ કહે છે કે જ્યારે આપણા દેહ તથા અંતઃકરણની વ્યાવૃત્તિ બીજા દેવતાઓ, પદાર્થો, માર્ગો તેમજ ફલોમાંથી ઘટતી ઘટતી સર્વથા સમાપ્ત થઈ જાય, ત્યારે સમજવું કે આપણો **'બીજભાવ'** દૃઢ થયો છે.

બીજભાવ દૃઢ થવાના ત્રણ તબક્કા શ્રી મહાપ્રભુજીએ બતાવ્યા છે, જે ઉત્તરોત્તર અવસ્થાઓ છે જેમાંથી પુષ્ટિજીવ પસાર થઈ અંતિમ ફલ પ્રાપ્તિ કરે છે. **પ્રથમ અવસ્થામાં ગૃહસ્થનો પોતાના ઘર-પરિવારમાં રહેલો અનુરાગ દૂર થઈ ભગવાનમાં તે વધવા માંડે છે. ભગવદ્ ભક્તિમાં અનુપયોગી વસ્તુમાં તેનો પ્રેમ ઘટી પ્રભુમાં વિશેષ થાય છે. બીજા**

**તબક્કામાં તેની ભગવદાસક્તિ સિદ્ધ થતાં તેનો અનુરાગ ઘર-પરિવારમાં અરુચિનું રૂપ ધારણ કરવા લાગે છે. તે અવસ્થા જ્યારે તીવ્ર થાય છે, ત્યારે ભક્તની દશા ઘણી વિકલ થાય છે. ભગવાદ્ સ્વરૂપનું ચિંતન કરતા હવે તે વિપરીત સ્થિતીને સહન કરી શકતો નથી. તેને કૃષ્ણનું વ્યસન થઈ જાય છે.**

આ અવસ્થામાં તેને લાગે છે કે ભગવાનની સાથે, ભગવદ્ સેવા માટે જ ઘરમાં રહેવાનું પ્રયોજન છે. તેથી વિપરીત પરિસ્થિતીમાં તો તેને ગૃહત્યાગ ઉત્તમ જણાય છે. જ્યારે જીવની આવી પરિસ્થિતી થાય ત્યારે શ્રી મહાપ્રભુજીએ તેને અન્ય ભગવદીયોનો સંગ, હરિસ્થાનમાં નિવાસ વગેરે વિકલ્પ બતાવ્યા છે. આમ પુષ્ટિભક્તિના લક્ષના સિદ્ધ કરવાના વિભિન્ન પહેલુનો નિર્દેશ આ ગ્રંથમાં તેમણે વિસ્તારથી કર્યો છે, જે સમજવું ખૂબ જરૂરી ગણાય.

મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીએ ષોડશ ગ્રંથોમાં તો પોતાના સેવકોને અનુલક્ષીને વિભિન્ન વિષયોનું માર્ગદર્શન આપેલું છે જ, પરંતુ તેમણે પોતાના વિશિષ્ટ ગ્રંથ '**તત્ત્વાર્થદીપ નિબંધ**'ના સર્વનિર્ણય પ્રકરણમાં વિશેષતઃ તેના '**સાધન પ્રકરણ**'માં વિભિન્ન શાસ્ત્ર-આજ્ઞાઓના સંદર્ભમાં જુદી જુદી પરિસ્થિતીમાં પુષ્ટિજીવનો વ્યવહાર/કર્તવ્ય શું હોઈ શકે તેના ખુલાસા વિસ્તારથી કરેલા છે. તેમણે આપેલું માર્ગદર્શન આજના સંજોગોમાં પણ અપ્રસ્તુત નથી, તે જોઈ શકાય છે, કારણ કે સર્વજ્ઞ હોવાના કારણે તેઓ વર્તમાન કાળની સ્થિતીથી સ્વાભાવિક રીતે અવગત હતાં જ, અને તેથી બધી જ પરિસ્થિતીનો અને જીવોની મનોદશાનો વિચાર કરી પ્રત્યેક બાબતના ખુલાસા તેમણે કરેલા છે.

વાસ્તવિક પરિસ્થિતીનો નિર્દેશ કરતાં શ્રી મહાપ્રભુજી કહે છે કે કળિયુગના પ્રભાવમાં સર્વે જીવો (પુષ્ટિ જીવો પણ) વિરુદ્ધ આચરણ

કરવામાં તત્પર થઈ ગયા છે તેમજ આચારથી બહિર્મુખ બનેલા છે. તેઓ વિધિ વિરુદ્ધ વર્તન કરનારા અને ભ્રાંત છે, વર્તમાન કાળમાં શુદ્ધિના દેશ-કાલાદિ ષટ-પદાર્થો દુર્લભ છે, ત્યારે તેઓ કહે છે કે શ્રીમદ્ ભાગવત્માર્ગે ભગવાન શ્રી કૃષ્ણનું નિરંતર ભજન જ એકમાત્ર ઉપાય રહેલો છે. આજ વાત તેમણે 'કૃષ્ણાશ્રય' આદિ ગ્રંથોમાં પણ કરી જ છે.

જ્યારે તેઓ **'ભક્તિમાર્ગ'**ની વકાલત કરી રહ્યા છે ત્યારે તેમણે આ ગ્રંથમાં ખાત્રી આપી છે કે **'આ ભક્તિમાર્ગ પાખંડ માર્ગ નથી, કારણ કે તેમાં શ્રુતિ-સ્મૃતિ વિરુદ્ધ કોઈ પણ આચરણ નથી, કે નથી તેથી વિરુદ્ધ કોઈ પ્રકારની પ્રક્રિયા-પરિપાટિ! તેમાં ''પ્રમેય'' વેદ વિરુદ્ધ નથી.'** (કા. ૨૨૫). આમ છતાં તેઓ કહે છે કે વર્તમાનમાં પ્રવર્તિત સાંપ્રદાયિક ગતિવિધિઓ વિચારણિય છે !

તેમણે સ્પષ્ટ નિર્દેશ કર્યો છે કે આ માર્ગના સૌ કોઈ અધિકારી હોઈ શકતા નથી, તેઓ વધુ ખુલાસો કરતાં કહે છે કે **'જે જીવો પર ભગવદ્ કૃપા થાય છે, (તેના લક્ષણ પણ તેમને બતાવ્યા છે) તેમની જ આ માર્ગમાં પ્રવૃત્તિ થાય છે** (કા. ૨૨૬). (આ કથન વર્તમાનમાં ચાલી રહેલી કોઈને પણ આપવામાં આવતી **'બ્રહ્મસંબંધ દીક્ષા'**ની પ્રવૃત્તિને સંદિગ્ધ બનાવે છે).

પરંતુ જેમનામાં તેમણે બતાવેલ લક્ષણો વિદ્યમાન હોય તેવા 'પુષ્ટિજીવો'એ પોતાના ઉદ્ધાર માટે કેવા લક્ષણો યુક્ત પુરુષને **'ગુરુ'** તરીકે સ્વીકારી તેમનું માર્ગદર્શન મેળવવું જોઈએ, તેનો નિર્દેશ પણ આપ્યો છે (કા. ૨૨૭). તદ્વિષયક ચર્ચા આપણે અગાઉ વિસ્તારથી કરી ચુક્યા છીએ.

ષોડશ ગ્રંથોમાં અનેક સ્થાને જેમ શ્રી મહાપ્રભુજીએ નિરંતર (સદા, સર્વદા ઈત્યાદિ શબ્દો દ્વારા) 'કૃષ્ણ'ને સેવવાનો ઉપદેશ આપ્યો છે, તે અહીં પણ કહે છે- **''શ્રી કૃષ્ણં પૂજયેદ્ભક્તયા યથાલબ્ધોપ્રચારકૈ:''** (કા. ૨૨૯). કેટલો વ્યવહારિક ઉપદેશ તેઓ આપે છે ! જે **યથા સંભવ પ્રાપ્ત**

**હોય તેવા દ્રવ્યોથી શ્રી કૃષ્ણનું પૂજન કરવું.** અહીં વિશેષ ખુલાસો કર્યો છે કે **'સમીપમાં રહીને યથાયોગ્ય સેવન કરવું તે ''પૂજન''નું તાત્પર્ય છે.** તેઓ સમજાવે છે કે દૂર સ્થિતી કરી યથાયોગ્ય સેવન કરવું, તે **''પરિચર્યા''** કહેવાય અને **''ઉપચાર''**નું તાત્પર્ય છે- શક્યતાનુસાર ષોડશોપચાર. આમ અનેક વિકલ્પ શ્રીમદાચાર્યચરણે સૂચવ્યા છે.

શ્રી મહાપ્રભુજી સ્પષ્ટવક્તા છે. તેથી ઉપરોક્ત વચનમાં **''પૂજા''** વિશે ગેરસમજ ન થાય તે હેતુથી તેમણે ખુલાસો કર્યો છે કે વેદ તંત્રાદિમાં રહેલી પૂજા **'ભક્તિ'** નથી. ભક્તિમાર્ગમાં **'પુરુષોત્તમ'** જ સેવ્ય છે, જ્યારે પૂજામાર્ગમાં અન્ય દેવતાઓ પૂજાય છે. ભક્તિમાર્ગમાં પુરુષોત્તમ કેવળ ભક્તિને આધીન છે, જ્યારે પૂજામાર્ગમાં દેવતાઓ મંત્રાધિન છે. પૂજાનું ફલ બ્રહ્મલોકાદિ છે, જ્યારે ભક્તિનું ફલ તો ભગવાન પોતે જ છે. તેથી અહીં **'સેવા'** મુખ્ય છે. તદર્થ મંત્રમાત્રથી માનસ પૂજામાં તત્પર થઈ જવું જોઈએ નહીં. આથી કોઈએ 'પૂજા' શબ્દથી ગેરમાર્ગે દોરવાઈ જવું જોઈએ નહીં, અને 'પૂજા' તથા 'સેવા'ના ભેદને સારી રીતે સમજી લેવો જોઈએ.

વધુ સ્પષ્ટતા કરતાં તેઓ કહે છે કે 'લોકમાં જે વસ્તુ ક્લિષ્ટ ગણાતી નથી પરંતુ જે અત્યંત ઈષ્ટ હોય અર્થાત્ ઉત્તમોત્તમ હોય તેવા પદાર્થોથી ભગવદ્ સેવા કરવી' કારણ કે અંતઃકરણને પ્રિય પદાર્થના સમર્પણથી જ પ્રભુ પ્રસન્ન થાય છે (કા. ૨૩૬). **'ક્લિષ્ટ'** શબ્દનું તાત્પર્ય છે કે જે પદાર્થો મેળવવામાં ક્લેશ થવાનો સંભવ હોય તેનો ત્યાગ કરવો, અર્થાત્ સન્માર્ગે ઉપાર્જીત કરેલા પદાર્થો જ પ્રભુને અંગીકાર કરાવવા જોઈએ. વળી સમય મર્યાદાને પણ આપણા જીવનની અનુકુળતા મુજબ કરવા માટે કહે છે કે અનુકુળતાનુસાર એક સમય, બે સમય કે ત્રણ સમયે ભગવાનની સમીપ ઉપસ્થિત થઈ યથા યોગ્ય ભગવદ્ સેવન કરવું (કા. ૨૩૭). તેઓ સમજાવે છે કે વસ્ત્ર પ્રક્ષાલનાદિ કરીને સ્વયં જ ભક્તિથી ભગવદ્-દાસ થઈને પરિચર્યા કરવી. અહીં પૂજાનું તાત્પર્ય સેવાના અર્થમાં જ છે.

બીજો મહત્ત્વનો ખુલાસો શ્રી મહાપ્રભુજીએ ગૃહસ્થ જીવનની વાસ્તવિકતાને અનુલક્ષીને કરતાં કહ્યું છે કે પોતાના નિર્વાહ હેતુ આજીવિકાનું સાધન કરવું પ્રત્યેક વ્યક્તિ માટે આવશ્યક હોય છે. તદર્થ એક પ્રહર (ત્રણ કલાક) સેવામાં વ્યતીત કરી બાકીના સમયમાં અનિષિદ્ધ ઉપાયથી અર્થોપાર્જન કરવું જોઈએ. ગીતામાં ભગવાને કરેલા વિધાન **''યોગક્ષેમં વહામ્યહમ્''** અનુસાર દૃઢ વિશ્વાસ રાખી આજીવિકાનો ઉપાય કરવો જોઈએ. તેવા સમયે ભગવાનથી વિમુખ ન થઈ જવાય તે માટે શ્રીમદ્ ભાગવતના અનુસંધાન રાખવાનો તેમણે ઉપદેશ આપ્યો છે. (કા. ૨૩૨).

શ્રી મહાપ્રભુજી કેટલા વાસ્તવવાદી આચાર્ય છે તે તેમના **''સ્વધર્માચરણં શક્ત્યા વિધર્માચ્ચ નિવર્તનમ્''**ના ઉપદેશથી સમજી શકાય છે. તેઓ કહે છે કે **'સ્વધર્મ'**નું અર્થાત્ જે વર્ણ (બ્રાહ્મણ, વૈશ્યાદિ) તથા આશ્રમ (ગૃહસ્થાદિ) પ્રમાણે આવશ્યક દેહધર્મોનું યથાશક્તિ આચરણ કરવું જોઈએ. સાથે સાથે એમ પણ આજ્ઞા કરે છે કે નિષિદ્ધ કર્મ (જે કર્મ કરવાથી સ્વધર્મનો બાધ થાય)થી સર્વથા દૂર રહેવું. તે સાથે ઈન્દ્રિયોના નિગ્રહની આવશ્યકતા પણ તેમણે બતાવી છે. (કા. ૨૩૮).

**આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે શ્રી મહાપ્રભુજી એક એવા વિલક્ષણ ગુરુ છે કે જેમણે માનવ જીવનની પ્રત્યેક પરિસ્થિતીનો વિચાર કરી અનેક વિધાન પોતાના વિભિન્ન ગ્રંથોમાં કર્યા છે, જેના અધ્યયનથી 'પુષ્ટિજીવ'ને પુષ્ટિમાર્ગ પર ચાલવાની ઉત્કંઠા હોય અને તેના દ્વારા તેમણે બતાવેલ ફલ પ્રાપ્તિ કરવાની તત્પરતા હોય તે તેને તદનુસાર જીવન જીવવા માટે ઉચિત માર્ગદર્શન મળી રહેશે !**

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ષોડશ ગ્રંથ-સાધન પ્રકરણ એવમ્ સુબોધિનીજી ઈત્યાદિના અનેક વચનોથી આપણે સમજી શકીએ છીએ કે તેમણે **'પુષ્ટિ સંપ્રદાય'ને પ્રવર્તિત કરતાં પહેલા જ, કારણ કે તેમનું**

**દૈવીજીવોના ઉદ્ધારનું લક્ષ હતું, તેથી તેઓના જીવનની વાસ્તવિકતાનો સંપૂર્ણ રીતે વિચાર કરીને, તે માટેના આવશ્યક ઉપદેશ તેમણે પોતાના ગ્રંથો દ્વારા આપેલા છે.** તદુપરાંત, ધ્યાનમાં લેવા જેવી હકીકત એ છે કે **તેમની આજ્ઞાઓ માત્ર તર્કસંગત જ નહીં પરંતુ શાસ્ત્રીય વચનો પર આધારિત છે. અર્થાત્ તે મનઘડંત નથી, પ્રમાણિત અને પ્રમાણિક છે.**

આ વાતનું પ્રમાણ તેમણે સ્વીકારેલ '**પ્રમાણ ચતુષ્ટય**'માં કરેલા ખુલાસાથી થાય છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે તેમની વાણી 'અંધશ્રદ્ધા' પ્રેરિત નહીં, પરંતુ સર્વ સ્વીકૃત ભારતીય ભગવદ્-શાસ્ત્રોના આધારે રજૂ કરાયેલી '**સત્ય-વાણી**' છે. આપણા શાસ્ત્રોમાં વિશ્વાસ ધરાવવો તે '**શ્રદ્ધા**' છે, અંધશ્રદ્ધા નથી. કારણ કે વેદાદિ શાસ્ત્રો '**સ્વતઃપ્રમાણ**' છે, તેને પુરવાર કરવાની આવશ્યકતા ન હોય. તદર્થ તે સ્વીકાર્ય જ હોય. તેથી જ તેમણે પોતે પ્રતિપાદિત કરેલા '**કૃષ્ણ સેવા સદા કાર્યા**'ના સિદ્ધાંતને પણ પોતાના અનુયાયીઓને '**અંધશ્રદ્ધાપૂર્વક**' સ્વીકારી લેવાની આજ્ઞા ન કરતાં પોતાના નિબંધ ગ્રંથની શરૂઆતમાં જ તેઓએ "**શાસ્ત્રમ્ અવગત્ય મનોવાગ્દેહૈઃ કૃષ્ણ સેવ્યઃ**"નો ઉપદેશ આપ્યો છે. સામાન્યતઃ આપણા 'ગુરુ' તરીકે તેમના વચનો આપણે માટે શિરોધાર્ય જ હોય, તેમ છતાં, તેમાં સંપૂર્ણ વિશ્વાસ બેસે, તેમાં આપણી નિષ્ઠા રહે, તે માટે જ તેઓ પોતાની આજ્ઞાનું પાલન કરતાં પહેલાં, શાસ્ત્રોને સારી રીતે જાણી-સમજી લેવાનું સૂચન કરે છે. કેટલા નિખાલસ છે - મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી !

**જ્યારે તેઓ જ શાસ્ત્ર-આજ્ઞાને સમજીને પછી પોતાના વચન અનુસાર વ્યવહારની અપેક્ષા અનુયાયીઓ પાસે રાખે છે, ત્યારે વર્તમાનમાં પ્રવર્તિત 'ગુરુદ્વાર'ની આજ્ઞાને 'બ્રહ્મ-વાક્ય' માની લેવાના કે મનાવી લેવાની, 'ગુરુ-આજ્ઞા' સમજી લેવાની અને જેની અવહેલનાને 'અપરાધ કે દોષ' રૂપ ગણવાની અનુયાયીઓની માનસિકતા કેટલી ઉચિત છે ?** તેનો વિચાર કરવો જોઈએ તેવી આજ્ઞાઓ વિશેના પ્રમાણના અથવા તદ્વિષયક યથાર્થ

સમજણના અભાવમાં તેનું આચરણ તે માત્ર **'અંધવિશ્વાસ'**નું રૂપ ધારણ કરે છે તેથી આજે એવી અનેક સાંપ્રદાયીક ગતિવિધીઓનું પ્રચલન પુષ્ટિમાર્ગમાં જોવા મળે છે, જેનું ન તો કોઈ સૈદ્ધાંતિક મૂલ્ય હોય છે ન તેનું મહત્ત્વ કે ન તેની પ્રમાણિત ફલદાયીતા હોય છે.

આજે જ્યારે મહદ્ અંશે આવી સ્થિતી દશ્યમાન થાય છે ત્યારે 'ભગવાન' રૂપ 'પરમ ફલ'ની આકાંક્ષા સેવતા પુષ્ટિજીવો માટે એ આવશ્યક છે કે તેઓએ પ્રચલીત માન્યતાઓ/આજ્ઞાઓમાં માત્ર અંધવિશ્વાસ રાખી કે ભયગ્રસ્ત થઈ, તેને **'ફેસવેલ્યુ'** પર ન સ્વીકારતા, તેની યથાર્થતાને સમજીને તદનુસાર પુષ્ટિ-સંપ્રદાયનું અનુસરણ કરવું જોઈએ! પોતાના દીક્ષા-દાતા આચાર્યશ્રીની આજ્ઞામાં શ્રધ્ધા ધરાવતાં સાથે તેની યથાર્થતાને પણ શ્રી મહાપ્રભુજીના વચનના સંદર્ભમાં સારી રીતે સમજવા પ્રયાસ કરવો આવશ્યક છે.

શ્રી મહાપ્રભુજી **'ચતુઃશ્લોકી'** ગ્રંથમાં કહે છે- **''પ્રભુ સર્વ સમર્થો હી તતો નિશ્ચિતતા વ્રજેત''**. અર્થાત્ પુષ્ટિ પુરુષોત્તમ પ્રભુ સર્વ પ્રકારે સમર્થ છે. આપશ્રીના આ વચનના મહત્ત્વને સારી રીતે સમજવું જોઈએ. આપણે જાણીએ છીએ કે તેઓ શ્રી કૃષ્ણને **'પરબ્રહ્મ'** બતાવે છે- **''પરબ્રહ્મ તુ કૃષ્ણો હી''** (સિ.મુ.), કારણ કે ભાગવત કહે છે- **''કૃષ્ણસ્તુ ભગવાન સ્વયં''**, જ્યારે અન્ય દેવતાઓ/અવતારો ભગવાનના અંશ-કલાવતારો છે, તદર્થ તેમનું મર્યાદિત સામર્થ્ય તેમજ અધિકાર હોય છે. પરંતુ 'કૃષ્ણ' સ્વયં **'અવતારી'** છે, તેથી તેઓ અબાધિત-સંપૂર્ણ સામર્થ્ય ધરાવે છે. તદર્થ, શ્રી મહાપ્રભુજી, અનન્યતા પૂર્વક શ્રી કૃષ્ણને ભજવાની આજ્ઞા કરે છે. ભગવાને તેવી જ આજ્ઞા ગીતામાં પણ અર્જુનને કરેલી- **''મામેકં શરણં વ્રજ''** મારા એકલાને શરણે તું આવ ! આ વચન સાર ગર્ભિત છે. તેથી શ્રી કૃષ્ણ જ પુષ્ટિજીવોના એકમાત્ર આરાધ્ય હોઈ શકે છે, છે જ, કારણ કે પુષ્ટિજીવોની ઉત્પત્તિ જ 'કૃષ્ણ'ની સેવા માટે થઈ છે, તે વાત શ્રી

મહાપ્રભુજીએ **'પુષ્ટિપ્રવાહમર્યાદા ભેદ'** ગ્રંથમાં સમજાવી છે.

માટે જેમણે સર્વ સમર્થ શ્રી કૃષ્ણની શરણાગતિ સ્વીકારી હોય તેવા પુષ્ટિજીવો સ્વાભાવિક રૂપે જ સંપૂર્ણપણે નિર્ભય જ હોય સાથે સાથે શ્રીમદાચાર્યચરણ જેવા સક્ષમ ગુરુ અને સાક્ષાત્ પરબ્રહ્મ શ્રી કૃષ્ણ જેમના 'ઈષ્ટ' હોય તેમણે નિશ્ચિત રહેવું જોઈએ.

પરંતુ એવી નિશ્ચિતતા ત્યારે જ આવી શકે જ્યારે આપણે 'ગુરુ' શ્રી વલ્લભાધીશની તથા સ્વયં ભગવાન શ્રી કૃષ્ણની મન-વચન-કર્મ દ્વારા શરણાગતિ સ્વીકારીએ. **'ગુરુની શરણાગતિ'નું તાત્પર્ય છે કે આપણે તેમની આજ્ઞાઓના પાલન માટે તત્પર હોઈએ, તદનુસાર આપણું વ્યવહાર-વર્તન હોય.** જ્યાં સુધી આપણે તેમના ઉપદેશોનું પાલન ન કરીએ ત્યાં સુધી આપણે તેમની શરણાગતિ સ્વીકારી કહેવાય નહીં. અર્જુને પણ ભગવાને ગીતામાં અંતમાં કરેલી **''મામેકં શરણં વ્રજ''**ની આજ્ઞાનો પ્રતિભાવ આપતાં કહેલું ''**કરિષ્યે વચનં તવ**'', અને તદનુસાર તેણે યુદ્ધ લડ્યું, તો તે વિજયી થયો. તેવી જ રીતે આપણે પણ શ્રી મહાપ્રભુજીને કહેવું જોઈએ- **'કરિષ્યે વચનં તવ'**, અને તેમના ઉપદેશોનો અમલ કરવા કૃતનિશ્ચયી થઈ તદનુસાર આચરણ કરવું અનિવાર્ય ગણાય !

શ્રી મહાપ્રભુજીએ દેશ-કાલની પરિસ્થિતીને અનુલક્ષીને પોતાના **'કૃષ્ણાશ્રય'** સ્તોત્રમાં પુષ્ટિજીવો માટે પણ 'કૃષ્ણ'ના દૃઢ આશ્રય સિવાય અન્ય કોઈ ઉપાય ન હોવાનું વિસ્તારથી સમજાવ્યું છે. તેમણે સાધન પ્રકરણમાં પણ એજ વાત કહી છે કે ''**કાલદોષને લીધે જીવોની શક્તિઓનો હ્રાસ થયેલો હોઈને આધુનિક સમયમાં વેદનો અભાવ થવાથી સર્વે ધર્મનો અભાવ છે.**'' (કા. ૨૧૩). તદર્થ તેમણે સમજાવ્યું છે કે આવી પરિસ્થિતીમાં ભાગવત-માર્ગે ભગવાન કૃષ્ણનું ભજન નિરંતર કરનારો જ કળિયુગમાં તરી શકશે.

જો આપણે આજ્ઞાનું પાલન, તદનુસાર આચરણ ન કરીએ તો શ્રી

મહાપ્રભુજીની **'ગુરુ દ્રોહ'**નો અપરાધ લાગી શકે છે. માટે, તેનાથી બચી, તેમના ઉપદેશ મુજબ ભગવાન શ્રી કૃષ્ણની બિન-શરતી શરણાગતિના સ્વીકાર પૂર્વક **'અષ્ટાક્ષર મંત્ર'**નું રટણ અને નિષ્ઠાપૂર્વક તેમનું સેવન જ નિશ્ચિતપણે તેમની પ્રાપ્તિ કરાવી શકે છે.

ઉપરોક્ત અનેક વચનોથી સ્પષ્ટતયા સમજી શકાય છે કે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી જ પુષ્ટિ-સંપ્રદાયમાં સમસ્ત વલ્લભીય સૃષ્ટિના **'આદ્ય ગુરુ'** છે, જેઓ શ્રી વલ્લભાષ્ટકમાં શ્રી ગુસાંઈજી આજ્ઞા કરે છે તેમ **''વસ્તુતઃ કૃષ્ણ એવ''** હોવાથી સ્વાભાવિક રીતે **'દેશ-કાલ અપરિચ્છિન્ન'** છે. તેઓ સદાકાળ બિરાજમાન છે. તેનું પ્રમાણ તેમના એક સેવક ભગવાનદાસની વાર્તામાં મળે છે. શ્રી મહાપ્રભુજીએ આસૂરવ્યામોહલીલા કરી તે પછી જ્યારે કોઈકે તેમને હાજીપુરમાં સમાચાર આપ્યા ત્યારે તેમને તે વાત માની નહી. પોતાના ઘરના ચોતરા ઉપર જઈને જોયું તો તેને આપશ્રીના સાક્ષાત્ દર્શન થયા હતા. વર્તમાનમાં પણ શ્રી મહાપ્રભુજી નિજ વંશમાં બિરાજી પોતાની **'દૈવોદ્ધાર પ્રયત્નાત્મા'**ની ભૂમિકા નભાવી રહ્યા છે. **તેથી અનુયાયી પુષ્ટિજીવો એ સમજવું જોઈએ કે સ્વયં શ્રી મહાપ્રભુજી પોતાના સિદ્ધાંત વિરુદ્ધ ન તો કોઈ આજ્ઞા કરે, ન કોઈ વિપરીત ઉપક્રમનો નિર્દેશ કરે! તદર્થ જ્યાં તેવી વિપરીતતા દેખાતી હોય તો તે શ્રી મહાપ્રભુજીની આજ્ઞા ન હોય તેમ જાણવું.**

તેમ છતાં, વર્તમાનમાં અનેક બાબતોને અનુલક્ષીને 'ગુરુદ્વાર' રૂપ વલ્લભકુલ આચાર્યશ્રીઓ દ્વારા ક્યારેક પરસ્પર વિરોધી અથવા શ્રી મહાપ્રભુજીની ગ્રંથસ્થ આજ્ઞા કે તદ્વિષયક સિદ્ધાંતોથી સુસંગત ન હોય તેવા વિધાનો/નિર્દેશ અપાતા જોવા મળે છે. જ્યારે સંપ્રદાયનું અનુસરણ કરવા માટે શ્રી મહાપ્રભુજી દ્વારા નિર્દિષ્ટ ઉપદેશ જ જો માર્ગદર્શક હોય, અને તેનું પાલન કરવું સ્વાભાવિક રીતે અનુયાયીઓ માટે અનિવાર્ય જ હોય, કારણ કે અગાઉ જોયું તેમ, પુષ્ટિમાર્ગે ચાલવાની પૂર્વ શરત રૂપે

પ્રથમ તેમની શરણાગતિ સ્વીકારવી આવશ્યક છે, જેનો નિર્દેશ/ઉપદેશ વલ્લભકુલ આચાર્યશ્રીઓ પણ પોતાના વચનામૃતો/પ્રવચનોમાં આપતાં જ હોય છે, એટલે જ્યારે સ્વયં શ્રી મહાપ્રભુજીના ગ્રંથસ્થ વચન એક વાત કહેતાં હોય અને કોઈ આચાર્યશ્રી કોઈ અન્ય આજ્ઞા કરી રહ્યા હોય ત્યારે એક વિરોધાભાસની સ્થિતી ઉત્પન્ન થાય છે. એવી પરિસ્થિતીમાં અનુયાયી વર્ગ માટે મૂંઝવણ ઊભી થતી હોય છે, કારણ કે તે શ્રી મહાપ્રભુજીનો સેવક 'ગુરુદ્વાર' રૂપ કોઈ વલ્લભકુલ આચાર્યશ્રી દ્વારા જ બનેલો હોય છે. જોકે તે દીક્ષાદાતા આચાર્યશ્રી દ્વારા **'શ્રી વલ્લભનો સેવક'** બન્યો છે તેવી સભાનતા મહદ્ અંશે બહુ ઓછાને હોય છે.

અજ્ઞાનવશ એવું પણ મોટાભાગે બનતું હોય છે કે કોઈક વલ્લભકુળ આચાર્યશ્રી દ્વારા બ્રહ્મસંબંધની દીક્ષા ગ્રહણ કરવાના કરણે અનુયાયી પોતાને શ્રી મહાપ્રભુજીનો કે પ્રભુનો સેવક ન માનતા દીક્ષાદાતા આચાર્યશ્રીને જ પોતાના સાચા ગુરુ માની લેતો હોય છે, અને તેમના સેવક હોવાનો અહં પાળતો હોય છે. **પરિણામ સ્વરૂપે, શ્રી મહાપ્રભુજીની આજ્ઞાના ઉલ્લંઘનની દરકાર કર્યા વિના પોતાના દીક્ષાદાતાની અવજ્ઞા ન થાય, અને તદર્થ તેમનો અપરાધ ન પડે અથવા તેમની અવકૃપા ન થાય, તે માટે સતર્ક રહેતો હોય છે. આજે આવી વાસ્તવિકતા સર્વત્ર જોવા મળે છે.**

હકીકતમાં જોઈએ તો વર્તમાનમાં નિષ્ઠાવાન પુષ્ટિજીવો દ્વારા પણ સંપ્રદાયનું અનુસરણ શ્રી મહાપ્રભુજીના યથાર્થ સિદ્ધાંતોને સમજીને નહીં, પરંતુ પોતાના દીક્ષાદાતા વલ્લભકુળનો ક્યાંક અપરાધ ન થઈ જાય, તેવી સતર્કતા અને માનસિકતા સાથે કરવામાં આવતું જોવા મળે છે. ત્યારે તેની ફલદાયિતા કેટલી હોઈ શકે તે સમજવું જરૂરી ગણાય, કારણ કે સર્વોત્તમજીમાં એક નામ **'ગુરુ'** પ્રમાણે શ્રી મહાપ્રભુજી જ પુષ્ટિ-ફલ આપવાનું સામર્થ્ય ધરાવે છે. આ હકીકતથી ઘણા અજાણ હોય છે. તેથી સ્વાભાવિક રીતે શ્રી મહાપ્રભુજીમાં આપણો એકનિષ્ઠ 'ગુરુભાવ' હોવો

અને તેમની આજ્ઞાઓનું પાલન કરવાની તત્પરતા પ્રત્યેક પુષ્ટિજીવ માટે આવશ્યક છે.

અજ્ઞાન મનુષ્યને કમજોર બનાવે છે, એ હકીકત છે. તેના કારણે મનમાં અપરાધનો હીનભાવ ઉત્પન્ન થતો હોય છે. તેથી ભયની લાગણી ઉદ્ભવે છે. ભયના કારણે આપણો વિશ્વાસ ડગી જાય છે. તેનાથી વિપરીત જ્ઞાન મનુષ્યમાં આત્મવિશ્વાસ પેદા કરે છે, આપણા કાર્યમાં સાચી શ્રદ્ધા જગાડે છે. શ્રી મહાપ્રભુજીએ પોતાનો સેવક નિષ્ઠાપૂર્વક તેમજ સમજણ સાથે તેમની **"કૃષ્ણ સેવા સદા કાર્યા"**ના ઉપદેશને અનુસરે તે હેતુથી જ તેમણે નિબંધ ગ્રંથમાં **'કૃષ્ણ સેવા'**ની પૂર્વાશ્યકતા રૂપે **"શાસ્ત્રમ્ અવગત્ય"**ની આજ્ઞા કરી છે. કૃષ્ણ સેવા કરતા પૂર્વે શાસ્ત્રોને/ગ્રંથોને સારી રીતે સમજવાનો ઉપદેશ કર્યો છે.

વર્તમાનમાં શ્રીમદાચાર્યચરણ કરતા પુષ્ટિ-સંપ્રદાયના અનુયાયીઓને નિજવંશમાં બિરાજી બ્રહ્મસંબંધ કરાવે છે તેમજ સેવાર્થે **'ભગવદ્ વિગ્રહ'** પધરાવી આપે છે. પરંતુ તેઓ તદર્થ **'તત્ત્વબોધ અને સિદ્ધાંત બોધ** ઈત્યાદિની આજ્ઞા તો પોતાના **'વાઙમય સ્વરૂપ'**થી ગ્રંથો દ્વારા જ આપે છે. એજ તાત્પર્ય હોવું જોઈએ, તેમની **"શાસ્ત્રમ્ અવગત્ય"**ની આજ્ઞાનું તે સમજી શકાય છે. આ સંદર્ભમાં તેમણે નિબંધ ગ્રંથના સર્વનિર્ણય પ્રકરણમાં કરેલ 'ગુરુ'ના લક્ષણનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે, તેમજ તેવા ગુરુના અભાવમાં જાતે શ્રી કૃષ્ણના સ્વરૂપને પધરાવી 'સેવા' કરવાની આજ્ઞા આપી છે તે ખૂબ જ અર્થ સભર જણાય છે.

**જો આપશ્રીની આજ્ઞા અનુસાર અનુયાયી સ્વયં તેમના ગ્રંથોનો અભ્યાસ કરી પોતાના આધ્યાત્મિક જીવનની રાહ પર પ્રસ્થાન કરે, તો અહીં અગાઉ ચર્ચા કરી તે મુજબ તેમના ષોડશ ગ્રંથો, નિબંધ ઈત્યાદિ ગ્રંથોમાંથી સાચું માર્ગદર્શન મળી શકે છે, અને પુષ્ટિમાર્ગ પર ચાલવા પડતી વ્યવહારીક મુશ્કેલીઓનું સમાધાન થઈ શકે છે.**

હકીકતમાં તો સંપ્રદાયનો અનુયાયી પુષ્ટિમાર્ગને યથાર્થ રૂપે સમજવા અને તેને અનુસરવા માટે 'ગુરુદ્વાર' રૂપ વલ્લભકુલ આચાર્યશ્રીઓ પાસેથી વિભિન્ન પ્રકિર્ણ ગ્રંથોમાં શ્રીમદાચાર્યચરણે કરેલી વિવિધ આજ્ઞાઓના યથાર્થ ખુલાસાની જ અપેક્ષા સેવતો હોય છે. તે ઉચિત પણ છે, કારણ કે તેમનામાં શ્રી મહાપ્રભુજીનો દિવ્ય અંશ વિદ્યમાન હોઈ, તેઓ ગ્રંથોનું સાચું અર્થઘટન કરી શકે છે અને અનુયાયીને યોગ્ય માર્ગદર્શન આપી શકે. પરંતુ તેને માટે સ્વયં શ્રી મહાપ્રભુજીએ તેમની 'ગુરુ' તરીકેની ભૂમિકાની પૂર્વશરત રૂપે ચોક્કસ લક્ષણોની અપેક્ષા સેવી છે, જેનો ઉલ્લેખ તેમણે નિબંધના સર્વનિર્ણય પ્રકરણમાં સ્પષ્ટપણે કર્યો છે (કારિકા ૨૨૭), જેની ચર્ચા આપણે અગાઉ વિસ્તારથી કરી છે, તેવા લક્ષણો આત્મસાત્ કરવાની અનિવાર્ય આવશ્યકતા ગણાય, જેથી તેઓ 'ગુરુદ્વાર' રૂપ ભૂમિકા યથાર્થ રૂપે નિભાવી શકે. તદર્થ, તેમણે પણ યોગ્ય 'ગુરુ' પાસેથી શાસ્ત્રો/ગ્રંથોનું તલસ્પર્શી જ્ઞાન મેળવવું જોઈએ. આપણે જાણીએ છીએ કે સ્વયં શ્રી મહાપ્રભુજીએ તેમજ પ્રભુચરણ શ્રી ગુસાંઈજીએ પણ નિષ્ણાત ગુરુ પાસે વિધિવત્ વિદ્યાભ્યાસ કરેલો, જે સર્વ વિદિત છે.

જો આ પ્રકારની યથોચિત પરિપાટી જળવાઈ રહેલ હોત તો પુષ્ટિ સંપ્રદાય તેના પ્રસ્થાપક મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી દ્વારા સ્થાપિત મુલ્યો અને તેમણે પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતો અનુસાર પ્રવર્તિત હોત, અને વર્તમાનમાં પ્રવર્તે છે તેવી સ્થિતી કે કોઈ સમસ્યા ઉદ્ભવી જ ન હોત. પરંતુ દૈવયોગથી વર્તમાન પરિસ્થિતી અનેક પ્રકારે વિપરીત થયેલી અનુભવી શકાય છે. તેની વિસ્તૃત ચર્ચા અત્રે અપેક્ષિત નથી, પરંતુ તે વાસ્તવિકતાનો સ્વીકાર કરવો આવશ્યક છે. સ્વયં શ્રી મહાપ્રભુજીના નિર્દેશ મુજબ જે પુષ્ટિજીવોને પરમ ફલની વાંછના છે તેમણે સર્જાયેલી પરિસ્થિતીમાં ગેરમાર્ગે ન દોરવાતાં, શ્રી મહાપ્રભુજી તરફ પાછા વળવાની આવશ્યકતાને અવગણી શકાય નહીં.

**''દમલા, યહ માર્ગ તેરે લિયે પ્રકટ કિયા હૈ,''** શ્રી મહાપ્રભુજીના શ્રી દામોદરદાસ હરસાનિજીને કહેલા એ વચન સાર-ગર્ભિત જણાય છે. પુષ્ટિજીવે તેના પર ધ્યાન આપવું જરૂરી છે. આપણે જાણીએ છીએ તેમ આપશ્રીનો પ્રાદુર્ભાવ સમસ્ત પુષ્ટિજીવોના ઉદ્ધારાર્થે થયેલ છે, માત્ર શ્રી હરસાનિજી માટે જ નહીં. તેથી સમજી શકાય કે શ્રી હરસાનિજીને સંબોધીને કહેલા ઉપરોક્ત વચન આપે પુષ્ટિજીવોને અનુલક્ષીને કહ્યા હોવા જોઈએ. આનો ખુલાસો વાર્તા-પ્રસંગમાંથી મળે છે. ત્યાં કહ્યું છે- **''શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ પોતાનો ભક્તિમાર્ગ દામોદરદાસના હૃદયમાં સ્થાપન કરેલો હતો... તેથી વૈષ્ણવના હૃદયમાં સ્થાપન કરે તો આગળ તે વૈષ્ણવોમાં ફળે. જો શ્રી ગુસાંઈજીના હૃદયમાં સ્થાપન કરે તો ગોકુલમાં જ ધર્મ રહેત.''**

જો શ્રી મહાપ્રભુજીએ ભક્તિમાર્ગ 'પુષ્ટિજીવો' માટે પ્રકટ કર્યો હોય તો પુષ્ટિજીવોનું એ દાયિત્વ બને છે કે તેનું રક્ષણ કરે, તેને અનુસરે. પુષ્ટિમાર્ગ તદંતર્ગત શ્રીમદાચાર્યચરણે સ્થાપેલા સિદ્ધાંતો/મૂલ્યોની જાળવણીની જવાબદારી સ્વયં પુષ્ટિજીવોની છે, જે તેમના દ્વારા નિર્દિષ્ટ ઉપદેશોના પાલનથી જ વહન કરી શકાય, અને તેમણે કરવી જોઈએ.

કાળક્રમે જો શ્રી મહાપ્રભુજીએ પ્રવર્તિત કરેલા માર્ગની ગતિવિધીઓમાં કોઈ પણ કારણસર બદલાવ આવ્યો હોય તો પણ સાચા પુષ્ટિજીવોનું નૈતિક કર્તવ્ય શ્રી મહાપ્રભુજીને વફાદાર રહેવાનું જ હોય, કેમ કે તેવા હેતુથી જ તેમણે સંપ્રદાયનું રહસ્ય શ્રી દામોદરદાસજીના હૃદયમાં તેમણે સ્થાપિત કરેલું છે, જે ઉપરોક્ત વાર્તા પ્રસંગમાં સ્પષ્ટ થાય છે.

ઉપરોક્ત વિભિન્ન શાસ્ત્રો/ગ્રંથો ઈત્યાદિના સર્વે વચનો/પ્રમાણો તેમજ ખુલાસાઓથી એ સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે વર્તમાન વિપરીત પરિસ્થિતી, શ્રીમદાચાર્યચરણના તેમના અંતિમ ગ્રંથ શિક્ષાશ્લોકીમાં

કહેલા વચન **"યદા બહિર્મુખા યુયં ભવિષ્યથ કથંચન..."** ઈત્યાદિ ઉપદેશોની અવહેલનાના કારણે ઉદ્ભવેલી જણાય છે. તેના પરિણામ સ્વરૂપ તેમની 'બિંદુસૃષ્ટિ' રૂપ 'ગુરુદ્વાર' પાસેથી જો યથાર્થ માર્ગદર્શન મેળવવામાં મુશ્કેલી અનુભવાતી હોય અને તેના કારણે પુષ્ટિજીવોને ભટકી જવાનો ભય ઊભો થતો હોય તો સ્વયં શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે તેમ **"યોગ્ય લક્ષણવાળા ગુરુના અભાવમાં પુષ્ટિજીવે જાતે ભગવદ્ વિગ્રહ પધરાવી, તેમને 'આ મારા સ્વામી છે' તેવો ભાવ રાખી પોતાના દાસ ધર્મને નભાવવો જોઈએ."** (નિ.સ.નિ. કારિકા ૨૨૮) અને તે પ્રમાણે તેમની આજ્ઞાનું પાલન કરી પોતાનો ઉત્કર્ષ સાધવો જોઈએ !

ભગવાન સ્વયં ગીતાજીમાં કહે છે- **"ઉદ્ધારેવાત્મનાત્માનમ્ નાત્મનવસાદયેત, આત્મૈવહ્યાત્મનો બંધુરાત્મૈવ રિપુરાત્મનઃ" અર્થાત્ પ્રત્યેક મનુષ્ય પોતે જ પોતાનો મિત્ર અને શત્રુ હોઈ પોતાનો ઉદ્ધાર કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ, અધોગતિ થવા દેવી ન જોઈએ.**

**તદર્થ, જેમ આ ચર્ચાના આરંભમાં આપણે જોયું કે ભૂલથી કે ભ્રમણાથી આપણે કોઈ ભળતી ગાડીમાં ચડી બેઠા હોઈએ તો યથા સમયે ઉપરોક્ત આચાર્ય-વચનો દ્વારા ચેતીને યોગ્ય રાહ પકડી લેવો એજ આપણા હીતમાં ગણાય! તેથી જ જરૂરી છે કે જો આપણે ભટકી ગયા હોઈએ તો સમયસર "શ્રી વલ્લભ પ્રતિ પાછા વળીએ !"**

* * *




પુષ્ટિમાર્ગના આદ્યગુરુ
શ્રી વલ્લભાચાર્યજી વર્તમાનમાં
નિજ વંશજો દ્વારા પુષ્ટિજીવોને શરણે લે છે.
વાંગ્મય સ્વરૂપે પુષ્ટિજીવોને સિદ્ધાંત સમજાવે છે.

॥ 'શ્રીમદ્‌વલ્લભ' નામ ધેય સદશો ભાવી ન ભૂતોઽસ્ત્યપિ ॥

KHUSHI MULTI PRINTS
A'bad. Ph. 09227504555